




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પાવન શ્રધ્ધાંજલિ

ગાયત્રી તપોભૂમિ મથુરાના વ્યવસ્થાપક અને પત્રિકાના સંપાદક **શ્રી પંડિત લીલાપત શર્માજી ૧૪ મે ૨૦૦૨ ના બ્રહ્મલીન થઈ ગયા.** આ દુઃખદ ઘટનાથી સમસ્ત ગાયત્રી પરિવાર ને હાર્દિક આઘાત પહોંચ્યો છે. તેઓ ગાયત્રી પરિવારના સંરક્ષક અને વડિલ અભિભાવક હતાં. એમનું સંરક્ષણ અને આશીર્વાદ બધા જ પરિજનોને નિરંતર મળતું હતું અને મળતું રહેશે.

પૂજ્ય પંડિતજીનાં ન રહેવા ઉપર અમારી સાચી શ્રધ્ધાંજલિ એ જ હોવી જોઈએ કે અમે પૂ. પંડિતજીના સંદેશને હૃદયમાં ધારણ કરી અને એમના આદેશ અનુસાર પૂજ્ય ગુરૂદેવનાં સાહિત્યને જ્ઞાનયજ્ઞ રૂપે ઘરે-ઘર પહોંચાડવા સમય, શ્રમ, ધનનો એક અંશ નિરંતર લગાવતા રહીશું.

**હાર્દિક સંવેદના પૂર્વક શ્રધ્ધાંજલિ**

સમસ્ત
ગાયત્રી પ્રજ્ઞા પરિજનો.

## સુવર્ણ જયંતી વર્ષમાં સ્થાયી પ્રચારક બનો

*પૂજ્ય ગુરૂદેવે કહ્યું છે કે ઋષિઓએ પોતાના લોહીનાં ટીપે ટીપાંથી ઘડો ભર્યો હતો, જેનાથી સીતાજીનો ઉદ્ભવ થયો. આપે પણ સંસ્કૃતિની સીતા શોધવાની છે. સમાજ માટે, સંસ્કૃતિ માટે આપ પણ સમય, ધન, લોહી આપો. આપ પોતાને નીચવો તો ખરા. આપવાના નામે અંગુઠો બતાવો છો અને ત્યાગના નામે જીભ કાઢો છો. અમે પોતાને જાતે નીચવ્યું છે. સમાજ માટે ખર્ચ્યું છે. તો આજે જુઓ કયાંથી કયાં પહોંચી ગયા જો તમો સમાજ માટે કંઈ કરવા ઈચ્છો તો અમારૂં એક કામ જરૂર કરશો કે અમારા વિચાર, અમારી આગને લોકો સુધી પહોંચાડશો. અમે લેખક જ નથી. અમારા લખેલા શબ્દોમાં આગ નીકળે છે, વિચારોની, ભાવનાઓની, ક્રાંતિની આગ નીકળે છે અમો આગ કાઢીએ છીએ અમારી લેખનીથી, મગજથી, આંખોથી આગ નીકળે છે. આપ અમારી વિચારધારાની આગ, ભાવનાની સંવેદનાની આગને ઘેર-ઘેર પહોંચાડો. પોતે જાતે જ પહોંચાડો, નોકરથી નહિ, પોતાની સેવા દ્વારા આપ એક વાર જઈને તો જુઓ. આપના કામ, સમય, ધનની અને ભાવનાની સમાજને અત્યંત જરૂર છે. આપના ધનને ભૌતિકતામાં ન વાપરતાં શ્રેષ્ઠ કાર્યમાં ખર્ચ કરો.*

### *શું કરીએ ?*

*બધા જ પરિજનો ઝોલા પુસ્તકાલય અનિવાર્ય રૂપે ચલાવે. યુગ ચેતના સાહિત્ય સમાજમાં વિતરણ કરો. નવીન પ્રકાશિત ઋષિ ચિંતનના સાનિધ્યમાં ગ્રંથને ઘેર-ઘેર સ્થાપિત કરો અને કરાવો. અત્યાર સુધી પરિજન સાહિત્ય પહોંચાડવાનું કાર્ય એકલ-દોકલ કરે છે. આમને આમ અડધી શતાબ્દી થઈ ગઈ. ગાયત્રી તપોભૂમિના સુવર્ણ જયંતી વર્ષે અમારા પરિજનોને વિનંતી છે કે તેઓ સ્થાયી પ્રચારક બને. જે પરિજનોને યુગ ચિંતનનાં પ્રચાર-પ્રસારનું કાર્ય કરવું હોય તેઓ પોતાના નામ સરનામાં, ફોન નંબર સાથે પત્ર વ્યવહાર કરે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી


: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૫૩૦૩૯૯, ૫૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦-૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૩ અંક - ૬
પ્રકાશન તિથિ ૨૫-૫-૨૦૦૨
જૂન - ૨૦૦૨
એક અંક : રૂા. ૫-૦૦


## ગાયત્રી તપોભૂમિનું સુવર્ણજયંતી વર્ષ

પ્રચલિત પરંપરાઓમાં કોઈ ઉત્સાહવર્ધક અભિનંદનીય કાર્યની જયંતીઓ ઉજવવામાં આવે છે. પચીસ વર્ષે અને સો વર્ષે શતાબ્દી ઉજવવામાં આવે છે. આ આયોજનો પાછળ પાછલી સફળતા પર હર્ષ અને સંતોષ અનુભવવાનો તથા આગામી સમય માટે વધુ ઉત્સાહ-ઉલ્લાસ ભરવાનો ઉદ્દેશ રહે છે. આ સારી પરંપરા છે. મનુષ્ય પણ પોતાના અંગત જીવનમાં આવો જ હર્ષોત્સવ મનાવે છે. સફળ સંસ્થાઓ પણ આવાં આયોજનો કરે છે. ગાયત્રી પરિવારના સદસ્ય સન્ ૨૦૦૨-૨૦૦૩ના વર્ષને ગાયત્રી તપોભૂમિનું સુવર્ણજયંતી વર્ષ મનાવી રહ્યા છે અને એનો શુભારંભ ગાયત્રી જયંતી ૨૦ જૂન, ૨૦૦૨થી કરી રહ્યા છે. આ પછીની ગાયત્રી જયંતી ૧૦ જૂન, ૨૦૦૩ના રોજ આવશે. તે દિવસે ગાયત્રી તપોભૂમિ, મથુરાની સ્થાપનાને પચાસ વર્ષ પૂરાં થઈ જશે. આ સુવર્ણ જયંતી વર્ષ હંમેશ કરતાં કંઈક વધારે ઉત્સાહ-ઉલ્લાસ પ્રદર્શિત કરતાં વિભિન્ન આયોજનોના માધ્યમથી ઉજવવામાં આવશે. આ વર્ષમાં થનારા સમગ્ર કાર્યક્રમોની વિસ્તૃત રૂપરેખા આ વિશેષાંકમાં આપવામાં આવી છે.

જૂન, ૨૦૦૦૩નો અંક સુવર્ણજયંતી વિશેષાંક પ્રકાશિત થશે, જેમાં આ વર્ષની ઉપલબ્ધિઓનો ઉલ્લેખ થશે. આ અંક પ્રત્યેક ગાયત્રી પરિજનને તેનાં આધ્યાત્મિક કર્તવ્યોનું સ્મરણ કરાવતો રહેશે અને ભવિષ્યમાં વધુ સાહસપૂર્ણ પગલાં માંડવાનો ઉત્સાહ ભરશે, જેના પરિણામે આપણા રચનાત્મક પ્રયત્નોમાં નિશ્ચિતપણે તીવ્રતા ઉત્પન્ન થશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાકાળના સંકલ્પમાં આપણી સહભાગિતા રહે

આજે અવિવેકે વિવેકનું સ્થાન લઈ લીધું છે, જેને ત્યાંથી હટાવવું પડશે. દશે દિશાઓમાં અજ્ઞાનનાં વિજય દુંદુભિ વાગે અને જ્ઞાન એક ખૂણામાં પદદલિત બનીને કણસતું રહે એ ઉચિત નથી. જનમાનસમાં અત્યાચાર પ્રત્યે સમ્માન અને આકર્ષણ તથા આદર્શવાદિતા પ્રત્યે તિરસ્કાર અને બહિષ્કારની પ્રવૃત્તિ વધતી જાય એ અસહ્ય છે. માનવજીવનમાં ઉત્કૃષ્ટતા માટે સ્થાન ન મળે અને પશુપ્રવૃત્તિઓના આધારે તમામ રીતિનીતિ ચાલતી રહે તેને દુર્ઘટના જેવું દુર્ભાગ્ય જ કહેવું જોઈએ. આદર્શ ચર્ચા કહેવા-સાંભળવા બહુ મળે છે, પરંતુ વ્યવહારમાં એનાં દર્શન પણ થતાં નથી. જે વિચારવામાં અને કરવામાં આવે છે તે ઊતરતી કોટિનું હોય છે. વાસના અને તૃષ્ણા સિવાય બીજી કોઈ આકાંક્ષા જ બાકી ન રહે, તો એવો માનવસમાજ નર - પશુઓનું ઝુંડ જ કહેવાશે. આ પરિસ્થિતિમાં વ્યક્તિએ અસંતોષની આગમાં જલતા રહેવાનું અને સમાજે અસંખ્ય વિપત્તિઓ અને ગૂંચવણોમાં ફસાતા જઈ સર્વનાશ તરફ આગળ વધવાનું દુષ્પરિણામ ભોગવવું પડે એવું બની શકે. સર્વગ્રાહી ભયાનકતામાં અમે વ્યક્તિ અને સમાજને ખરાબ રીતે ફસાયેલ, સંતપ્ત અને વિક્ષુબ્ધ બનેલાં જોઈ રહ્યા છીએ.

આ સ્થિતિને આમ જ ચાલવા દઈ શકાય નહિ. જે દિશામાં પગલાં આગળ વધી રહ્યાં છે, તે દિશામાં વધુ આગળ વધારતા દેવામાં જોખમ છે. હવે આપણે બિલકુલ સર્વનાશના આરે આવીને ઊભા છીએ. કુમાર્ગ પર જેટલું ચાલી લીધું એટલું પૂરતું છે. આગળ થોડાંક જ ડગલાં, આપણને એકબીજાનું લોહી પીનારા બકરાના રૂપમાં બદલી નાખશે. અનીતિ અને અજ્ઞાનમાં ઓતપ્રોત સમાજ સામૂહિક આત્મહત્યા કરી બેસશે. આપણે હવે પાછા ફરવું પડશે. સામૂહિક આત્મહત્યા અમને મંજૂર નથી. નરકની આગમાં જલતા રહેવાનું અમને સ્વીકાર્ય નથી. માનવતાને નિકૃષ્ટતાના કલંકથી કલંકિત રહેવા નહિ દઈએ. પતન અને વિનાશ આપણું લક્ષ્ય ન હોઈ શકે. દુર્બુદ્ધિ અને દુષ્પ્રવૃત્તિઓને સિંહાસન પર બિરાજમાન રહેવા દેવાનું સહન નહિ કરીએ. અજ્ઞાન અને અવિવેકની સત્તા અમને સ્વીકાર્ય નથી.

અમે આ પરિસ્થિતિઓને બદલીશું, અમે તે બદલીને જ રહીશું. શપથપૂર્વક પરિવર્તનના પથ પર અમે ચાલ્યા છીએ અને જ્યાં સુધી સામર્થ્યનું એક ટીપું પણ બાકી રહેશે ત્યાં સુધી ચાલતા જ રહીશું. અવિવેકને પદચ્યુત કરીશું. જ્યાં સુધી વિવેકને મૂર્ધન્ય બનાવી લઈશું નહિ ત્યાં સુધી આરામ લઈશું નહિ. ઉત્કૃષ્ટતા અને આદર્શવાદિતાનાં કિરણો પ્રત્યેક અંતઃકરણ સુધી પહોંચાડીશું તથા વાસના-તૃષ્ણાના તુચ્છ કાદવમાંથી માનવીય ચેતનાને મુક્ત કરતા રહીશું. માનવસમાજને સદા માટે દુર્ભાગ્યગ્રસ્ત રાખી શકાતો નથી. તેને મહાન આદર્શોને અનુરૂપ ઢાળવા અને બદલવા માટે બળપૂર્વક ઘસડતા જઈશું. પાપ અને પતનનો યુગ બદલાઈ જવો જોઈએ. તે બદલીને જ રહીશું. આ જ ધરતી પર સ્વર્ગનું અવતરણ અને આ જ માનવપ્રાણીમાં દેવત્વનો ઉદય અમને ઈચ્છનીય છે. અમે એ માટે ભગીરથ તપ કરીશું. જ્ઞાનની ગંગાને ભૂલોકમાં લાવવામાં આવશે અને તેના પાવન જળમાં સ્નાન કરાવીને કરોડો નરપશુઓને નારાયણોમાં પરિવર્તિત કરવામાં આવશે. આ જ મહાન શપથ અને વ્રતને જ્ઞાનયજ્ઞના રૂપમાં પરિવર્તિત કરવામાં આવ્યાં છે. વિચારક્રાંતિની આગમાં ગંદકીનો કૂડોકચરો બાળવા માટે હોલિકાદહન જેવું અમારું અભિયાન છે. અનીતિ અને અનૌચિત્યના ગલિત કોઢથી વિશ્વમાનવનું શરીર મુક્ત કરીશું. સમગ્ર કાયાકલ્પનું, યુગપરિવર્તનનું લક્ષ્ય પૂરું કરવામાં આવશે જ. જ્ઞાનયજ્ઞની ચિનગારી વિશ્વના ખૂણેખૂણામાં પ્રજ્વલિત થશે. વિચારક્રાંતિનો જ્યોતિર્મય પ્રવાહ જન-જનના માનસને સ્પર્શ કરશે.

આપણે પોતે નક્કી કરીએ કે મહાકાલના આ સંકલ્પમાં આપણે આપણી સહભાગિતા કેવી રીતે સુનિશ્ચિત કરીશું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગઋષિનું તપઃસ્થળ - ગાયત્રી તપોભૂમિ

ગાયત્રી તપોભૂમિ એક સંસ્કારિત તપઃસ્થળ અને સિદ્ધ શક્તિપીઠ છે. આ પુણ્ય તપોભૂમિમાં સાધના કરવાનું વિશેષ મહત્ત્વ છે. પરમપૂજ્ય ગુરુદેવ પં.શ્રીરામ શર્મા આચાર્યજીનાં ૨૪ મહાપુરશ્ચરણોની પૂર્ણાહુતિ વખતે કરવામાં આવેલી સ્થાપના છે ગાયત્રી તપોભૂમિ-મથુરા. તેનું નિર્માણ ગાયત્રી પરિવાર રૂપી સંગઠનના વિસ્તાર માટે કરવામાં આવ્યું છે. તેની સ્થાપના પહેલાં ૨૪૦૦ તીર્થોનાં જળ અને રજ (માટી)ને સંગ્રહિત કરીને તેનું પૂજન કરવામાં આવ્યું. એક નાની પરંતુ ભવ્ય યજ્ઞશાળામાં હિમાલયના મહાન સિદ્ધ યોગીની ધૂણીમાંથી ૭૦૦ વર્ષ જૂના અખંડ અગ્નિની સ્થાપના યજ્ઞશાળાના યજ્ઞકુંડમાં કરવામાં આવી અને એક ગાયત્રી માતાનું મંદિર બાંધવામાં આવ્યું. આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવે ૩૦ મે ૧૯૫૩થી ૨૨ જૂન ૧૯૫૩ સુધી ૨૪ દિવસના ઉપવાસ માત્ર ગંગાજળ પર કર્યા અને વેદમાતા ગાયત્રીની સ્થાપના તથા પ્રાણપ્રતિષ્ઠા ગાયત્રી જયંતી તા. ૨૨ જૂન ૧૯૫૩ના રોજ કરવામાં આવી, જેની સુવર્ણજયંતી ગાયત્રી જયંતી ૨૦૦૩ના રોજ ઉજવવામાં આવી રહી છે. આ હેતુસર ગાયત્રી જયંતી ૨૦૦૨થી ગાયત્રી જયંતી ૨૦૦૩ સુધીનું વર્ષ સુવર્ણજયંતી રૂપે ઉજવાઈ રહ્યું છે. ગાયત્રી તપોભૂમિની સ્થાપના વખતે નૈષ્ઠિક સાધકો દ્વારા ૨૪૦૦ કરોડ ગાયત્રી મંત્રલેખન શ્રદ્ધાપૂર્વક કરાવીને અહીં સુરક્ષિત રાખવામાં આવ્યું. આ દરમિયાન અન્ય કાર્યો પણ થતા રહ્યાં. જેમ કે, ૨૪ લાખ ગાયત્રી મંત્ર જપ, સવા લાખ ગાયત્રી ચાલીસા પાઠ, યજુર્વેદ અને ગીતા પારાયણ, ગાયત્રી સહસ્ત્રનામ, ગાયત્રી કવચ, રુદ્રાષ્ટાધ્યાયી, દુર્ગા સપ્તશતી, રામાયણ વગેરેના પાઠ, મહામૃત્યુંજય મંત્ર જપ, ૬૦ હજાર આહુતિઓ, વગેરે.

ગાયત્રી તપોભૂમિની સ્થાપના પછી વસંતપંચમી ૧૯૫૫થી પંદર મહિના સુધી સતત યજ્ઞશાળામાં વિશદ ગાયત્રી મહાયજ્ઞની શૃંખલામાં ગાયત્રી મહાયજ્ઞની સાથે સાથે વિશેષ સરસ્વતી યજ્ઞ, રુદ્ર યજ્ઞ, મહામૃત્યુંજય જપ યજ્ઞ, વિષ્ણુ યજ્ઞ, શતચંડી યજ્ઞ, નવગ્રહ યજ્ઞ, ચારેય વેદોના મંત્ર યજ્ઞ, ઋગ્વેદ યજ્ઞ, સામવેદ યજ્ઞ, અથર્વવેદ યજ્ઞ, જ્યોતિષ્ટોમ, અગ્નિષ્ટોમ, આદિ - શ્રૌત યજ્ઞ એક એક મહિના સુધી થતા રહ્યા. આ યજ્ઞોની પૂર્ણાહુતિ ૨૦ એપ્રિલ, ૧૯૫૬થી ૨૪ એપ્રિલ, ૫૬ સુધી નવરાત્રિમાં ૧૦૮ કુંડોની યજ્ઞશાળામાં ૫-૬ હજાર વ્યક્તિઓ દ્વારા ૧૨૫ લાખ આહુતિઓ દ્વારા કરવામાં આવી. ૧૨૫ કરોડ ગાયત્રી મંત્રજપ કરવામાં આવ્યા. અઢીસો જ્ઞાનમંદિરોની સ્થાપના કરવામાં આવી. નરમેધ યજ્ઞમાં કેટલીય વ્યક્તિઓએ જીવનદાન આપ્યું. તા. ૨૦ એપ્રિલ, ૧૯૫૬ના રોજ પરમપૂજ્ય ગુરુદેવ અને પરમ વંદનીય માતાજીએ તમામ ભૌતિક પદાર્થો, ઘરેણાં, પુસ્તકો, પ્રેસ, જમીન વગેરે બધું જ ગાયત્રી માતાને દાન આપી દીધું.

તા. ૨૩ નવેમ્બર, ૫૮થી તા. ૨૬ નવેમ્બર, ૫૮ સુધી આ યુગના મહાનતમ સહસ્ત્રકુંડીય ગાયત્રી યજ્ઞની શરૂઆત આ તપઃસ્થળથી કરવામાં આવી, જેમાં ૪ લાખ વ્યક્તિઓએ ભાગ લીધો. ૧૦૨૪ કુંડોની ૧૨૮ યજ્ઞશાળાઓમાં રોજ એક લાખ હોતાઓ દ્વારા ૨૪ લાખ આહુતિઓ, ૨૪ કરોડ ગાયત્રી મંત્ર જપ, સવા લાખ ગાયત્રી મંત્રલેખન તથા સવા લાખ ગાયત્રી ચાલીસા પાઠ કરવામાં આવ્યા. આ મહાયજ્ઞની પ્રચંડ ઊર્જાએ સમગ્ર દેશમાં યજ્ઞોની ધૂમ મચાવી દીધી. એના પરિણામે ૧૯૭૧માં પાંચ મોટા સહસ્ત્રકુંડીય યજ્ઞો મહાસમંદ (મધ્યપ્રદેશ), બહરાઈચ (ઉત્તરપ્રદેશ), પોરબંદર (ગુજરાત), ભીલવાડા (રાજસ્થાન) તથા ટાટાનગર (બિહાર)માં સંપન્ન કરવામાં આવ્યા. તે પછી યજ્ઞની શૃંખલા દેશ-વિદેશમાં નિરંતર ચાલી રહી છે. આ જ શ્રેણીમાં અનેક અશ્વમેધ યજ્ઞ અને સંસ્કાર મહોત્સવના રૂપમાં વિશાળ યજ્ઞ પણ દેશ-વિદેશમાં સંપન્ન થયા છે.

**ગુરુ એટલે દરેક પ્રાણીનું કલ્યાણ કરવાની ભાવનાઓનો શક્તિપુંજ.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હિમાલય પ્રવાસથી પાછા ફરીને પૂ. આચાર્યજીએ યુગ નિર્માણ યોજનાના શતસૂત્રી કાર્યક્રમ, સત્સંકલ્પ તથા યુગ નિર્માણ વિદ્યાલય શરૂ કરવાની જાહેરાત કરી. આ સ્વાવલંબનપ્રધાન શિક્ષણ અને વિદ્યાનો સમન્વય કરનાર તંત્ર નિરંતર સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. પરમપૂજ્ય ગુરુદેવ ૧૯૭૧માં ગાયત્રી તપોભૂમિની જવાબદારી પં. લીલાપત શર્માજીને સોંપીને શાંતિકુંજ, હરિદ્વાર ચાલ્યા ગયા, પરંતુ અહીંના કણકણમાં એમની પ્રાણચેતનાનાં દર્શન આજેય કરી શકાય છે. વિરાટ પ્રજ્ઞાનગર, યુગનિર્માણ વિદ્યાલય, સાહિત્ય પ્રકાશનના હેતુસર આધુનિક મશીનોનું વિસ્તૃત તંત્ર અહીં જોઈ શકાય છે.

આ તપોભૂમિ ઋષિ દુર્વાસાનું તપઃસ્થળ છે. ૧૯૫૩થી હજારો મહાનુભાવોએ અહીં ગાયત્રી અનુષ્ઠાન કર્યું છે અને શિબિરોમાં ભાગ લીધો છે. અહીં દરરોજ સવારથી સાંજ સુધી નિયમિત અખંડ જપ તથા અખંડ અગ્નિમાં દરરોજ યજ્ઞ થાય છે. અખંડ દીપ પણ અહીં પ્રજવલિત છે. નવરાત્રિઓમાં સામૂહિક અનુષ્ઠાન પણ થાય છે. અહીં તમામ સંસ્કાર નિઃશુલ્ક સંપન્ન કરાવવામાં આવે છે.

ગાયત્રી આંદોલનનું પ્રયોજન અસુરતા વિરુદ્ધ દૈવી યુદ્ધનો શંખનાદ છે. આ રણભેરી એટલા માટે વગાડવામાં આવી રહી છે કે દૈવી શક્તિઓમાં શ્રદ્ધા રાખનાર તમામ આત્માઓ એક ધ્વજ હેઠળ સંગઠિત થાય, આત્મબળનાં અસ્ત્ર-શસ્ત્ર સુસજ્જિત કરે તથા તપ અને સાધના દ્વારા પોતાની યોગ્યતા અને ક્ષમતાને એટલી પરિપુષ્ટ કરી લે કે જેથી વિકરાળ દાંતોવાળી અસુરતા સાથે સફળતાપૂર્વક સંઘર્ષ કરી શકાય. વિશ્વમાનવના અંતઃપ્રદેશ પર દૈવી શક્તિનું ચક્રવર્તી શાસન સ્થાપિત કરવું એ તેનું લક્ષ્ય છે. તીર, તલવારનાં હથિયાર નહિ, આ યુદ્ધમાં સૈનિકોએ આત્મબળ, ઉજજવળ ચરિત્ર, તપશ્ચર્યા, ત્યાગ, સંયમ અને ઈશ્વર વિશ્વાસનાં શસ્ત્રોથી સુસજ્જિત થવું પડશે. ગાયત્રી તપોભૂમિ દ્વારા પ્રજ્જવલિત કરવામાં આવેલ ગાયત્રી આંદોલનની મશાલ વર્તમાન વિશ્વવ્યાપી અશાંતિ વિરુદ્ધ એક દૈવી પડકાર છે. આ પ્રચંડ શક્તિશાળી માનસિક ક્રાંતિની એક મહાન યોજના છે.

એક ખૂબ ખટકે એવો અભાવ એ હતો કે માનવમાત્રની પરમ આરાધ્ય મહાશક્તિ ગાયત્રીનું કોઈ મુખ્ય તીર્થ ન હતું. છૂટક મંદિરો સિવાય કોઈ એવું ગાયત્રીનું કેન્દ્ર ન હતું, જેના પર ગાયત્રી ઉપાસકોની શ્રદ્ધા કેન્દ્રિત થઈ શકે. મથુરા ગાયત્રીની સિદ્ધપીઠ છે. આ પુણ્યભૂમિમાં સપ્તઋષિઓએ તપ કરીને સિદ્ધિઓ મેળવી હતી. અહીં બલિરાજાએ પ્રસિદ્ધ ગાયત્રી યજ્ઞ કર્યો હતો, જેનું પુણ્યફળ જોઈને દેવતાઓ ડરી ગયા હતા અને ભગવાન વિષ્ણુએ વામન રૂપ લઈને તેની સાથે છળ કરવું પડ્યું હતું. મહર્ષિ દુર્વાસાએ તપ કરવા માટે ભૂમિ શોધતાં શોધતાં આ જ સ્થળ પસંદ કર્યું હતું. ભગવાન સ્વયં આ ભૂમિમાં લીલા કરે છે. ગાયત્રી ઉપાસના માટે નિશ્ચિતપણે આ સ્થળ એટલું શક્તિસંપન્ન છે કે સફળતા ખૂબ જલદી મળે છે. અતિ પ્રાચીન કાળથી મથુરા ગાયત્રીનું કેન્દ્રતીર્થ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવના જીવનનો મોટો ભાગ ગાયત્રી માતાની ગોદમાં પસાર થયો. આ મહામંત્ર બાબતમાં હજારો આર્ષગ્રંથોનું સંશોધન કર્યા પછી તેમણે જાણ્યું કે આધ્યાત્મિક સાધનામાં ગાયત્રીથી મોટી બીજી કોઈ સાધના નથી. દાર્શનિકો, ધર્મજ્ઞો અને તત્ત્વદર્શીઓનો મત છે કે ગાયત્રીના અક્ષરોમાં છુપાયેલું શિક્ષણ એટલું સર્વાંગપૂર્ણ છે કે તેના આધારે સંસારની સમસ્ત જટિલ સમસ્યાઓને ઉકેલી શકાય છે. ગાયત્રી તપોભૂમિના નિર્માણ પાછળ એ જ ઉદ્દેશ રહ્યો છે કે અહીંથી દેશવ્યાપી ગાયત્રી વિદ્યાનો પ્રચાર થશે. સાધકો માટે અહીં સાધના કરવાની તથા આવશ્યક શિક્ષણ મેળવવાની સુવિધા રહેશે. વિશ્વભરના ગાયત્રી ઉપાસકોને પરસ્પર સંબંધિત અને સંગઠિત કરવા માટે આ તીર્થ મહત્ત્વનું માધ્યમ બનશે. પૂજ્ય ગુરુદેવ સ્વયં વિવેક, તર્ક, વાસ્તવિકતા અને ઉપયોગિતાના ઉપાસક રહ્યા છે. આ તીર્થના નિર્માણમાં અનેક આધ્યાત્મિક રહસ્યો છુપાયેલાં છે, તો એક કારણ એ પણ છે કે આ તપોભૂમિને એક આદર્શ બનાવીને એવું બતાવવામાં આવે કે મંદિરોનો પ્રાચીન આધાર કયો હતો અને તે જનસમાજ માટે આજે કેટલાં ઉપયોગી બની શકે છે. આ મંદિર એક નવીન આદર્શ રજૂ કરે છે અને ભારતીય સંસ્કૃતિના મલીન બની રહેલા પ્રકાશને કંઈક વધારે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉજ્જવલ અને પ્રકાશવાન બનાવે છે. અહીં જે અખંડજ્યોતિની સ્થાપના થઈ છે તે અનેક આત્માઓમાં શક્તિ, શાંતિ અને સમૃદ્ધિનો વિકાસ કરે છે. ગાયત્રી તપોભૂમિના નિર્માણ પાછળ લક્ષ્ય છે - ત્રાસેલા મનુષ્યનું રક્ષણ, આધ્યાત્મિક નિષ્ઠા અને ધર્મધારણાની પ્રતિષ્ઠા, માતૃજાતિની મહાનતાનો પ્રકાશ અને ભારતીય સંસ્કૃતિનો પુનરુદ્ધાર. સદાચાર, પ્રેમ, કર્તવ્યપરાયણતા, સદ્દભાવ, પવિત્રતા, સંયમ, સદ્દબુદ્ધિ, આસ્તિકતા અને માનવોચિત જીવનની વિધિવ્યવસ્થા જ અમારો કાર્યક્રમ છે. ગાયત્રી ઉપાસના આ જ દૈવી સંપત્તિઓનું કેન્દ્રબિંદુ છે. આ સંસ્થાની ગતિવિધિઓ આ જ કાર્યક્રમને પૂરો કરવામાં જોડાયેલી છે. આ પુણ્યતીર્થનું નિશ્ચિતપણે અસાધારણ મહત્ત્વ છે. જે સ્થળે તે સ્થપાયેલું છે તે સ્થળ પ્રાચીનકાળમાં મહાત્માઓની સિદ્ધભૂમિ રહ્યું છે. તેની ચારેબાજુ અનેક શક્તિપીઠ તથા તપોવન ફેલાયેલાં છે. વ્રજનું તે મુખ્ય કેન્દ્ર છે.

રાષ્ટ્રનિર્માણની સાચી આધારશિલા એ છે કે નૈતિક અને ધાર્મિક વાતાવરણ ઉત્પન્ન કરવામાં આવે. સરકાર આ કાર્ય કરી શકતી નથી. આ કાર્ય સંતો અને તપસ્વીઓ દ્વારા થાય છે. આ વર્ગની અભિવૃદ્ધિ કરવા માટે ગાયત્રી તપોભૂમિનું નિર્માણ થયું છે. અમે વિશ્વાસપૂર્વક એવું કહી શકીએ છીએ કે આ સંસ્થા આ મહાન આવશ્યકતાને પૂરી કરવાના પોતાના પ્રયત્નમાં સફળ રહી છે. આપ જ્યારે મથુરા પધારો ત્યારે સાચા અર્થમાં તીર્થ કહેવા યોગ્ય આ પરમ પવિત્ર સ્થાનને જોવાનું ભૂલશો નહિ. તે જોયા વિના આપની વ્રજ યાત્રા અધૂરી જ રહેશે.

ગાયત્રી તપોભૂમિ સાંસ્કૃતિક સેવા માટે એક સમર્પિત સંસ્થા છે. વ્યક્તિગત તથા સામાજિક જીવનમાં સુસંસ્કૃત વિચારધારા અને સુવ્યવસ્થિત કાર્યપ્રણાલી હોવી જરૂરી છે. આ સાંસ્કૃતિક સેવાનો પ્રકાશ ઘેર-ઘેર અને જન-જનમાં પહોંચાડવો પડશે. ભારતભૂમિમાં સર્વત્ર પ્રાચીનકાળ જેવું સ્વર્ગીય વાતાવરણ આ જ આધારે ઉત્પન્ન થશે.

ગાયત્રી તપોભૂમિ ઘણા સમયથી આ દિશામાં કામ કરી રહી છે. સુવર્ણ જયંતી પર હવે તેણે પૂરેપૂરી તત્પરતાપૂર્વક આ દિશામાં પ્રબળ પ્રયત્ન કરવાનો સંકલ્પ કર્યો છે. સાંસ્કૃતિક પુનરુત્થાન યોજનાના કાર્યક્રમમાં ઘરેઘરને સદ્દબુદ્ધિ (ગાયત્રી) અને ત્યાગમય પ્રેમ (યજ્ઞ)નું દેવાલય બનાવી દેવાનું છે. જન-જનમાં મનને વિદ્યાલય, દેવાલય બનાવી દેવાની પ્રક્રિયા હકીકતમાં અસાધારણ છે.

ગાયત્રી તપોભૂમિ એક સુદૃઢ લોહસ્તંભની જેમ વિશ્વશાંતિના ગઢ પર ઝઝૂમી રહી છે. જાગરૂક ચોકીદારની જેમ આ સંસ્થા આ ઘનઘોર અંધકારમાં મશાલ જલાવીને આકાશમાં ઉમડતી પ્રલયંકર ઘટાઓને બતાવી રહી છે. તેણે ચેતવણીના બ્યૂગલ વગાડવાનું શરૂ કરી દીધું છે, જેથી કુંભકરણની નિદ્રામાં પડેલા લોકો પાસું બદલે, પોતાનું સારું-ખરાબ વિચારે અને બુદ્ધિમાન લોકો આપત્તિની વેળાએ જે કરે છે તેવું કરે.

આ તીર્થનો સ્થૂળ અર્થ ખૂબ સાધારણ છે. બાંધકામ અને દેખાવની દૃષ્ટિએ તેનું કાંઈ બહુ મહત્ત્વ નથી. પરંતુ તેની સાથે જે શૃંખલા બંધાયેલી છે તેને અસામાન્ય જ કહેવાશે. ભારતવર્ષના તપસ્વીઓ, ગાયત્રી ઉપાસકોનું આ એક એવું કેન્દ્રીય સંગઠન બિંદુ છે, જ્યાં તેમનો પારસ્પરિક સંબંધ, સહયોગ અને સંમિલન થાય છે.

સુવર્ણ જયંતિ વર્ષમાં એક બહુ મોટો લાભ ગાયત્રી પરિવારના સંગઠનને થશે. તે એ કે આ સંગઠનના સભ્યોની સંખ્યા ખૂબ વધી ગઈ છે. તેમાં ખરા કરતાં ખોટા સિક્કા ખૂબ ભરાઈ ગયા છે. હવે સમય આવી ગયો છે કે તેમની પરીક્ષા કરીને તેમને દૂર કરવામાં આવે. દૂધ પીવા માટે લૈલાના દ્વાર પર અડિંગો જમાવનાર મજનૂ કોણ છે અને લૈલાને લોહીની જરૂર પડે તો પોતાની નસ કાપીને વાડકો ભરી દેનાર કોણ છે તે એક વર્ષમાં કામ કરવાથી ખબર પડી જશે. અમારે ત્યાગી, તપસ્વી, નિઃસ્વાર્થ જનસેવક જોઈએ, જે જન-જનનાં મનમાં સાચી સેવા અને ત્યાગનું માહાત્મ્ય સ્થાપિત કરી શકે. આપણો સમાજ જ્યારે સ્વાર્થમાં ડૂબેલા લાખો સાધુઓને રબડી, માલપૂઆ ખવરાવે છે. તો શું નિઃસ્વાર્થીને રોટલી પણ નહીં મળે ?

* * *



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાકાળની તીક્ષ્ણ નજર

સાહસે અમને પોકાર્યા છે. સમયે, યુગે, કર્તવ્યએ, જવાબદારીએ, વિવેકે, પૌરુષે અમને પોકાર્યા છે. આ પોકાર વણસાંભળ્યો કરી શકાશે નહિ. આત્મનિર્માણ માટે, નવનિર્માણ માટે અમે કાંટાથી ભરેલા રસ્તાઓનું સ્વાગત કરીશું અને આગળ વધીશું. લોકો શું કહે અને શું કરે છે એની ચિંતા કોણ કરે ? અમારો આત્મા જ માર્ગદર્શન માટે પૂરતો છે. લોકો અંધારામાં ભટકે છે, ભટકતા રહે. અમે અમારા વિવેકના પ્રકાશનો આધાર લઈને જાતે જ આગળ વધીશું. કોણ વિરોધ કરે છે - કોણ સમર્થન, એ કોણ ધ્યાનમાં લે ? અમારો અંતરાત્મા, અમારું સાહસ અમારી સાથે છે. સત્ય માટે, ધર્મ માટે, ન્યાય માટે અમે એકલા આગળ વધીશું અને અમારી જેવી સજાગ વ્યક્તિ માટે જે કરવું ઉચિત અને યોગ્ય છે તે જ કરીશું.

પરિવર્તન માટે સમર્થ સાહસની અપેક્ષા રાખવામાં આવે છે. સંસારમાં સાહસ રહ્યું નથી, યૌવનનો ઉમંગ ભીરુતાએ ગ્રસી લીધો છે. અમે અમને પોતાને આ કલંકથી કલંકિત થવા દઈશું નહિ. અને કોઈ નહિ તો અમે એકલા જ આગળ વધીશું, વધી રહ્યા છીએ, પ્રસ્તુત અનિચ્છનીય પરિસ્થિતિઓ, વિડંબનાઓ અને વિચારણાઓનો અંત આવશે નહિ ત્યાં સુધી આગળ વધતા રહીશું. યુગને બદલવાનો છે એટલા માટે આપણા દષ્ટિકોણ અને ક્રિયાકલાપનું પરિવર્તન સાહસપૂર્વક કે દુસ્સાહસપૂર્વક કરવું જ પડશે. તે સિવાય કોઈ માર્ગ નથી.

અમે યુગના પોકારનો વારંવાર ઉદ્‌ઘોષ કરી રહ્યા છીએ. ઉચિત એ છે કે સમયસર આ યુગ પોકારને સાંભળી લેવામાં આવે. ન સાંભળવામાં આવે તો અમે વધુ તો શું કહીએ ફક્ત ચેતવણી આપીએ છીએ કે આગામી દિવસોમાં મહાકાળ પ્રતિભાઓને વ્યક્તિગત સ્વાર્થ સાધનમાં જોડાયેલ રહેવામાંથી મુક્ત કરાવી દેશે. કોઈ ધનનો મન ફાવે તેમ અપવ્યય કરી શકશે નહીં. કોઈની બુદ્ધિ વ્યક્તિગત તૃષ્ણાની પૂર્તિમાં લાગેલી રહેશે નહીં, કોઈનું બળ વાસનાની પૂર્તિમાં લાગેલું રહેવા દેવામાં આવશે નહિ. નોંધ કરનારા નોંધ કરી લે. જેમને સ્વેચ્છા અને સજ્જનતાથી લોકમંગલ માટે નિયોજિત કરવાની વિનંતી કરી રહ્યાં છીએ, તે લોકોથી જો એ શક્ય ન બને તો એ દિવસ દૂર નથી જ્યારે પ્રત્યેક કંજૂસ પાસેથી આ દૈવી વિભૂતિઓને મહાકાળ લાત મારીને ઓકાવી નાખશે અને ત્યારે લાંબા ગાળા સુધી દર્દ સહેવું પડશે. આજે તે ત્યાગ, ઉદારતા, આત્મસંતોષ અને ઐતિહાસિક યશ સાથે કરી શકવાનો અવસર છે. એકવીસમી સદીમાં સંસારમાં કોઈ પણ વ્યક્તિ અમીર રહી શકશે નહીં. પૈસા વહેંચી દેવામાં આવશે. મૂડી પર સમાજનું નિયંત્રણ હશે અને માત્ર જરૂરિયાત પૂરતા જ અર્થસાધન ઉપલબ્ધ થઈ શકશે.

બુદ્ધના અનુયાયીઓએ ઉત્સર્ગની હવા ફેલાવી, તો યુવક-યુવતી યૌવન અને વૈભવનું સુખ છોડીને પરમાર્થ પ્રયોજન માટે ભિક્ષુક-ભિક્ષુણીનું કષ્ટસાધ્ય જીવન જીવવા તત્પર થઈ ગયાં. ગાંધીની આંધી ચાલી તો આવશ્યક કામો અને રંગીન સપનાઓને પગતળે કચડતાં લાખો મનસ્વી જેલયાતના ભોગવવા અને ફાંસી-ગોળી ખાવા ચાલી નીકળ્યાં. તે સમયે લોકોએ ભલે તેમને નાસમજ કહ્યાં હોય પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે તે નિર્ણય તેમના માટે સૌભાગ્ય અને સુયશનું દ્વાર ખોલી ગયો, તેઓ ધન્ય બની ગયા.

આ દિવસોમાં પણ મહાકાળ પ્રતિભાઓને યુગ નેતૃત્વ માટે પોકારી રહ્યા છે. સુયોગ અને સૌભાગ્યનો અનુપમ અવસર સામે છે. વાસના, તૃષ્ણા અને અહંતાના કુચક્રને તોડીને જે યોદ્ધા સર્જન સૈનિક આગળ વધશે, તે દિવ્ય વરદાનોનાં ભાગીદાર બનશે. જેઓ તેની સાથે ચીપકેલા રહેવાનો પ્રયાસ કરશે તેઓ બેવડી હાનિ ભોગવશે. મહાકાળ એ કુચક્રોને પોતાના ભીષણ પ્રહારથી તોડશે ત્યારે તેની સાથે ચીપકી રહેનાર પર શું વીતશે ? સંભવતઃ કોઈ અનુમાન પણ લગાવી ન શકે. લોકો વિવેકની વાત સ્વીકારે, ભીષણ પશ્ચાત્તાપ અને પીડાથી બચે, અનુપમ સૌભાગ્ય, સુયશના ભાગીદાર બને તો સારું.

◆ ◆ ◆



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગાયત્રી પરિવારના સાત આંદોલન

## યુગનિર્માણ યોજનાનાં સાત આંદોલન

આપણે છેલ્લાં હજાર વર્ષોથી જે અજ્ઞાનના અંધકાર યુગમાં પડી રહ્યા છીએ તેના ફળસ્વરૂપે આપણા ચિંતનમાં એટલી બધી વિકૃતિઓ વધી ગઈ છે કે પ્રગતિ માટે કરવામાં આવેલા બધા પ્રયત્નો અવળા પડે છે. ચારિત્રિક દુર્બળતાઓ સાથે અથડાઈને સુધાર અને પ્રગતિની બધી યોજનાઓ નિષ્ફળ થઈ જાય છે. આથી જે જનમાનસને ચારિત્ર્યનિષ્ઠા, આદર્શવાદિતા, માનવીય સદ્ભાવના, પ્રચંડ કર્તવ્યપરાયણતા અને યોગ્યતાને અપનાવવાની સાહસિકતાથી ઓતપ્રોત કરી દે તેવું પ્રચંડ અભિયાન ચલાવવું પડશે. આ આંદોલનને જેટલા પ્રમાણમાં સફળતા મળતી જશે તેટલા પ્રમાણમાં પ્રગતિ માટેનો માર્ગ મોકળો થતો જશે. હવે પછીના દિવસોમાં યુગનિર્માણ આંદોલન જે પ્રચંડ રૂપમાં સફળ થશે, તેની રહસ્યમય ભૂમિકાની ઓછા લોકોને ખબર છે, પરંતુ એ નિશ્ચિત છે કે આ આંદોલન ખૂબ જ પ્રખર અને પ્રચંડ રૂપથી ઉઠશે અને સંપૂર્ણ સફળ થશે જ. આ ઉજ્જવળ ભવિષ્યની ખેતીને વાવવા, ઉગાડવા અને સિંચવા માટે જે કર્તવ્યપરાયણ ભૂજાઓની આવશ્યકતા છે તેમની આજે જરૂરિયાત જણાય છે.

આંદોલનનું અંતિમ ચરણ સંઘર્ષાત્મક હશે, કારણ કે અસુરતા નિવેદન અને વિનયથી દૂર થવાની નથી. તેના માટે ડગલે ને પગલે લડવામાં આવનાર લડાઈની આવશ્યકતા જણાશે. વ્યક્તિગત તૃષ્ણા, વાસના, સંકુચિતતા, સ્વાર્થપરાયણતા, વિલાસિતા, કામચોરી અને ગેરશિસ્ત જેવી બૂરાઈઓ સામે આત્મસુધાર આત્મનિર્માણ અને આત્મસાધનાના સ્તર પર લડવામાં આવશે. વ્યક્તિ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વસ્તરની વિકૃતિઓ સામે તે જ સ્તરનાં હથિયારો વડે લડવામાં આવશે. સમર્ગ પરિવર્તનના ઉદ્દેશ સાથે શરૂ કરેલું યુગનિર્માણ આંદોલન હવે સંઘર્ષાત્મક કાર્યક્રમો સુધી આવી ગયું છે. આ આંદોલનનું સંઘર્ષાત્મક આંદોલન અંતિમ સોપાન છે, જેમાં સમગ્ર પરિવર્તનની સુનિશ્ચિત સંભાવનાઓ સમાયેલી છે. આ આંદોલનને બે ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. પ્રથમ ભાગમાં રચનાત્મક આંદોલન તથા બીજા ભાગમાં સંઘર્ષાત્મક આંદોલન નક્કી કરવામાં આવ્યું છે. આ આંદોલનની સંક્ષિપ્ત જાણકારી અહીં રજૂ કરી છે.

**(૧) આસ્તિકતા-સંવર્ધન આંદોલન :** આસ્તિક મનુષ્ય જ સાચો ક્રાંતિકારી બની શકે છે. જબરદસ્તીથી લાદેલું પરિવર્તન સ્થાયી રહેતું નથી અને પરિવર્તનો પ્રત્યે જનશ્રદ્ધા ન હોય તો જનતામાં ઉલ્લાસ, ઉમંગ અને પ્રસન્નતાનો સ્રોત સૂકો જ રહે છે. ભારતભૂમિ પર ક્રાંતિકારી સંતમહાત્માઓ થયા છે. કોઈપણ જનઆંદોલન ધાર્મિકતા અને આસ્તિકતાના આધાર વિના સફળ થાય એમાં શંકા જ રહે છે. આ આંદોલનના સૈનિકો આસ્તિક હોય અને તેઓ પ્રત્યેક પ્રાણીની સેવા ઈશ્વરની સેવા માનીને કરશે. આવા આસ્તિક સૈનિકો જનજનને આસ્તિક બનાવે તો આસ્તિકતાનું અમૃત પ્રેમ, ભાઈચારો, સહૃદયતા, દયા, કરુણા તથા સહયોગના રૂપમાં સમાજમાં ફેલાય. આમ આસ્તિકતા વધે તો અન્ય આંદોલનોને ચલાવવાની આવશ્યકતા જ ન જણાય. જ્યાં જ્યાં આસ્તિકતાની ભાવનાઓ પહોંચતી જશે ત્યાં ત્યાં સમાજનો કાયાકલ્પ થતો જણાશે.

**(૨) સ્વાસ્થ્યસંવર્ધન આંદોલન :** પ્રસન્નતાયુક્ત સમાજના નિર્માણનો આધાર વ્યક્તિઓના શારીરિક, માનસિક અને આત્મિક સ્વાસ્થ્ય પર રહેલો છે. સમગ્ર સ્વાસ્થ્યસંવર્ધનનું આંદોલન જનજન સુધી પહોંચાડવામાં આવે. શારીરિક સ્વાસ્થ્ય અર્થે આહારવિહાર, માનસિક સ્વાસ્થ્ય અર્થે આચારવિચાર અને આત્મિક સ્વાસ્થ્ય માટે ઉપાસના દ્વારા મનોવિકારથી મુક્ત પવિત્રતા આવશ્યક છે. સંપૂર્ણપણે સ્વસ્થ વ્યક્તિઓ જ સંઘર્ષમાં સહયોગી બને છે. આ આંદોલનનો મુખ્ય કાર્યક્રમ સ્વસ્થ રહેવાના ઉપાયોની જાણકારી આપવાનો છે.

**(૩) નારીજાગરણ આંદોલન :** સમાજની અડધી વસતીને કચડાયેલી અને અપંગ બનાવીને પુરુષવર્ગે કંઈક ગુમાવ્યું જ છે, મેળવ્યું કંઈ જ નથી. આ મિશનનું આ આંદોલન પશ્ચિમના 'નારીમુક્તિ આંદોલન' કરતાં અલગ છે. પશ્ચિમનું નારીમુક્તિ આંદોલન નારીને ઉચ્છૃંખલ અને અશિષ્ટ વ્યવહાર અર્થે મુક્ત કરાવે છે. પૂર્વનું નારીજાગરણ આંદોલન સમાજને નારીના ગૌરવ, ગરિમા અને તેની આત્મિક સંપત્તિથી પરિચિત કરાવીને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેને સન્માનીય બનાવે છે તથા તેના પર લગાડેલા બિનજરૂરી પ્રતિબંધોને દૂર કરવાની માગણી કરે છે. તેની સાથે નારીને તેનાં કર્તવ્યો પ્રત્યે પણ સજાગ બનાવે છે. બાળકો અને કુટુંબમાં સારા સંસ્કારો અને પરંપરાઓનું ઘડતર પ્રગતિશીલ નારી દ્વારા શક્ય બને છે. આ દેશની નારી પરથી બિનજરૂરી પ્રતિબંધો દૂર કરવામાં આવે તો સમાજનો કાયાકલ્પ થઈ શકે છે. એકવીસમી સદી માતૃસદીના રૂપમાં આવી રહી છે. એમાં નારી કેવળ પોતાના ગૌરવ અને ગરિમાને જ પ્રાપ્ત કરે નહીં, પરંતુ ઘણી જ આશ્ચર્યકારક સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરશે.

(૪) સત્પ્રવૃત્તિ સંવર્ધન-દુષ્પ્રવૃત્તિ નિવારણ આંદોલન : સમાજમાં જો સત્પ્રવૃત્તિઓનું વાતાવરણ જન્મે તો દુષ્પ્રવૃત્તિઓનાં મૂળ ઊખડી જશે. આ આંદોલન આપણને આપણી સાથે સંઘર્ષ કરાવશે. આપણે આપણી અને આપણા સ્વજનોની દુષ્પ્રવૃતિઓ સામે સંઘર્ષ કરવો પડશે. પરિવાર અને સમાજમાં ફેલાયેલી મૂઢ માન્યતાઓ અને દુષ્પ્રવૃતિઓની વિરુદ્ધ સંઘર્ષ કરવો પડશે.

(૫) કુરિવાજ નિવારણ આંદોલન : સમાજની બધી વ્યક્તિઓ વિવેકપૂર્વક કાર્યો કરતી નથી. મોટાભાગની વ્યક્તિઓ પરંપરાવાદી હોય છે અને પ્રચલિત રીતરિવાજોને તર્કની કસોટી પર કસ્યા વિના સ્વીકારતી રહે છે. તે સમાજને માટે ખૂબ જ નુકસાનકારક પણ છે. આ કુરિવાજોને મૂળમાંથી ઉખાડીને ફેંકી દેવા માટે પ્રાણવાન, સમજદાર અને સંઘર્ષશીલ વ્યક્તિઓની આવશ્યકતા રહેશે.

(૬) વ્યસનમુક્તિ આંદોલન : તમાકુ, દારૂ આદિ વ્યસનો સમાજને જરાજીર્ણ કરી રહ્યાં છે, મનુષ્યને શારીરિક અને માનસિકરૂપે અસ્વસ્થ બનાવવામાં આ વ્યસનોની ઘણી મોટી ભૂમિકા છે. કૌટુંબિક ઝઘડા અને વિનાશમાં તથા સમાજમાં ફેલાયેલા ગુનાઓ માટે વ્યસનોનો ફાળો મોટો છે. જો સમાજને વ્યસનોમાંથી મુક્ત કરાવી શકાય તો નવનિર્માણનો ઉદ્દેશ પૂરો થતો જોવા મળશે.

(૭) વિવાહોન્માદ પ્રતિરોધ આંદોલન : વિશ્વના દરેક ધર્મ તથા દેશમાં લગ્ન એક બિન ખર્ચાળ સામાન્ય કર્મ છે, પરંતુ દુર્ભાગ્યવશ હિંદુ સમાજમાં આ અત્યંત મહત્ત્વપૂર્ણ ધાર્મિક સંસ્કારને એટલી બધી વિકૃતિઓથી ભરી દીધો છે કે આ સંસ્કારની મૂળ ભાવનાઓ બિલકુલ ખલાસ થઈ ગઈ છે. દહેજ જેવા રાક્ષસે આ યજ્ઞમાં હાડકાં નાખીને જે વિઘ્ન ઊભું કર્યું છે તેનાથી આ યજ્ઞનું રક્ષણ કરવા માટે રામ અને લક્ષ્મણ જેવા વીરો અને ક્રાંતિકારીઓની આવશ્યકતા પડશે. ખર્ચાળ લગ્નો આપણને ગરીબ અને બેઈમાન બનાવે છે.

ઉપરોક્ત સાત આંદોલનોની વિસ્તૃત જાણકારી 'ક્રાંતિની રૂપરેખા' પુસ્તકમાં આપવામાં આવી છે. દરેક ગામ અને મહોલ્લામાં લગભગ ૨૪ યુગસૈનિકોનું એક 'યુગસેના સંગઠન' બનાવવું જોઈએ, જે આ આંદોલનોને પોતાના ક્ષેત્રમાં સફળતાથી ચલાવી શકે. યુગસેના સંગઠન બનાવવાની યોજના અને શપથપત્ર યુગસેના વિભાગ, યુગનિર્માણ યોજના, મથુરા-૨૮૧૦૦૩ને પત્ર લખી મંગાવી શકાય છે.

ઉક્ત સાત આંદોલનોની ઘોષણા ગાયત્રી તપોભૂમિ, મથુરામાં પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધાની પ્રાણપ્રતિષ્ઠા સમારોહમાં કરવામાં આવી હતી. 'અખંડજ્યોતિ' માસિકમાં, આ આંદોલનોની છાવણી શાંતિકુંજને બનાવવાની ઘોષણા કરવામાં આવી હતી. દેશ-કાળની પરિસ્થિતિ અનુસાર શાંતિકુંજ તરફથી ત્રણ વધારાનાં આંદોલનો પણ જોડી દેવામાં આવ્યાં.

(૧) શિક્ષણ આંદોલન : આના અંતર્ગત આપણે નિરક્ષરતાનું કલંક મિટાવવાનું છે. પ્રત્યેક ભણેલ-ગણેલ વ્યક્તિએ ઓછામાં ઓછા ૧૦ સાક્ષર બનાવીને વિદ્યાઋણ ચૂકવવાનું છે. પ્રજ્ઞામંડળો, શક્તિપીઠો અને પ્રજ્ઞાપીઠો પર એક-દોઢ કલાકના ટ્યુટોરિયલ વર્ગો ચલાવવામાં આવે, તો અનેક એવી પ્રતિભાઓ ઊભરી આવશે, જે સાધનોના અભાવે ભણી શકતી નથી. આની સાથોસાથ ઉપયોગી વિદ્યાલય, સંસ્કૃતિ મંડળ અને બાળસંસ્કારશાળાઓ શરૂ કરી શકાય છે.

(૨) સ્વાવલંબન આંદોલન : આની અંતર્ગત ગામ તરફ પાછા ફરો. અભિયાનને કેન્દ્રમાં રાખીને ગોપાલનને ઘરી બનાવવામાં આવી રહી છે. લઘુ ઉદ્યોગોની તાલીમથી પ્રત્યેક વ્યક્તિને કામ મળી શકે છે. ગ્રામતીર્થ યોજનાને વેગ આપવો જોઈએ.

(૩) પર્યાવરણ આંદોલન : હરિયાળી સંવર્ધન, પ્રદૂષણકારી ઉદ્યોગોની જગ્યાએ કુટિર ઉદ્યોગ શરૂ કરવા, પશુઊર્જાનો અધિક ઉપયોગ, વૈકલ્પિક ઊર્જાસ્રોતોનો ઉપયોગ, ઊર્જા સંરક્ષણના પ્રયોગ અને કચરાની સુવ્યવસ્થાને નક્કર કાર્યક્રમનું રૂપ આપીને આ આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે.

❖ ❖ ❖


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અમારું ગૌસંવર્ધન અભિયાન

ભારતની દુર્દશાના કારણો જો શોધીએ તો આપણને સૌ પ્રથમ કારણ એ જ દૃષ્ટિગોચર થાય છે કે અહીં ગાયની ઉપયોગિતાને ભૂલાવી દેવામાં આવી છે. ભારતીય વાતાવરણની પરિસ્થિતિઓમાં અહીંની સંસ્કૃતિ સાથે મેળ ખાતું પ્રાણી છે - ગાય. તેની ઉપયોગિતાને આધારે જ તેને માતાના સંબોધનથી બોલાવવામાં આવે છે. વ્યક્તિની સંપન્નતા ગાયોની સંખ્યાથી મપાતી. ઈતિહાસ સાક્ષી છે કે જ્યાં સુધી આ દેશમાં ગાયોનું સન્માન અને પાલન-પોષણ થતું રહ્યું ત્યાં સુધી દેશ આર્થિક, માનસિક અને આત્મિક દૃષ્ટિએ સર્વોચ્ચ શિખર પર રહ્યો. આ દેશમાં દૂધ અને અન્ન વેચાતા ન હતા. જેને જરૂર હોય તેને વગર પૈસે આપી દેવામાં આવતા. અનેક વિદેશી યાત્રીઓએ તેમના સંસ્મરણોમાં લખ્યું છે કે ભારતમાં પાણી માંગતા દૂધ મળતું. માટે જ કહેવામાં આવે છે કે આ દેશમાં દૂધ-દહીંની નદીઓ વહેતી હતી. ધાર્મિક દૃષ્ટિએ બધા જ જંતુઓની હત્યા પાપ છે, પરંતુ ગાય આપણી શ્રદ્ધાનું કેન્દ્ર પણ છે. આથી ગાયની હત્યા સહનશીલતાની ચરમસીમા ગણાય. ગૌરક્ષાની વાત બધા કરે છે. અમારો દૃઢ વિશ્વાસ છે કે ગાય કપાતી ત્યારે જ બંધ થશે જ્યારે લોકો ગાયનું દૂધ પીવાનું શરૂ કરશે. ગાયના દૂધની માંગ વધશે તો ગાયનું પાલન થશે અને એમ કપાતી બચશે. ગાયમાતાની પૂજા કરો, ગાયમાતાની જય બોલો અને ભેંસના દૂધનું સેવન કરો, એ તો પાખંડ જ છે. એક દેશી ગાયના ગોમૂત્ર અને ગોબરના સદુપયોગથી માસિક આઠ હજાર રૂપિયાની કમાણી થઈ શકે છે. દૂધ ન દેનારી એક દેશી ગાય પણ એક પરિવારનું પોષણ કરવામાં સમર્થ છે. રાસાયણિક ખાતરોથી ધરતીની ઉપજાઉ શક્તિ નષ્ટ થઈ રહી છે. નેડેપ કમ્પોસ્ટ ખાતરથી જમીનને ઉપજાઉ બનાવી શકાય છે. આ પદ્ધતિથી ખાતર બનાવીને ગોબરની ઉપયોગિતાને ૧૨૦ ગણી વધારી શકાય છે. ૧ કિલો ગોબરથી ૩૦ કિલો ખાતર બને છે. આ ખાતરની ગુણવત્તા કેવળ ગોબરથી બનેલા ખાતરથી ચાર ગણી વધારે છે. નેડેપ કમ્પોસ્ટ ખાતર આપવાથી પાકમાં જીવાતનું આક્રમણ નહિવત્ થઈ જાય છે. ગોમૂત્રથી કીટનાશક પણ બનાવવામાં આવે છે, જે પાકનું જીવાતથી રક્ષણ કરે જ છે. સાથોસાથ છોડને પોષક તત્ત્વો પણ આપે છે. ગોપાલન દ્વારા બેરોજગારીની સમસ્યાનું સમાધાન શક્ય છે.

ઉક્ત સમસ્ત જાણકારી આપતું એક પુસ્તક 'જયતિ જય ગોમાતા', મૂલ્ય રૂા. ૧૫, યુગનિર્માણ યોજના, મથુરાથી પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકના સ્વાધ્યાયથી આપ સારી રીતે સમજી શકશો કે પ્રત્યેક તર્કની કસોટી પર ગાયના દૂધનું સેવન કરવાનું અને ગોપાલન કરવાનું અત્યંત ઉપયોગી છે. દૂધ ન દેનારી ગાય પણ ગોમૂત્ર, ગોબર અને આશીષના બહુમૂલ્ય ઉપહારોથી પોતાનું અને ગોપાલકનું પાલપોષણ કરવામાં સક્ષમ છે. એક ગાયના ગોબર અને ગોમૂત્રથી બનાવેલ નેડેપ ખાતર, સાબુ, શેમ્પૂ, અગરબત્તી તથા અનેક ઔષધિઓ બનાવીને એક વર્ષમાં એક લાખ રૂપિયાની કમાણી કરી શકાય છે. ગોબર અને ગોમૂત્રથી ચાલતા કુટિર ઉદ્યોગો અને ઔષધિઓની વિસ્તૃત જાણકારી આ પુસ્તકમાં આપવામાં આવી છે. આપને વિનંતી કે આપ પોતે આ પુસ્તક વાંચો અને બીજાં અનેક ભાઈબહેનોને વંચાવવાનો પરમાર્થ કરો. આ પુસ્તકના અંતે સંકલ્પપત્ર આપવામાં આવ્યો છે. આ સંકલ્પપત્ર વધુમાં વધુ ભાઈઓ પાસે ભરાવીને યુગનિર્માણ યોજના, મથુરા મોકલવાની કૃપા કરશો. અમે ગોપ્રેમી ભાઈબહેનોનું સંગઠન બનાવી રહ્યા છીએ. આ પુસ્તક વાંચીને જે પ્રેરણા મળે તેનાથી ભાષણ આપીને અને સલાહસૂચન આપીને ગામેગામ જઈને લોકોને ગાય પાળવાની પ્રેરણા આપો. જેઓ ગાય પાળી ન શકે તેમને શક્ય હોય ત્યાં સુધી ગાયના દૂધનું સેવન કરવાની સલાહ આપો. ગાયનું દૂધ પીવામાં આવશે તો ગાય પળાશે આ ચિંતન જન-જનમાં પ્રસારિત કરો. પ્રત્યેક ૩૦ પૈસાની કિંમતના ૧૦ પુસ્તકો પ્રચાર માટે પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

* * *



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ❀ ગામ જાગરણ તીર્થયાત્રા ❀

એક લાખ પ્રચારક બનાવવા અને દેશનાં સાત લાખ ગામોની તીર્થયાત્રા કરીને યુગ ચેતનાનો શંખ ફૂંકવો એ બન્ને કામ એકએકથી ચડિયાતાં છે. એનો વિસ્તાર જ નહિ, પરિણામ પણ અદ્‌ભુત અને અભૂતપૂર્વ કહી શકાય એવું છે. સંદેશ પહોંચાડવાની અને પ્રચારક બનાવવાની પ્રક્રિયા એવી છે, જેને બુદ્ધના ધર્મપરિવર્તનથી કોઈપણ રીતે ઓછી આંકી શકાય નહિ. આનાથી ઓછા મહત્ત્વની વ્યવસ્થા વિના મનુષ્યમાં દેવત્વના ઉદય અને ધરતી પર સ્વર્ગ ઉતારવાની સંભાવના પ્રત્યક્ષ કરી બતાવી શકાય નહિ. આના માટે ભાવનાશીલ, પ્રજ્ઞાવાન વ્યક્તિઓની શ્રમસાધના અને ત્યાગભાવનાની મોટા પ્રમાણમાં અપેક્ષા છે. ગામ જાગરણ તીર્થયાત્રાના બે ઉદ્દેશ છે.

(૧) દેશનાં ગામેગામમાં યુગચેતનાનો સંદેશ સંભળાવવો, જન-જનના મનમાં અલખ જગાવવો.

(૨) દેશનાં ઉપેક્ષિત અર્ધમૃત તીર્થોમાં પ્રાણ ફૂંકવો, તેનો પુનરુદ્ધાર કરવો.

ભારતમાં સાત લાખ મોટાં ગામ છે. આ તમામ ગામોમાં યુગચેતનાની જાણકારી પહોંચાડવાની છે અને તેના સિદ્ધાંતો સમજાવવાના છે. પ્રજ્ઞાયુગનું અવતરણ નજીકમાં જ છે. તેમાં દૂરદર્શી વિવેકશીલતાનું સ્વરૂપ, ઉદ્દેશ્ય અને વ્યવહાર પ્રત્યેક વ્યક્તિને સમજાવવાના છે. સાથોસાથ અત્યારની અનિચ્છનીયતા, અનૈતિકતા, મૂઢ માન્યતા અને કુરીતિઓને કારણે થનારા ભયંકર અનર્થોની જાણકારી પણ આપવાની છે. આપણે આગામી દિવસોમાં જે સમતા, એકતા, સહકારિતા, સજ્જનતાની નીતિ અપનાવવાની છે, તેનું મહત્ત્વ પણ હૃદયંગમ કરાવવાનું છે. આ બધી બાબતો માટે મનમાં ઝંખના પેદા કરવાની છે અને રિવાજના નામે ચારે દિશામાં જે અનર્થ અને અવિવેક છવાયેલા છે, તેને ઉખેડી પણ નાખવાના છે.

અત્યારના સમયમાં નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્ષેત્રમાં અનેક અનીતિઓ પ્રચલિત છે. તેના વિરુદ્ધ લોકમત અને આક્રોશ પણ જાગૃત કરવાના છે. પ્રત્યેક ક્ષેત્રમાં વિષમતા ખૂબ પ્રમાણમાં છે. તેના સ્થાને એકતા, સમતાના સિદ્ધાંતોને માન્યતા મળી શકે એવું વાતાવરણ બનાવવાનું છે.

સાત લાખ ગામ અને ૨૦ લાખ નગરોમાંથી પ્રત્યેકને તીર્થનાં રૂપમાં ફેરવવામાં આવે. ભવ્ય નગરોમાં મોટાં મોટાં મકાનોવાળાં તીર્થોને જ નહિ, નાનાં ક્ષેત્રોનાં દેવાલયોને પણ તીર્થ માનવામાં આવે અને યાત્રામાર્ગમાં આવનારાં ગામોને ધર્મ પ્રચારકનું એક પ્રભાવક્ષેત્ર માનવામાં આવે. પ્રજ્ઞાપુરાણના માધ્યમથી કથાનું આયોજન થાય. તેમાં જે કેન્દ્રીય સ્થાન હોય, જ્યાં જળાશયની સારી વ્યવસ્થા હોય ત્યાં ધાર્મિક મેળાઓનું આયોજન કરવા, કથા-યજ્ઞ સમારોહ કરવા માટે એવા દિવસો નક્કી કરવામાં આવે જે એકબીજા સાથે અનુકૂળ બને. અલગ અલગ મહિના-તિથિઓમાં અલગ અલગ મેળાઓ થાય અને તેનો ઉદ્દેશ માત્ર મનોરંજનનો ન હોતાં ધર્મ સંમેલન, યજ્ઞ, પ્રજ્ઞાપુરાણ કથા વગેરે હોય, તો તે સ્થળની અંધ પરંપરાઓ અને રૂઢિઓ નાબૂદ થઈ શકે છે. સત્પ્રવૃત્તિ વધારવા માટે નવો ઉત્સાહ જાગી શકે છે. સમૂહ લગ્ન સંસ્કારનું આયોજન પણ થઈ શકે છે. તહેવારોને સામૂહિક રીતે ઊજવીને સંસ્કારોની પરંપરાનું પુનઃજાગરણ થઈ શકે છે. તેની પાછળ છૂપાયેલા ઉદ્દેશોને જાણવાની અને તેને કાર્યાન્વિત કરવાની તક મળી શકે છે.

તીર્થયાત્રા શબ્દ સાથે આજે પણ ખૂબ શ્રદ્ધા જોડાયેલી છે. પરંતુ તે દેશભરમાં ફેલાયેલી ન રહેતાં મોટાં મોટાં શહેરો સુધી જ સીમિત રહી ગઈ છે. ત્યાં કોઈ સત્પ્રવૃત્તિઓ થતી નથી, લોકોપયોગી કાર્યો પણ થતાં નથી. દેવપૂજાને નામે કેટલાક લોકો ધંધો જ કરે છે, પરંતુ તીર્થોમાં કોઈ સાધનાસત્ર, ધાર્મિક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમારોહ, કથા, પ્રજ્ઞાપુરાણ સંમેલન, યજ્ઞ સંમેલન થતાં નથી. ભારવાહન માટે એક સાઈકલ લઈને નજીકનાં સ્થળોમાં એક એક અઠવાડિયાની ધર્મયાત્રાઓ બનાવવામાં આવે તો તેની લપેટમાં દેશનો પ્રત્યેક ખૂણો આવી શકશે અને આપણા ગામડામાં વસેલા અશિક્ષિત અને પછાત દેશમાં એક સામાજિક ક્રાંતિ થઈ શકે છે. તેનું તંત્ર સંચાલન કરવાનું બીજા કોઈને અશક્ય કે મુશ્કેલ લાગી શકે છે, પરંતુ યુગ નિર્માણ પરિવાર, પ્રજ્ઞા પરિવાર માટે એ જરાય મુશ્કેલ ન હોવું જોઈએ. કારણ કે આવી ભાવના પહેલેથી જ મનમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવી છે.

એક લાખ કુંડોનો યજ્ઞ એક સ્થાન પર કે મોટા રૂપમાં ન થવો જોઈએ. એક લાખ વરિષ્ઠ પરિજનો દ્વારા પોતપોતાના નજીકનાં ગામોમાં, વોર્ડોમાં, કોલેજોમાં એક કુંડીય યજ્ઞ કરી શકાય છે.

એક લાખ પ્રજ્ઞા પ્રચારક તૈયાર કરવામાં આવે, જે દેશ અને વિશ્વના ખૂણેખૂણામાં યુગ ચેતનાનો આલોક જગાવી શકે. તેના માટે સંગીતને માધ્યમ બનાવવામાં આવ્યું છે. તે શિક્ષિત અને અશિક્ષિત એમ બન્નેને સમાન રીતે પ્રભાવિત કરે છે, ભાવનાઓમાં મર્મસ્થાન સુધી જઈ પહોંચે છે. હાલમાં, પ્રજ્ઞાપુરાણને સંગીતમય શૈલીમાં છાપવામાં આવ્યું છે. તેના માધ્યમથી ગામેગામમાં કથા આયોજન કરીને જન જાગરણ અભિયાન શરૂ કરવા માટે આહ્વાન આપ્યું છે.

સુવર્ણજયંતી વર્ષમાં ૨૪ લાખ વૃક્ષ વાવવામાં આવે. યજ્ઞની જેમ વૃક્ષ પણ વાયુશોધનનું કાર્ય કરે છે. અને મોટા પ્રમાણમાં વૃક્ષો હોવાથી જનસાધારણ પર માનસિક સત્પ્રભાવ પડે છે. જ્યાં યજ્ઞ હોય ત્યાં ૨૪-૨૪ વૃક્ષ વાવીને તેના ઉછેરની જવાબદારી ૨૪ પરિવારોને સોંપીને સંકલ્પ પૂરો કરાવી દેવો. વૃક્ષ ન વાવી શકાય તો ઓછામાં ઓછા ૧૦૮ કુંડાંમાં તુલસીના છોડ વાવીને ઘરોમાં રાખવાનું આંદોલન શરૂ કરી દો. તુલસી વાવવાનું અભિયાન પર્યાવરણ પ્રદૂષણ દૂર કરવા, સ્વાસ્થ્ય લાભ માટે તથા ધર્મભાવના જાગૃત કરવા માટે ઉપયોગી છે. તુલસીના રોપાની સાથે "તુલસીના ચમત્કારી ગુણ" એ પુસ્તક અચૂક આપવામાં આવે. જેથી તેઓ રોગમાં તુલસીનો ઉપયોગ કરી શકે. ઘરમાં એની જાણકારી હંમેશાં રહે.

જ્યાં શ્રેષ્ઠ કાર્યો થતાં રહે છે, જે સ્થાનોની અર્વાચીન અથવા પ્રાચીન ગતિવિધિઓ જોઈને આદર્શવાદી પ્રેરણા મળે છે, તે સ્થાનોને તીર્થ કહે છે. પ્રખ્યાત તીર્થ થોડાંક જ છે. ત્યાં પર્યટકોની ભારે ભીડ રહે છે. પુણ્ય પ્રયોજનો ક્યાંય નજરે ચડતાં નથી. આ પરિસ્થિતિમાં, તીર્થ ભાવનાને પુનર્જીવિત કરવા માટે વિચારવામાં આવ્યું છે કે ભારતના પ્રત્યેક ગામને એક નાનકડા તીર્થ રૂપે વિકસિત કરવામાં આવે. માતૃભૂમિનો પ્રત્યેક કણ દેવતા છે, ગામ અને ઝૂંપડી પણ. જરૂર તો એ વાતની છે કે તેના પર છવાયેલ પછાતપણાને દૂર કરવામાં આવે અને સત્પ્રવૃત્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવે. એટલા માત્રથી જ ત્યાં ખૂબ ઉત્સાહવર્ધક, પ્રેરણાપ્રદ અને આનંદદાયક કંઈક મળી શકે છે. પ્રત્યેક ગામ એક તીર્થ - એ યોજનાનો ઉદ્દેશ છે - ગ્રામોત્થાન, ગ્રામ સેવા, ગ્રામ વિકાસ. આ પ્રણાલી માટે કઠોર પરિશ્રમ કરવામાં આવે અને એ પરિશ્રમને ગ્રામદેવતાની પૂજા માનવામાં આવે. આ થઈ તીર્થસ્થાપના, જેને સ્થાનિક રહેવાસીઓ અને બહારના સેવાભાવીઓ હળીમળીને પૂરું કરી શકે છે.

ગામોને તીર્થ રૂપમાં વિકસિત કરવા માટે તીર્થયાત્રા ટોળીઓ કાઢવાની યોજના છે. પદયાત્રાને સાઈકલયાત્રાના રૂપમાં માન્યતા આપી છે. ચાર સાઈકલ સવારોનું એક જૂથ પીળાં વસ્ત્રો પહેરીને, ગળામાં પીળો બગલથેલો લટકાવીને સાઈકલ પર બિસ્તર, ભોજનસામગ્રી તથા માઈક લાઉડસ્પીકર લગાવીને પ્રવાસ પર નીકળશે. આ પ્રવાસ ઓછામાં ઓછો એક અઠવાડિયાનો, દસ દિવસનો, પંદર દિવસનો અથવા વધુમાં વધુ એક મહિનાનો રહેશે. જે પહેલેથી જ નક્કી થઈ ચૂક્યું હશે. જ્યાંથી યાત્રા શરૂ થશે ત્યાં જ તે પૂરી થશે. સવારે જલપાન કરીને ટોળી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નીકળશે. માર્ગની દીવાલો પર આદર્શ વાક્ય લખતી લખતી જશે.

રાત્રે જ્યાં મુકામ નક્કી કરવામાં આવ્યો હોય ત્યાં શંખ-ઘડિયાળથી ગામની પરિક્રમા અને એલાન કરવું કે અમુક સ્થાન પર તીર્થયાત્રી મંડળીનાં ભજનકીર્તન થશે. સાંજે પ્રવચન પહેલાં જે સમય મળે તેમાં પોતાનું ભોજન રાંધી- જમી લેવું. પોતાના ભોજનસામગ્રી અને રાંધવાના વાસણો સાથે રાખવાં. તેનાથી પોતાની કમાણી ખાવાનું પુણ્ય મળશે અને કોઈના પર આશ્રિત નહિ રહેવું પડે. અતિથિ સત્કારપ્રેમી પરિજનોના આગ્રહને ઠુકરાવવો નહિ.

એક દિવસના આ કીર્તનમાં સુગમ સંગીતથી ઉપસ્થિત લોકોને આનંદ આપવામાં આવશે, ત્યાં તેમને એ પણ જણાવવામાં આવશે કે ગામને સજ્જનતા અને પ્રગતિની પ્રતિમૂર્તિ કેવી રીતે બનાવી શકાય ? પ્રૌઢ શિક્ષણ, બાળ સંસ્કાર શાળા, સ્વચ્છતા, વ્યાયામશાળા, ઘરેલૂ શાકવાટિકા, પરિવાર નિયોજન, નશાબંધી, મિતવ્યયતા, સહકારિતા, વૃક્ષારોપણ વગેરે સત્પ્રવૃત્તિઓનો મહિમા અને જરૂરિયાત જણાવતાં એ પણ બતાવવામાં આવે કે આ સત્પ્રવૃત્તિઓ હળીમળીને કેવી રીતે કરી શકાય છે અને એ પ્રયત્નનો ભરપૂર લાભ કેવી રીતે લઈ શકાય છે. ગોસંવર્ધન આંદોલનના માધ્યમથી ગોપાલનની ઉપયોગિતા અને સ્વાવલંબનમાં તેનું મહત્ત્વ સમજાવવામાં આવે. જેથી ગામથી શહેર તરફની હિજરત અટકે. પંચગવ્ય દ્વારા સ્વાસ્થ્ય સંવર્ધન પર ચર્ચા અચૂક રાખવી, જેથી ગામોમાં ચિકિત્સાની સુવિધા ન હોવાનો વિકલ્પ ગ્રામીણ જનતાને મળી શકે. શક્ય હોય તો સભાના અંતે ઉત્સાહી પ્રતિભાવાળા લોકોની એક સમિતિ રચી દેવી,જે નિયમિતપણે સમયદાન, અંશદાન આપીને આ સત્પ્રવૃત્તિઓને ચલાવવામાં લાગેલા રહે.

જ્યારે ઓછામાં ઓછા દસ નૈષ્ઠિક સભ્યો એ ગામમાં બને અને સમયદાન, અંશદાન નિયમિતપણે આપીને 'ઝોલા પુસ્તકાલય' ચલાવવા લાગે ત્યારે જ કાર્યક્રમને સફળ માનવામાં આવશે. આ પ્રક્રિયા જ્યાં ચલાવવામાં આવશે ત્યાં એક ઉપયોગી સંગઠન વધતું જશે અને તેના પ્રયાસથી ગામની સર્વતોમુખી પ્રગતિનો ક્રમ ચાલતો થશે. આ જ છે તીર્થ ભાવના, તીર્થ સ્થાપના. આના માટે એવાં એક હજાર કેન્દ્રો સ્થાપવાની યોજના છે, જ્યાં ઉપર્યુક્ત તીર્થયાત્રાનો તમામ સરંજામ સુરક્ષિત રહે. સમયદાની તીર્થયાત્રીને તાલીમ આપવામાં આવતી રહે. એક ટોળીનું એક પ્રવાસચક્ર પૂરું થતાં થતાં બીજી ટોળી તૈયાર કરવામાં આવે અને તેને બીજાં ગામોના પ્રવાસ માટે મોકલવામાં આવે. એવું વિચારવામાં આવ્યું છે કે ચારે દિશાઓમાં ૫૦-૫૦ કિલોમીટર મોકલીને એક તીર્થમંડળ બનાવવામાં આવે અને એમાં જેટલાં ગામો હોય તે તમામ ગામોમાં વર્ષે એક વાર કે બે વાર પરિભ્રમણ થતું રહે. આ રીતે વિચારશીલ લોકો પોતાની પ્રેરણા વરસાવતાં તે ક્ષેત્રને પ્રકાશવાન રાખી શકશે. આ ઉત્સાહ વધતો રહે તો નિર્ધારિત ક્ષેત્રોમાં અનેક સત્પ્રવૃત્તિઓ ઉભરતી, ઉછળતી દૃષ્ટિગોચર થશે. સૌમ્યતા અને સમૃદ્ધિ તેમને સાચા અર્થમાં ગ્રામ્ય તીર્થ બનાવી દેશે. ૫૦ કિલોમીટર વિસ્તારનું એક મોટું મંડળ વર્ષમાં એક પ્રજ્ઞા સંમેલન આકર્ષક મેળા રૂપે યોજી શકે છે. આ સમગ્ર ક્ષેત્રનું સંગઠન દહેજ જેવી કુરીતિઓને જડમૂળથી ઉખાડીને ફેંકી શકે છે. સમાજમાં વ્યાપ્ત કુરીતિઓને ઉખેડવાનું આ સંમેલનથી શક્ય બને છે. સત્પ્રવૃત્તિઓ સમાજમાં વધવા લાગશે તો તીર્થયાત્રાનો ઉદ્દેશ પૂરો થઈ જશે અને આર્ષ ગ્રંથોમાં તીર્થયાત્રાનું જે પુણ્ય બતાવવામાં આવ્યું છે તે મળતું રહેશે. યુગનિર્માણ મિશનની વિચારધારા અને ભાવનાઓથી ઓતપ્રોત, પૂજ્ય ગુરુદેવના સપનાનું આદર્શ ગામ મેરઠ જિલ્લાનું સોલાના ગામ છે. આ ગામ પૂજ્યવરની એ વિચારધારાને સાચી સિદ્ધ કરે છે કે સમાજને સભ્ય-સમર્થ બનાવવામાં શાસન, પ્રશાસન, પોલીસ કે અદાલતથી પણ વધુ યોગદાન અધ્યાત્મનું છે. આગામી અંકમાં આ ગામ વિશે વિસ્તારથી ચર્ચા કરીશું.

▲ ▲ ▲



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગુરુદેવની સલાહ આપણે માથે ચડાવીએ

મારાં બાળકોને, સાથીઓને, મિશનના કાર્યકર્તાઓને મળવાનું મને બહુ મન હતું, પરંતુ સંજોગ ઊભો થતો ન હતો. પહેલાં એમ થયું કે અહીં બોલાવું અને એક એક સાથે વાત કરું અને મારું મન ખોલીને આપ સૌની સામે રાખું. અને આપની નાડ પણ પારખું પરંતુ તે સંભવ નથી. એટલા માટે આપ એમ માનીને ચાલો કે આપની સાથે વ્યક્તિગત વાત કરવામાં આવી રહી છે અને એકાંતમાં એકલા બોલાવીને ખભા પર હાથ મૂકીને આપને જ કહેવામાં આવી રહ્યું છે, કોઈ બીજાને નહિ.

આપ આ વાતોનો જીવનમાં પ્રયોગ કરશો તો હું આપને વિશ્વાસ આપું છું કે આપની એવી ઉન્નતિ થતી રહેશે કે ગામડામાં જન્મ્યા પછી અમે ઉન્નતિ કરતા ચાલ્યા અને ઉન્નતિના ઊંચા શિખર પર જઈ પહોંચ્યા. આપને માટે આ રસ્તો ખુલ્લો છે, પરંતુ જો આપ એવું નહિ કરી શકો તો આપ વિશ્વાસ રાખો કે આપ હલકા માણસ હશો અને હલકા જ રહી જશો. આપની કહેવા યોગ્ય કોઈ પ્રગતિ થઈ શકશે નહિ અને મારી ઈચ્છા આપને જેવા બનાવવાની હતી તેવા બની શકશો નહિ.

અમે જે કામ કર્યું છે તે કામ આપે કરવું જોઈએ. હું સૈદ્ધાંતિક રૂપે જણાવું છું કે અમે આસ્થા જગાવી, શ્રદ્ધા જગાવી, નિષ્ઠા જગાવી. નિષ્ઠા, આસ્થા અને શ્રદ્ધા કોના પ્રત્યે જગાવી ? વ્યક્તિ પ્રત્યે ? વ્યક્તિ તો માધ્યમ હોય છે. વાસ્તવમાં સિદ્ધાંતો પ્રત્યે શ્રદ્ધા હોય છે, આદર્શો પ્રત્યે શ્રદ્ધા હોય છે. વ્યક્તિઓ પ્રત્યે શ્રદ્ધા, મૂર્તિઓ પ્રત્યે શ્રદ્ધા, દેવતાઓ પ્રત્યે શ્રદ્ધા ટકાઉ હોતી નથી. એનું કોઈ વિશેષ મહત્ત્વ નથી. મહત્ત્વપૂર્ણ એ, જે સિદ્ધાંતો પ્રત્યે નિષ્ઠા હોય છે. અમારી સિદ્ધાંતો પ્રત્યે નિષ્ઠા રહી છે.

જો સિદ્ધાંતો પ્રત્યે અમે આસ્થાવાન ન બન્યા હોત, તો શક્ય છે કેટલીય વાર ભટકી ગયા હોત અને હવાનો સૂસવાટો ઉડાડીને અમને ક્યાંય લઈ ગયો હોત. લોભનો ઝપાટો, મોહનો ઝપાટો, પ્રસિદ્ધિનો ઝપાટો, યશનો ઝપાટો, દબાણનો ઝપાટો વગેરે એવા છે કે માણસને લાંબા માર્ગે ચાલવા માટે મજબૂર કરે છે અને ક્યાંયના ક્યાંય ઘસડી જાય છે. અમને પણ ઘસડી ગયા હોત. ઘણી વ્યક્તિઓ એવી હતી જે સિદ્ધાંતવાદના માર્ગે ચાલી અને ભટકીને ક્યાંની ક્યાં જઈ પહોંચી. જેમકે, ભસ્માસુર, મારીચિ, રાવણ વગેરે. આપ ભટકશો નહિ.

આપ ક્યારેય પણ ભટકો તો આપ આપની તે દિવસની, તે મનઃસ્થિતિને યાદ કરી લેશો, જ્યારે આપની ભીતર શ્રદ્ધાનો એક અંકુર ફૂટ્યો હતો અને એ અંકુર ફૂટ્યા પછી આપની અંદર એક ઉમંગ પેદા થયો હતો અને ઉમંગ લઈને આપ અહીં આવ્યા હતા, તે દિવસને યાદ રાખશો.

સાધુ બાબાજી જે દિવસે ઘરમાંથી નીકળે છે તે દિવસે એવી શ્રદ્ધા લઈને નીકળે છે કે અમારે સંત, મહાત્મા અને ઋષિ-તપસ્વી બનવું છે. પરંતુ થોડા દિવસો પછી એ ઉત્સાહ ઠંડો પડી જાય છે. સંસારનાં પ્રલોભનો તેમને ખેંચે છે. કોઈની બહેન-દીકરી સામું જુએ છે, કોઈના પૈસા લે છે, કોઈને ચેલા-ચેલી બનાવે છે, કોઈને લૂંટે છે. પછી કોણ જાણે શું થાય છે ? પતનનો માર્ગ અહીંથી શરૂ થાય છે. ગ્રેવિટી - ગુરુત્વાકર્ષણ - પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ પ્રત્યેક ચીજને ઉપરથી નીચે તરફ ખેંચે છે. આપ સૌને મારું એ કહેવું છે આપ ગ્રેવિટીથી ખેંચાશો નહિ.

રોજ સવારે ઊઠીને ભગવાનનું નામ લો અને ભગવાનના નામની સાથે એ વિચાર કર્યા કરો કે આપણે ક્યા સિદ્ધાંત માટે સમર્પણ કર્યું હતું અને પહેલું પગલું માંડ્યું હતું તો ક્યા સિદ્ધાંતના આધારે માંડ્યું હતું. તે સિદ્ધાંતોને રોજ યાદ કરી લો. આપણી એ શ્રદ્ધામાં, અને નિષ્ઠામાં, સંકલ્પમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને એ ત્યાગવૃત્તિમાં કોઈ ફર્ક તો નથી આવ્યો ને ! સંસારને આપણે ખેંચી તો નથી લીધો, વાતાવરણે આપણને અધમ તો નથી બનાવી દીધા ને ! આપણે ક્યાંક હલકા લોકોની નકલ તો કરવા નથી લાગ્યા ને! આપ એવું ન કરશો.

આપમાંની પ્રત્યેક વ્યક્તિએ એ જોવું જોઈએ કે આપણી શ્રદ્ધા નબળી તો નથી પડી, આપણી લગની નબળી તો નથી પડી અર્થાત્ પરિશ્રમ કરવા પ્રત્યે આપણો જે ઉત્સાહ - ઉમંગ હોવા જોઈએ એમાં ક્યાંય ખોટ તો નથી આવી. જવાબદારી દરેક વ્યક્તિને રાત-દિવસ કામ કરવા માટે લગન લગાવે છે અને તે આપના પ્રત્યે પણ છે. આપે પણ વ્યક્તિગત જીવનમાં આપની શ્રદ્ધાને કાયમ રાખવાનું અને આપની લગનીને જીવંત રાખવાનું એ બે કામ-જે આપના વ્યક્તિગત જીવનનાં છે તે આપે કરવાં જ જોઈએ.

નવી વાત એ છે કે આ મિશન અમે કેટલા પરિશ્રમથી બનાવ્યું છે, તેનો કેટલો વિસ્તાર થઈ ગયો, કેટલું ફેલાઈ ગયું, કેટલું ખૂલી ગયું અને કેટલો વિસ્તાર થતો જાય છે. બહુ મોટું કામ છે. બહુ મોટી યોજના છે. આ કામ અમે શરૂ કર્યું પરંતુ હવે એ જવાબદારી અમે આપને સોંપીએ છીએ. તમામ પરિજનોને અમે આ કામ સોંપીએ છીએ કે આપ અમારાં બાળકોની જેમ કોઈપણ સંજોગોમાં અમારું કામ આગળ વધારો, બંધ ન થવા દો. અમે તો આપની વિદાય લઈશું, પણ જવાબદારી આપની પાસે આવશે.

આપ કપૂત નીકળશો તો લોકો આપની ખૂબ નિંદા કરશે અને અમારી તો વધારે કરશે. કબીરનો પુત્ર કબીરનાં માર્ગે ચાલતો ન હતો, તો આખી દુનિયાએ તેમને કહ્યું હતું કે - ''બૂઢા વંશ કબીર કા, ઉપજા પૂત કમાલ.'' આપને કમાલ કહેવામાં આવશે અને એમ કહેવામાં આવશે કે કબીર તો સારો માણસ હતો, પરંતુ તેનાં સંતાનો તો ફૂટી કોડીનાં પણ નથી. આપે ફૂટી કોડીનાં સંતાનો પેદા કરવાનાં નથી.

આપે આ કાર્યનો વિસ્તાર કરવાનો છે. જે કાર્ય અમે કરતા રહ્યા છીએ તે અમે એકલાએ નથી કર્યું. હળીમળીને અસંખ્ય વ્યક્તિઓના સહયોગથી કર્યું છે. અને આ સહયોગ અમે પ્રેમથી ખેંચ્યો છે, ભાવનાથી ખેંચ્યો છે, લગનથી ખેંચ્યો છે, આત્મીયતાના આધારે ખેંચ્યો છે. આ ગુણ આપની ભીતર પણ પેદા થઈ જાય તો જે વ્યક્તિ આપની સાથે સાથે કામ કરતી રહે છે તેમને પણ મજબૂત બનાવતા રહેશો અને જેમની આગળ જતાં જરૂર પડશે એવી નવી વ્યક્તિને પણ મજબૂત બનાવતા રહેશો. હજી અસંખ્ય વ્યક્તિઓની જરૂર પડશે.

આપને સંકલ્પનું નામ યાદ છે ને - ''નવો યુગ લાવવાનો સંકલ્પ''. નવો યુગ લાવવાનો સંકલ્પ બે-ચાર વ્યક્તિઓનું કામ છે ? હજારો વ્યક્તિઓનું કામ છે. જે કામ અમે અમારા જીવનમાં કર્યું છે, તે જ કામ આપે પણ કરવાનું છે. નવી વ્યક્તિઓને બોલાવવાનું કામ પણ આપનું છે. નવી વ્યક્તિને કેવી રીતે બોલાવવી ? અમે કુટુંબને પ્રેમની દોરીથી બાંધેલું છે, આત્મીયતાની દોરીથી બાંધેલું છે, ભાવનાની દોરીથી બાંધેલું છે. આ દોરી આપે પણ તૈયાર કરવી જોઈએ. જેથી આપ નવી વ્યક્તિઓને બાંધીને આપની પાસે રાખી શકો અને જે વ્યક્તિ વર્તમાનમાં છે તેને મજબૂતીથી જકડી રાખી શકો. નહિતર આપ એમને પણ મજબૂતીથી જકડી નહિ શકો, તેઓ પણ નહિ રહે.

આપની પાસે એવી પ્રેમની દોરી હોવી જોઈએ, આપની પાસે એવી મીઠાશની દોરી હોવી જોઈએ, આપની પાસે આપના વ્યક્તિગત જીવનનું ઉદાહરણ રજૂ કરવાની એવી દોરી હોવી જોઈએ જેનાથી પ્રભાવિત કરીને આપ વ્યક્તિના હાથ જકડી શકો, પગ જકડી શકો, આખી ને આખી પકડીને જિંદગીભર આપની પાસે રાખી શકો. આ કામ પણ વિશેષતાના રૂપમાં કરવું પડશે. સંસ્થાઓ આના જ આધારે ચાલે છે, સંસ્થાઓની પ્રગતિ આના જ આધારે ટકેલી છે. સંસ્થાઓ જે નષ્ટ થઈ છે, સંગઠન જે નષ્ટ થયાં છે આ જ કારણે નષ્ટ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થયાં છે.

વ્યક્તિની અંદર લગની હોય તો તે સો ગણું કામ કરાવી લે છે. એટલું મોટું કામ કરાવી લે છે કે અમારા કામને જોઈને આપને આશ્ચર્ય થશે કે આટલું સાહિત્ય લખવાથી માંડીને આટલું મોટું સંગઠન ઊભું કરવા સુધી અને આટલી મોટી ક્રાંતિ કરવાથી માંડીને આટલા આશ્રમ બનાવવા સુદ્ધાંનું જે કામ શરૂ કર્યું છે તે કેવી રીતે થઈ ગયું ? આ શ્રમ છે શ્રમ, આ અમારો શ્રમ છે. અમે શ્રમ કરવામાંથી પાછીપાની કરી હોત તો અમે એવા જ હલકા માણસ થઈને રહી જાત, જેમને પોતાનું પેટ પાળવાનું પણ મુશ્કેલ બની જાય છે. ચોરી-ઠગાઈથી, ચાલાકીથી, જ્યાંથી મળે ત્યાંથી પેટ ભરવા માટે, કપડાં પહેરવા માટે અને મોજશોખ પૂરા કરવા માટે પૈસા ભેગા કરતા રહેવાથી આટલું મોટું કામ શક્ય ન બની શકે.

અમે જોઈશું કે જે લોકોને અમે પાછળ છોડીને આવ્યા હતા તેમણે અમારી પરંપરાઓને નિભાવી છે અને જો અમને જાણ થશે કે એમણે અમારી પરંપરા નિભાવી નથી અને વ્યક્તિગત તાણાવાણા ગૂંથવાનાં શરૂ કર્યાં છે, પોતાના વ્યક્તિગત અહંકાર, વ્યક્તિગત યશકામના અને વ્યક્તિગત ધનસંગ્રહ કરવાનો ક્રમ શરૂ કર્યો છે, વ્યક્તિગત રીતે મોટા માણસ બનવાનું શરૂ કરી દીધું છે તો અમારી આંખોમાંથી આંસુ ટપકશે. જ્યાં ક્યાંય પણ અમે બેસીશું તો ત્યાં જઈને અમારી આંખોમાંથી જે આંસુ ટપકશે તે આપને ચેનથી બેસવા નહિ દે. વધુ હું કાંઈ કહેતો નથી. આપને હેરાન કરી દેશે, હેરાન.

અમને વિશ્વાસ આપીને અમારો વિશ્વાસઘાત કરશો તો મારો શાપ છે કે આપને ક્યારેય ચેન પડશે નહિ અને આપને યશ મળશે નહિ કે ખ્યાતિ મળશે નહિ અને ઉન્નતિ થશે નહિ. આપનું અધઃપતન થશે, આપનો અપયશ થશે. આપનો જીવાત્મા આપને મારી નાખશે. આપ એવું ન કરશો, વારુ.

મારે મારા મનની વાત કહેવી હતી તે મેં કહી લીધી. કરવું એ આપનું કામ છે. આ બતાવેલી વાતોને કેટલી હદ સુધી કાર્યરત કરવી અને ક્યાં સુધી ચાલવું ? હવે એ આપ વિચારજો. ખબર નથી આપ એને કાર્યરૂપ આપશો કે નહિ. જો આપશો તો મને ખૂબ આનંદ થશે અને હું સમજીશ કે આજે મેં દિલ ખોલીને આપની સામે જે રાખ્યું હતું, તે આપે સારી રીતે વાંચ્યું. તે સમજ્યા અને જીવનમાં ઉતારીને એવો લાભ ઉઠાવવાની સંભાવના શરૂ કરી દીધી, જેવી મેં મારા જીવનમાં કરી. આ માર્ગ આપના માટે ખુલ્લો છે. ભલે આપ પાછળ પાછળ આવો, સાથે આવો, અમને જુઓ અને આપને પોતાને બરાબર કરો.

❋ ❋ ❋

**વાસવદત્તા તે સમયના શ્રાવસ્તી નગરીની અનિંદ્ય નગરવધૂ હતી. સંપૂર્ણ કુલીન સમુદાય તેને પામવા માટે ભમરાની જેમ આસપાસ ફરતો રહેતો. ભિક્ષુ ઉપગુપ્ત તે સમયે મહાન તપસ્વી જ નહીં, સૌંદર્ય અને સૌષ્ઠવની પ્રતિમૂર્તિ પણ હતા. વાસવદત્તા ફક્ત તેમને જ ચાહતી હતી, પરંતુ આત્માના ઉપાસક ઉપગુપ્ત પર તેનો કોઈ પ્રભાવ ન પડ્યો. જીવનના ઉત્તરકાળમાં વૃદ્ધા વાસવદત્તા બીમાર થઈ ગઈ, ત્યારે એક દિવસ ઉપગુપ્ત તે તરફ પહોંચ્યા. વાસવદત્તાએ તેમને જોઈને કહ્યું, તાત ! આપ હવે આવ્યા છો, જ્યારે મારી પાસે આપના માટે કશું જ બાકી રહ્યું નથી.**

**આત્મજ્ઞાની ઉપગુપ્તની આંખો ભીની થઈ ગઈ. તેમણે અત્યંત આદર અને સ્નેહપૂર્વક વાસવદત્તાને કહ્યું, ભદ્રે ! સૌંદર્ય તો આત્માનું હોય છે અને તે અવિનાશી છે. આટલું કહી તેઓ તેની સેવામાં લાગી ગયા.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહિલા મંડળોની રચના

આ સુવર્ણ જયંતી વર્ષમાં મહિલા જાગરણ અભિયાનને નવી ચેતના આપવામાં આવી છે. પરિજનોએ યાદ રાખવું જોઈએ કે પરિવાર નિર્માણની મહત્તાને હલકું કામ સમજવામાં ન આવે, નારી ઉત્થાન આંદોલનની ઉપેક્ષા કરવામાં ન આવે. આ સંદર્ભમાં જે કાર્યક્રમો આપવામાં આવ્યા છે તે હળવા જ રાખવામાં આવ્યા છે. વ્યાપક કાર્ય સંગઠિત રૂપે જ થાય છે. મહિલા સંગઠનો આ દૃષ્ટિએ અવશ્ય રચવા જોઈએ. તેમને યુગ નિર્માણ યોજના અંતર્ગત પ્રજ્ઞા મંડળો સાથે સંબંધિત માનવા છતાં પણ એક રીતે સમાન અને પૃથક રાખવામાં આવ્યાં છે. કાર્યક્ષેત્રની પૃથકતા અને નરનારીઓ વચ્ચેની મર્યાદાને ધ્યાનમાં રાખતાં આ પ્રકારની પૃથકતા જરૂરી હતી. સુવર્ણ જયંતિ વર્ષમાં સમસ્ત ગાયત્રી પરિવાર શાખાઓ અથવા પ્રજ્ઞા મંડળોને કહેવામાં આવી રહ્યું છે કે તેઓ પોતાને ત્યાં એક સ્વતંત્ર રૂપે મહિલા શાખાની રચના કરી લો. પોતાના પરિવારોની તથા પ્રભાવક્ષેત્રની ઉત્સાહી મહિલાઓને તેની સભ્ય બનાવવામાં આવે. તેમનામાંથી જે વધુ ઉત્સાહી, સક્રિય અને સુયોગ્ય હોય, તેને ટુકડીની નાયિકા નિયુક્ત કરી દો. આ નવરચિત મહિલા મંડળને તેનાં કર્તવ્ય અને જવાબદારી સમજાવી દો. પહેલાં મહિલા શાખાઓ રચવામાં આવી હતી. તે હવે જૂની થઈ ગઈ છે. સુવર્ણ જયંતી વર્ષમાં પુનર્રચનાનો સંકલ્પ ઉપસ્યો છે. પાછલાં વર્ષોનાં કાર્યક્રમો અને તેમની ઉપલબ્ધિઓથી પ્રભાવિત બનીને નવું લોહી મિશનમાં દાખલ થયું છે અને કાયાકલ્પ જેવી સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ છે. સ્વાભાવિક રીતે ઉત્સાહી મહિલાઓનો જ નવપ્રવેશ થયો છે. તેથી મહિલા મંડળોની પુનર્રચના નવેસરથી કરી લેવી જોઈએ.

અનુભવ એમ દર્શાવે છે કે ઉત્કર્ષ માટે સર્વત્ર ઉત્સાહ પ્રવર્તે છે. લોકો પ્રગતિ માટે પ્રયાસની જરૂરત અનુભવે છે, અને જો કોઈ એવું કરે તો તેમાં સહયોગ પણ આપવા ઈચ્છે છે, પરંતુ મુશ્કેલી એક જ છે કે કોઈ આગળ આવવા માગતું નથી, એકબીજાના મોં સામે જોઈને વિચારે છે કે કોઈ સાહસિકે આગળ આવવું જોઈએ. આત્મહીનતાજન્ય ભય-સંકોચ જ આમાં સૌથી મોટો અવરોધ છે. *વ્યસ્તતાનું તો કેવળ બહાનું છે.* હકીકતમાં ઉત્સાહની જ ખોટ હોય છે. સદ્‌પ્રયત્નોનો અનુભવ-અભ્યાસ ન હોવાથી કોઈપણ કદમ ઉઠાવવામાં ખચકાટ થાય છે. આદર્શવાદિતા જ્યારે વ્યવહારમાં જ હોતી નથી ત્યારે એવો પણ સંકોચ થાય છે કે કોઈ સમક્ષ એવો પ્રસ્તાવ મૂકવામાં આવશે તો તેનો ઉપહાસ થશે અને તે પ્રત્યે ઉપેક્ષા સેવવામાં આવશે. આવા અનેક ભયો અને મૂંઝવણોથી સુયોગ્ય વ્યક્તિ પણ મહિલા જાગરણ અભિયાન જેવાં રચનાત્મક કાર્યોનો ભાર પોતાના ખભે લેતાં અચકાય છે.

જ્યાં બે સાહસિક મહિલાઓ પોતાની જોડી બનાવીને પોતાના ક્ષેત્રમાં સદ્‌પ્રવૃત્તિઓને અગ્રગામી બનાવવા માટે કમર કસીને તૈયાર બને છે ત્યાં આ મુશ્કેલી સાહજિક રીતે જ હલ થઈ જાય છે. તેમણે જો પોતાના ઘરેથી નીકળી પાસ-પડોશમાં જઈ સંપર્ક સાધ્યો હોય તો ખબર પડશે કે ઉપેક્ષાની સરખામણીમાં સહયોગની આકાંક્ષા ક્યાંક વધારે છે. ઉત્સાહી પ્રતિભાઓનું અગ્રગમન સદાય ચમત્કારી સફળતાઓ ઉત્પન્ન કરે છે. મહિલા જાગરણ અભિયાન માટે કરવામાં આવતા સત્ પ્રયત્નોને પણ પ્રગતિનો અવસર આ જ આધારે મળ્યો છે. જ્યાં બે મહિલાઓ આ સંકલ્પ લઈને આગળ આવી, ત્યાં સર્જન પ્રક્રિયા પોતાની રીતે પોતાની મેળે ચાલવા લાગી અને ક્યાંથી ક્યાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પહોંચી ગઈ.

આ પ્રકારના આંદોલન સંગઠનના આધારે જ તેઓ સફળ થાય છે. વ્યક્તિ અને સમાજનું નવનિર્માણ એકાકી પ્રયત્નોથી થઈ શકતું નથી. ઐતિહાસિક ઉદાહરણોમાં રામના રીંછ-વાનરો, કૃષ્ણના ગોપબાળો, ગાંધીજીના સત્યાગ્રહીઓ, બુદ્ધના પરિવ્રાજકોનો ઉલ્લેખ કરવામાં આવે છે. પુરાણોમાં વર્ણવાયેલ દેવતાઓની સંયુક્ત શક્તિથી દુર્ગાનું અવતરણ અને ઋષિના રક્ત સંચયથી ભરાયેલ ઘડા દ્વારા સીતા-જન્મની ચર્ચા થતી રહી છે. જેમણે આ મિશનને અગ્રગામી બનાવવા માટે સાહસ દાખવ્યું છે, તેવી મહિલાઓએ આ તથ્ય સારી રીતે સ્વીકારી લીધું છે. આ મહિલાઓ ગલી ગલીમાં, પોળેપોળમાં સંપર્ક સાધીને મિશનને ફેલાવતી ગઈ. મહિલા મંડળના સભ્યપદ માટે બે જ શરતો રાખવામાં આવી છે (૧) સાપ્તાહિક સત્સંગ અને સમયાંતરે આયોજિત વિચારગોષ્ઠિમાં સામેલ થતા રહેવું. (૨) પોતાના ઘરમાં પ્રગતિશીલતાનું વાતાવરણ ઊભું કરવું. કોઈ પ્રકારની આર્થિક માગ ન હોવાને કારણે સંગઠનના સભ્યો બનવામાં ક્યાંય કશી મુશ્કેલી પડતી નથી. આંદોલનને આગળ ધપાવવા માટે ધનની જરૂર તો પડે છે અને તેને માટે ધનસંગ્રહનો ઉપાય પણ કરવો પડે છે, પરંતુ પ્રથમ ચરણમાં જ આ બાબત ઊભી ન કરવી એ મિશનની નીતિ છે.

જ્યારે સભ્યો પ્રાથમિક સ્થિતિથી આગળ વધીને કાર્યકર્તા બની જાય છે, ત્યારે તેમના ઘરોમાં દરરોજ એક રૂપિયો એ જ્ઞાનઘટ સ્થાપિત કરવામાં આવે છે. આ ધનરાશિથી અનેક રચનાત્મક ગતિવિધિઓનું પરિપોષણ થવા લાગે છે.

નિરંતર સંપર્ક અને નિરંતર પ્રોત્સાહનનો એક જ ઉપાય સર્વસુલભ અને લોકપ્રિય રહ્યો છે અને તે છે - દૈનિક સ્વાધ્યાય માટે ઝોલા પુસ્તકાલય અથવા જ્ઞાનરથની વ્યવસ્થા. આનાથી પ્રવચન, સત્સંગ, પરામર્શ, માર્ગદર્શનની જરૂરિયાત પૂરી થાય છે. એવાં પસંદ કરેલાં પુસ્તકો પુસ્તકાલયમાં રાખવામાં આવે છે, જે પરિવાર નિર્માણ માટે આવશ્યક વિચારો અને ઉપાયોની રૂપરેખા વિસ્તારપૂર્વક રજૂ કરે છે. આ પુસ્તકો ઘરેઘર પહોંચે અને તેમને પાછાં મેળવવામાં આવે તે ક્રમ ચાલતો રહે એવું આવશ્યક માનવામાં આવ્યું છે. જે શાખાઓમાં સાપ્તાહિક સત્સંગ ચાલે છે, ત્યાં આવી વ્યવસ્થા સહેલાઈથી થઈ જાય છે કે એ જ દિવસે સભ્યો નવું પુસ્તક લઈ જાય અને અગાઉ લીધેલું પુસ્તક પાછું આપી જાય. આટલું જો થઈ શકે તો મહિલા મંડળ સ્થાયી રૂપે ચાલવા લાગશે. આગળના કાર્યક્રમોની વિસ્તૃત માહિતી, 'નારીઓ દેશની જાગી જાય, જો...' નામના પુસ્તકમાંથી મળી શકે છે. જ્યાં મહિલા મંડળ બને, ત્યાંની ટોળી નાયિકાઓ આ પુસ્તક પત્ર લખીને નિઃશુલ્ક મંગાવી શકે છે.

❑❑❑

**કોઈ જંગલમાં સાધુ રહેતા હતા. એક દિવસ એક ઉંદર બિલાડીના ભયથી ત્યાં દોડી આવ્યો. સાધુને દયા આવી અને તેમણે તેને બિલાડી બનાવી દીધો. બિલાડી કૂતરાથી ડરતી હતી. સાધુએ તેને કૂતરો બનાવી દીધી. કૂતરો ચિત્તાથી ડરીને પૂંછડી દબાવી બેસી રહેતો. સાધુએ તેને ચિત્તો બનાવી દીધો. એક દિવસ શિકારી ત્યાં આવ્યો તો ચિત્તો પણ કુટિયામાં આવીને છુપાઈ ગયો.**

**સાધુએ વિચાર કર્યો જ્યાં સુધી તેની પ્રવૃત્તિ બદલાશે નહિ ત્યાં સુધી બહારની મદદ કોઈ કામમાં આવશે નહિ. આથી ફરી તેને ઉંદર જ બનાવી દીધો.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વાનપ્રસ્થ પરંપરા ગતિશીલ બને

વિશ્વના ખૂણે ખૂણે ઉત્કૃષ્ટ કક્ષાના સેવાભાવી મહામાનવોની ખૂબ માગ છે. સૌથી મોટો દુકાળ તેમને લગતો છે, તેમની અછતથી સર્વત્ર ત્રાહિમામ મચેલ છે. યુગનિર્માણ અભિયાનનો પરિપાક તેમના વિના સંકોચાયેલ અને મુરઝાયેલ છે. સમયના પોકારનો સૂર તીક્ષ્ણ બનતો જઈ રહ્યો છે અને અધિક ભાવનાશાળી, અધિક સુયોગ્ય, અધિક આત્મબળ સંપન્ન, અધિક શિક્ષિત અને અધિક કર્મઠ લોકસેવકોની બહુ મોટી સેના કુરુક્ષેત્રમાં ઉતારવામાં આવે એ અનિવાર્ય આવશ્યકતા છે. ગૃહસ્થ કાર્યકર્તાઓ એક હદ સુધી જ આ વધતી જતી આવશ્યકતાની પૂર્તિ કરી શકે છે. પરિવારનું ભરણપોષણ તેમના માટે મુખ્ય સમસ્યા છે. આ પરિસ્થિતિમાં યુગની આવશ્યકતા પૂરી કરવા માટે ભારતીય સંસ્કૃતિના પ્રાચીનતમ અને મૌલિક આધારોને જ પુનર્જીવિત કરવા પડશે અને એ જ માર્ગે ચાલવું પડશે, જે માર્ગે ચાલતાં ભારત ભૂમિને દેવભૂમિ બનાવવાની તેમજ વિશ્વનું સમગ્ર નેતૃત્વ કરવાની તક મળી હતી.

ઉચ્ચસ્તરીય કર્મઠ કાર્યકર્તાઓની સુવર્ણખાણ વાનપ્રસ્થ આશ્રમ જ છે. જીવનનો મધ્યાહ્નકાળ પરિવારના પ્રયોજન માટે વિતાવ્યા પછી જીવનની ઢળતી અવસ્થામાં વ્યક્તિત્વનું સમગ્ર નિર્માણ કરવા અને સેવાધર્મ અપનાવવાનો યોગ્ય અવસર મળી રહે છે. ત્યાં સુધી શરીરમાં થોડી શક્તિ પણ રહે છે અને મનમાં ઉત્સાહ પણ. પ્રાચીનકાળની જેમ આજે પણ વાનપ્રસ્થ અવસ્થા માટે જનસામાન્યમાં ગહન આસ્થા અને પ્રચુર ઉત્સાહ ઉત્પન્ન કરવાની જરૂર છે. જો આ પ્રવાહ ઉમડશે તો જોતજોતામાં સુયોગ્ય, આદર્શવાદી અને લોકસેવક કાર્યકર્તાઓની સેના યુગની આવશ્યકતાઓ પૂરી કરવામાં ઓતપ્રોત થયેલ જોવા મળી શકે છે. પુણ્ય પ્રયોજનોનો સમન્વય કરતાં કરતાં લોકનિર્માણ કાર્યમાં પ્રવૃત્ત થવાની પરંપરા ગાયત્રી પરિવારે જ પુનર્જીવિત કરી છે.

વાનપ્રસ્થ પરંપરા એક રીતે લુપ્ત થઈ ગયેલ છે. મફતિયા બાવાઓ તો ૫૬ લાખથી વધીને ૮૦ લાખ જેટલા થઈ ગયા છે, પરંતુ કર્મયોગીઓની જવાબદારી નિભાવનારા વાનપ્રસ્થો તો સેંકડોની સંખ્યા સુધી જ સીમિત દેખાય છે. તેઓમાં પણ સેવાધર્મ અપનાવનાર તો ગણ્યાગાંઠ્યા જ હશે. બાકીના તો કહેવાની શાંતિ અને એકાંતની ભાંજગડમાં જ્યાં-ત્યાં માળા ફેરવતા અને દિવસો પૂરા કરતા જોવા મળશે. તેમનો નિવૃત્તિનો માર્ગ અને વૈરાગ્ય વિચિત્ર છે, જેમાં અકર્મણ્યતા સિવાય બીજો કોઈ સાર જોવા મળતો નથી.

દેશવિદેશમાં જનજાગૃતિનો શંખ ફૂંકનારા, ધર્મ અને અધ્યાત્મની ઉપયોગિતા પોતાના પ્રખર વ્યક્તિત્વથી પ્રમાણના રૂપમાં સિદ્ધ કરનારા મહામાનવોની પર્યાપ્ત માત્રા જો વિશ્વકલ્યાણ માટે ઉપસ્થિત થઈ શકે તો તે ઘણી મોટી બાબત ગણાશે. ગાયત્રી પરિવારની આ એક મહાન સિદ્ધિ ગણી શકાશે. અધિકમાં અધિક સમય લોકમાંગલ્યને માટે સમર્પિત કરનાર સુયોગ્ય અને અવેતનિક પરમાર્થ પરાયણ વ્યક્તિઓની આજે જે મોટી જરૂરિયાત અનુભવી શકાય છે, તેની પૂર્તિ આપણે જ કરવાની છે. આપણાં ઘર-પરિવાર, સંબંધીઓ અને મિત્રોમાંથી જેઓ આ ક્ષેત્રમાં પ્રવેશી શકવાની મનોસ્થિતિમાં અને પરિસ્થિતિમાં હોય, તેમને આ માટે સલાહ આપવી અને તેમને પ્રોત્સાહિત કરવા, એ આપણું કર્તવ્ય હોવું જોઈએ.

બધા પ્રાણવાન પરિજનો ક્ષેત્રના વરિષ્ઠ નાગરિકો અને પારિવારિક જવાબદારીઓથી મુક્ત ભાઈબહેનોની એક યાદી તૈયાર કરવી, જેમાં નામ, સરનામું, ફોન નંબર, શિક્ષણ, ઉંમર, શારીરિક સ્વાસ્થ્ય, પહેલાંનો વ્યવસાય, આજકાલ તેઓ શું કરે છે, તેમને ક્યાં ક્યાં કાર્યોમાં વિશેષ અભિરુચિ છે, તેમના વ્યક્તિગત જીવનની સમસ્યાઓ વગેરેનો સમાવેશ હોય. આ માહિતી એકત્રિત કરીને યુગનિર્માણ યોજના, મથુરા-૩ના સરનામે મોકલી આપો. અમે આ બધા પરિજનોનું *'વરિષ્ઠ નાગરિક સંગઠન' નામનું એક સંગઠન રચી રહ્યા છીએ.*

◆ ◆ ◆



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ શક્તિ ગાયત્રી માસિકનું ક્ષેત્ર વ્યાપક બનાવવામાં આવે

યુગનિર્માણ યોજનાની વિચારણા, પ્રેરણા અને પ્રવૃત્તિઓને વધુને વધુ વ્યાપક બનાવવી તે આપણામાંના પ્રત્યેક સર્જન શિલ્પીનું પરમ પવિત્ર કર્તવ્ય છે. આ કાર્ય કઈ રીતે સંપન્ન થઈ શકે, ગતિવિધિઓનો ક્રમ કેવી રીતે ગોઠવવામાં આવે તે બાબત પર મતભેદો હોઈ શકે, પણ એ તો સર્વસંમત નિષ્કર્ષ છે કે તેના માટે આવશ્યક પ્રકાશ ઉત્પન્ન કરવા, ઉત્સાહ જગાડ્વા અને આગળ વધવાની પ્રેરણા પ્રગટાવવામાં મિશનની જલતી લાલ મશાલનું વર્ચસ્વ અસંદિગ્ધ છે. યુગની પ્રેરણાઓને જ્વલંત અને ઝડપી બનાવવામાં લાલ મશાલનું પ્રત્યક્ષ પ્રતિનિધિત્વ કરનારું માસિક યુગ શક્તિ ગાયત્રી જ છે. જે પરોક્ષ પ્રેરણાઓના પ્રત્યક્ષ શંખનાદની જેમ જનમાનસને જગાડે છે, બેઠા કરે છે, બદલે છે અને કાંઈક કરી બતાવવાની આતુરતા ઉત્પન્ન કરે છે. મિશનની ગતિવિધિઓને વ્યાપક બનાવવામાં યુગ શક્તિ ગાયત્રી માસિકનું જે મહત્ત્વ અને પ્રદાન છે, તેને અસંદિગ્ધરૂપે અનુપમ જ કહી શકાય. આની ઉપયોગિતા વિશે બે મત હોઈ જ ન શકે. મિશનનાં કેટલાં સામયિકો હાલમાં પ્રગટ થઈ રહ્યાં છે, પરંતુ યુગ શક્તિ ગાયત્રી તેમાં અત્યંત અનિવાર્ય છે. પ્રવૃત્તિઓનું અને ગતિવિધિઓનું પ્રત્યક્ષ માર્ગદર્શન તેના જ માધ્યમથી થાય છે.

તેથી બધા સર્જન શિલ્પીઓ તેને નિયમિતપણે વાંચે એવી આવશ્યકતા અનુભવાય છે. એ જ પ્રેરણા પણ આપવામાં આવે છે કે કોઈપણ ટોળીનાયક, કાર્યવાહક, પરિવ્રાજક, સર્જનશિલ્પી એવો ન રહી જાય જેના માટે એવું કહી શકાય કે તે યુગ શક્તિ ગાયત્રી માસિક વાંચતો નથી. જો આ બાબત પરત્વે ઉપેક્ષા કરવામાં આવી હશે તો તેનું પરિણામ માનસિક ઉપેક્ષા અને ક્રિયાત્મક શિથિલતા રૂપે પ્રગટ થતું હશે. આ દુઃખદ પરિસ્થિતિ તો એક રીતે પક્ષાઘાત જેવી દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટના જ ગણી શકાય. આ સ્થિતિથી પ્રત્યેક પ્રાણવાન પરિજને બચતા અને બચાવતા રહેવું જોઈએ. આપણા પ્રાણવાન પરિજનોમાંથી એક પણ એવો ન રહેવો જોઈએ, જે પોતે યુગ શક્તિ ગાયત્રી પત્રિકા નિયમિતપણે વાંચતો ન હોય અને પોતાના સાથીદારોને વંચાવવામાં કાર્યરત ન રહેતો હોય.

આ સંદર્ભમાં સુવર્ણજયંતી વર્ષમાં મિશનના સૂત્ર સંચાલકોએ અનેક દૃષ્ટિએ વિચાર કરીને એવો નિર્ણય કર્યો છે કે યુગ શક્તિ ગાયત્રી માસિકની સભ્યસંખ્યા એટલી વધતી નથી જેટલી તે વધવી જોઈએ. જ્યારે વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે આ પ્રચાર સામયિકના સભ્યો અન્ય વૈચારિક સામયિકની સરખામણીમાં ઓછા નહિ, પરંતુ તેનાથી વધારે હોવા જોઈએ. તેના વ્યાપને નડતો વર્તમાન અવરોધ કોઈપણ રીતે દૂર કરવો જોઈએ. તેની સભ્યસંખ્યા વધારવાની વાત મિશનની પ્રત્યક્ષ ગતિવિધિ વધારવા માટે પરસ્પર આશ્રિત છે તેમ સમજી લેવું જોઈએ. સભ્ય સંખ્યામાં વધારો કરવાનું કાર્ય ખૂબ અનિવાર્ય છે. પ્રત્યેક સક્ષમ પરિજન તેનો નિયમિત વાચક હોય તે, તેથી પણ વધુ જરૂરી છે. આ માસિક પ્રત્યેક સર્જન શિલ્પી માટે એક એવો પ્રકાશ છે, જેને સ્વીકારવાની આવશ્યકતા ભોજન-વસ્ત્ર જેટલી અનિવાર્ય માનવી જોઈએ. મિશનની પ્રેરણા અને ગતિવિધિઓને વ્યાપક બનાવવામાં આ માસિકનો વ્યાપ અત્યંત અનિવાર્ય છે. આ તથ્ય સમજવા અને અપનાવવા માટે તત્પર બનવાનો આ જ ઉચિત સમય છે.

માસિકના પ્રકાશનનો ઉદ્દેશ વ્યાપારી હેતુ નથી. વધારે સંખ્યામાં માસિક છપાય અને વેચાય, એ પણ ઉદ્દેશ નથી. આપણો ઉદ્દેશ એ છે કે વધુમાં વધુ વ્યક્તિઓને આ માસિક વાંચવા માટે મળે. પ્રત્યેક વાચક પોતાનું માસિક ઓછામાં ઓછી દસ નવી વ્યક્તિઓને વંચાવવાનો સંકલ્પ કરે. અમારા વાચકોને અમે આ પત્રિકા મનોરંજન માટે કે વખત પસાર કરવા માટે વાંચનાર વાચકો ગણતા નથી. આરંભથી જ અમે તેમને અમારા સાથી સંગાથી અને માનવતાના સજાગ પ્રહરી માન્યા છે. જેઓ 'અખંડ જ્યોતિ' વાંચે છે, તેઓ યુગશક્તિ ગાયત્રી પણ વાંચે તેવો અમારો ભાવભર્યો આત્મીય અનુરોધ છે.

***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રજ્ઞાપુરાણ કથાની સરિતા ઘરે-ઘરે વહે

પ્રજ્ઞાપુરાણ કથામૃત

લોકશિક્ષણને ગ્રાહ્ય બનાવવાની અને જન સામાન્યને શીખવા-શીખવવાની લગન ઘણા સમયથી રહી છે. ગુરુકુળ આરણ્યકોની વ્યવસ્થા પાછળ આ જ ભાવ છે. સમગ્ર સમાજ સુધી આ શિક્ષણની પ્રક્રિયા પહોંચી શકે તેટલા માટે મનીષીઓએ કથાકીર્તનની રીત અપનાવી. ઉદ્દેશ એ રહ્યો છે કે સમાજ વિદ્યાલય સુધી ન પહોંચી શકે તો વિદ્યાલયે સમાજ સુધી પહોંચવું જોઈએ. સમગ્ર સમાજ વિદ્યાર્થી બને અને સમગ્ર ધરતી પાઠશાળા. આ સ્વરૂપને વિકસિત કરવા માટે જાતજાતનાં ધર્માનુષ્ઠાનોનાં વિધિવિધાન બતાવવામાં આવ્યાં.

સંસારના મોટા ભાગના સમુદાય ભાવોની ભાષા સમજે છે અને કર્મમાં જીવે છે. શોધનો સંસાર વિચારો પર આધારિત છે. પ્રાચીન કાળના ઋષિ મુનિઓ ગુફાઓ અને જંગલોમાં એકાંતમાં બેસીને માનવની અંતઃપ્રવૃત્તિઓનાં રહસ્યો અને તેની બહારની પ્રવૃત્તિઓ સાથે સામંજસ્ય બાબતમાં ખોજ કર્યા કરતા હતા. આ મૂલ્યવાન તથ્યોને વ્યવહારમાં ઉતારવાની રીતનો પ્રશ્ન તો ઊભો જ રહેતો હતો. જનજીવન તત્ત્વચિંતનનું નહિ, કલાનું રસિક છે અને તે કર્મ તરફ આકર્ષિત થાય છે. જનમાનસની આ અભિરુચિને ધ્યાનમાં રાખીને વેદોને કાવ્યના રૂપમાં અને ધર્માનુષ્ઠાનોને કર્મના રૂપમાં નિરૂપિત કરવામાં આવ્યાં.

ઉપનિષદો અને દર્શનોમાં શોધનાં તારણો સૂત્રની ભાષામાં આપવામાં આવ્યાં છે. સર્વસાધારણ મનુષ્ય તે વિચારે-સમજે અને તદનુરૂપ જીવન જીવી શકે. આવી વિચારધારાને લઈને પુરાણોની ધારા વહી નીકળી. અઢાર પુરાણ અને એકવીસ ઉપપુરાણોની સાથે, રામાયણ અને મહાભારતની સાથોસાથ સમગ્ર કથા સાહિત્ય, વેદો અને ઉપનિષદોની સરખામણીમાં કેટલાય ગણું છે. ''સૂચનાત્ સૂત્રમ્''- સૂત્ર સંકેત માત્ર છે. જે તરફ એનો સંકેત હોય તે તરફ સામૂહિક જનજીવન ચાલી નીકળવા મજબૂર બને. આ ત્યારે જ શક્ય બને, જ્યારે સૂત્રોનો ભાવ સારી રીતે ઊંડાણપૂર્વક સમજાઈ જાય.

હૃદયનાં કમાડ ખુલ્લાં રહેતાં નથી. તેને ખોલવાં પડે છે અને ખોલવાની ક્રિયા પોતે જ એક કલા છે. કલાનો અર્થ ગ્રહણશીલતાનું જાગરણ. કલા, સંપર્કમાં આવનાર મનને અનાયાસ પોતાના તરફ ખેંચીને-ઘસડીને લઈ જાય છે. કલા પોતે પોતાનામાં પૂર્ણ નથી. કોઈ ને કોઈ રીતે દર્શનનો આધાર અનિવાર્ય હોય છે. ''કલા માટે કલા''નો આધુનિક વિચાર અપરિપક્વ અને ઊંધી સમજનું પરિણામ છે. જેવી રીતે પાક શાસ્ત્રના સિદ્ધહસ્ત હાથથી બનેલી વાનગીઓ જોઈને કોઈના પણ મોંમાં પાણી આવી જાય છે અને તેની પ્રશંસા થવા લાગે છે, પરંતુ જો વાનગીમાં ઝેર ભેળવ્યું હોય તો પરિણામ રોગ-શોક મૃત્યુ જ હશે. આથી મહત્ત્વપૂર્ણ એ જ છે કે પાક કલા વિશેષજ્ઞના વિચાર અને ભાવ શું છે ?

કલાઓમાં સાહિત્ય સર્વશ્રેષ્ઠ છે. તેના પર સમાજનું જીવન અને માનસિક સ્વાસ્થ્ય ટકેલું છે. પુરાણકાર એ જાણતા હતા કે દર્શન એ વિચારોની અનુભૂતિ છે અને કલા વિચારોની અભિવ્યક્તિ. આજકાલ જનતાની વિચારધારા વિકૃત થઈ ગઈ છે, એટલે કલા પણ વિકૃત થઈ ગઈ છે. જો કલાકારોમાં વિચારોનો અભાવ હશે તો તેમની કલા સમાજમાં પ્રાણ અને પ્રેરણા ભરી શકશે નહિ. આવા કલાકાર પ્રશંસા, પ્રોત્સાહન, પુરસ્કાર અને પદવીઓ મેળવીને પણ પીડા અને પતન દેનારા જ સિદ્ધ થાય છે. કથાઓના વિસ્તૃત તંત્રનું પ્રયોજન એ જ છે કે માનવની આસ્થા અને આચરણ બન્નેને ઉત્કૃષ્ટ કેવી રીતે બનાવાય ? રીત-રિવાજો, નિયમ-મર્યાદાઓ અને આચાર-વ્યવહારનું શિક્ષણ એ જ

**શુભ વિચાર, શુભ ભાવના અને શુભ કાર્ય મનુષ્યને સુંદર બનાવી દે છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કથા સાહિત્યનો ઉદ્દેશ રહ્યો છે. રામકથાએ જનજીવનમાં મર્યાદા રોપી, તો શ્રીમદ્ ભાગવત કથાએ સંવેદના અંકુરિત કરી. મૃત્યુનું રહસ્ય બતાવવામાં અને શોક નિવારણમાં હરિવંશ પુરાણની કથાઓ જીવન રહસ્યનો બોધ કરાવે છે. મહાભારત તો કથાશૈલીમાં જ્ઞાનનો વિશ્વકોશ જ છે.

અન્ય ધર્મોમાં પણ કથાઓની પ્રથા રહી છે. બાઈબલનો ઉપદેશ કથા ભંડાર જ છે. જૈન કથાઓ અને બૌદ્ધ જાતકકથાઓની શૈલી પણ આ જ છે. ઉપદેશ વખતે શ્રોતાના મનમાં પ્રશ્ન ઊઠે છે કે આનું પાલન બીજા કોઈએ કર્યું છે કે નહિ, નહિતર અમે જ શું કામ ભોગવિલાસ છોડીને આદર્શના માર્ગે ચાલીએ ? કથાનો સરિતાપ્રવાહ આ પ્રશ્નોનું સમાધાન કરતો ચાલે છે.

ભારતીય સંસ્કૃતિમાં કથાને એક ધર્માનુષ્ઠાનનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. શ્રોતા અને વક્તા બંનેએ કેટલાક ખાસ કર્મકાંડો પૂરા કરીને પોતાની મનોભૂમિનું નિર્માણ કરવાનું હોય છે. નૈમિષારણ્ય ક્યારેક આવાં ધર્માનુષ્ઠાનોનું કેન્દ્ર હતું, જ્યાંથી સૂત-શૌનક પરંપરાઓ ગામેગામ પહોંચતી હતી. આજેય એનાં ચિહ્નો નવ દિવસની રામકથા અને સાત દિવસની ભાગવતકથા રૂપે જોવા મળે છે. કથાવાચક સાધક હોય તો તેની સાધનાથી દૃષ્ટાંતોની માર્મિકતા શ્રોતાઓના હૃદયમાં સંવેદનાઓ જગાડે છે. આ કથાઓ સાંભળીને અપરાધીઓ પણ બદલાઈ ગયેલા જોવા મળ્યા છે. તુલસીદાસની રામકથા સાંભળીને રામચરિતમાનસની પોથી ચોરવા આવેલા બે ચોરોના હૃદયપરિવર્તનની વાત જાણીતી છે. રામાનુજની ભાગવતકથાએ દુર્દાંત નામના ભયંકર રાક્ષસને સંત બનાવી દીધો હતો. શુકદેવજી પાસેથી કથા સાંભળીને પરીક્ષિત રાજાનો મોક્ષ થઈ ગયો હતો. પરીક્ષિત જેવા શ્રોતા હોય અને શુકદેવજી જેવા *નિઃસ્પૃહ વક્તા હોય તો મોક્ષ આજેય શક્ય છે.*

શહેરી વાતાવરણમાં ઠાઠમાઠ, યંત્રવત જિંદગી અને ટી.વી-કોમ્પ્યૂટરની બોલબાલા કથા-આયોજન માટે ઉચિત વાતાવરણ ઊભું કરી શકતાં નથી પરંતુ ભારતના ગ્રામીણ પ્રદેશ માટે કથા સમારોહ આજેય વરદાન છે. કથા સમારોહ સાથે કીર્તનનો ગાઢ સંબંધ છે. કીર્તનમાં નૃત્ય અને સંગીતનો સમાવેશ છે. ભજનમાં ગીત અને સંગીત ગૂંથાયેલાં છે. કથામાં આ બંને જોડાયેલાં રહેવાં જોઈએ. ભજનમાં ટોળીના ગાયક જન સમૂહને પણ સામેલ કરે. કીર્તન તો આપમેળે સામૂહિક થવા લાગે છે. ભજનની પંક્તિ બધા દોહરાવે તો સારું રહે છે. ભજન-કીર્તનની પ્રક્રિયા મનુષ્યમાં ભાવોલ્લાસને વિકસિત કરે છે. યંત્રવત્ જિંદગી જીવતો માણસ નથી ખૂલીને હસી શકતો, નથી રોઈ શકતો. બસ ગૂંગળામણ - સિસકારા - તડપન જ તેના ભાગે આવે છે. કીર્તન મનોવિકારોનું વિરેચન અને રૂપાંતરની પ્રક્રિયા છે. આ જન આંદોલનમાં ચૈતન્ય મહાપ્રભુના ગૌડીય સંપ્રદાય અને મહારાષ્ટ્રના વારકરી સંપ્રદાયનું વિશેષ યોગદાન રહ્યું છે. પ્રેમોન્મત્ત બનીને સ્વર-તાલની વાત ભૂલીને નૃત્ય સાથે જે કીર્તન કરવામાં આવે છે તે હનુમદીય પદ્ધતિ છે. જેમ કે, મીરાનું કીર્તન. સ્વર-તાલ સાથે તાંડવ નૃત્ય નિયમો સાથે કરવામાં આવતું કીર્તન શાંભવી પદ્ધતિ છે. વાદ્યો સાથે કે વાદ્યો વિના બેસીને કે ઊભા રહીને ભગવન્નામનું સંકીર્તન એ નારદીય પદ્ધતિ છે. કથાની વચ્ચેવચ્ચે નામદ્વનિ, પદકીર્તન એ વૈયાસકીય પદ્ધતિ છે. ચૈતન્ય મહાપ્રભુનાં કીર્તને જઘાઈ-મઘાઈ રાક્ષસોનું જીવન બદલી નાંખ્યું હતું.

પ્રાચીન કથા અને ભજન-કીર્તનની શિક્ષણ શૈલીમાં ભૂલ થવાથી માનવજીવન દુર્દશાના ગર્તમાં ચાલ્યું ગયું. તેને પરિમાર્જિત કરીને નવેસરથી યુગાનુકૂળ બનાવવાની અકળામણે પરમપૂજ્ય ગુરુદેવને પ્રજ્ઞાપુરાણની રચના કરવા માટે વિવશ બનાવ્યા. સમય પરિવર્તનશીલ છે. તેની પરિસ્થિતિઓ, માન્યતાઓ, પ્રથાઓ, સમસ્યાઓ *અને આવશ્યકતાઓ પણ બદલાતી રહે છે. તેના* સમયને અનુરૂપ સમાધાનો શોધવાં પડે છે. આ કાર્ય કરવામાં ઋષિકલ્પ જ સમર્થ હોય છે. યુગ ઋષિએ આ પરિવર્તિત સૃષ્ટિક્રમને ધ્યાનમાં રાખીને છ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખંડોમાં પ્રજ્ઞાપુરાણની રચના કરી છે, જેમાંથી ચાર ખંડ પ્રકાશિત થઈ ચૂક્યા છે. તેની સાથે યુગ સંકીર્તનની વૈચાસકીય અને નારદીય પદ્ધતિ પણ જોડાયેલી છે.

કથાઓ મનુષ્યજીવનને ખૂબ પ્રભાવિત કરે છે. પ્રાચીન કાળમાં વિષ્ણુ શર્મા નામના પંડિતજીએ રાજાના દુષ્ટ પુત્રોને કથાઓ સંભળાવીને સદાચારી બનાવી દીધા હતા. હિતોપદેશ અને પંચતંત્રની વાર્તાઓ આનું પ્રમાણ છે. હોમિયોપેથીની મીઠી ગોળીઓની જેમ કથાઓના માધ્યમથી માનવના દૃષ્ટિકોણને બદલી શકાય છે. અહીં એ પ્રશ્ન પણ ઉદ્ભવી શકે કે જયારે પહેલેથી જ ૧૮ પુરાણ, ૨૧ ઉપપુરાણ અને વિશાળ કથા સાહિત્ય મોજૂદ હતું, તો પૂજ્યવરને પ્રજ્ઞાપુરાણ રચવાની જરૂરિયાત કેમ અનુભવાઈ ? આના વિશે એમ કહી શકાય કે રોગીનો ઉપચાર રોગ અનુસાર જ કરી શકાય છે. ત્રેતાયુગમાં રાવણે ધન અને શક્તિ એકત્રિત કરી લીધાં તો તેને અહંકાર આવી ગયો. અહંકાર જ વિનાશનું કારણ હોય છે. આ સમજાવવા માટે રામાયણની રચના થઈ. મહાભારત કાળમાં ધૃતરાષ્ટ્રના પુત્રમોહને કારણે વિનાશની કથા મહાભારતમાં સમજાવવામાં આવી અને અર્જુનના કુટુંબમોહને દૂર કરવા ગીતા લખવામાં આવી. આજનો માનવ અનાસ્થાને કારણે ભૌતિકવાદી બનીને દુર્બુદ્ધિગ્રસ્ત બની ગયો છે, તો યુગવ્યાસ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજીએ વ્યક્તિના વિચારો અને દૃષ્ટિકોણને બદલવાના ઉદ્દેશથી પ્રજ્ઞાપુરાણની રચના કરી. આ ગ્રંથની વિશેષતા એ છે કે આમાં કાલ્પનિક દેવી-દેવતાઓ, રાજા-મહારાજાઓ અને સિદ્ધ સાધકોની અશક્ય જેવી લાગતી ચમત્કારિક ઘટનાઓને કથા રૂપ આપવામાં આવ્યું છે, જેથી માણસ સમજી લે કે સદ્બુદ્ધિ દ્વારા સાધારણ માણસ કેટલો મહાન બની શકે છે.

દેવ સંસ્કૃતિની આ કથા સંકીર્તન સરિતાને ઘરેઘરે, ગામેગામ પહોંચાડવાની જવાબદારી યુગના ભગીરથોએ પૂરી કરવાની છે. આ કથાને ઓછું ભણેલા-ગણેલા શ્રદ્ધાવાન પરિજનો એક-બે મહિનાના અભ્યાસથી કહેવા માટે સમથ બની શકે ત માટે સાત દિવસના જ્ઞાનયજ્ઞ સપ્તાહની કથા, સાત પ્રકરણો લઈને એક અનુપમ સુબોધ ગ્રંથરૂપે ''પ્રજ્ઞાપુરાણ કથામૃતમ્''ની રચના કરવામાં આવી છે. આ ગ્રંથમાં કથા પહેલાંની વ્યવસ્થા અને નિત્ય થનાર કર્મકાંડની વિધિ પણ આપવામાં આવી છે. આ ગ્રંથનો સારી રીતે સ્વાધ્યાય કરીને કોઈ પણ પરિજન કથા સંભળાવવામાં સમર્થ બની શકે છે. સંગીત (ગાવા અને વગાડવાવાળા) પરિજન ગામેગામ મળી જાય છે. આવા પરિજનો સાથે આ ગ્રંથની મદદથી થોડા દિવસ અભ્યાસ કરવાથી પ્રજ્ઞાપુરાણ કથાની ટોળી તૈયાર થઈ જાય છે. આવી ટોળી ગામેગામ બનાવી લેવામાં આવે અને એક ગામના લોકો બીજાં ગામોમાં કથા કહેવા લાગે તો ખૂબ ઉપયોગી સાબિત થશે. પ્રજ્ઞાપુરાણ કથામૃતમ્ ગ્રંથ ઘરેઘરમાં વંચાવવામાં આવે. પરિવારના લોકો ભેગા મળીને ગાય અને કોઈ એક કથા વાંચી સંભળાવે, તો પરિવારમાં દરરોજ થોડીવારનો સત્સંગ થઈ શકે છે. આવી પ્રથા શરૂ કરવી જોઈએ. આ ગ્રંથનું કથા સંસ્કરણ મોટા કદમાં, મોટા અક્ષરોમાં શક્ય તેટલું જલદી પ્રકાશિત કરવામાં આવશે.

* * *

**યુદ્ધભૂમિમાં રાવણ મરેલો પડ્યો હતો. લક્ષ્મણજી તેને જોવા ગયા. પાછા ફરીને તેમણે શ્રીરામને કહ્યું, આપે તો તેને એક જ તીર માર્યું હતું, પણ તેના શરીરમાં તો અનેક છિદ્ર પડી ગયાં છે. રામે લક્ષ્મણ સહિત પોતાની વાનરસેનાને સમજાવ્યું કે રાવણના દુર્ગુણોએ જ તેને છેદ્યો છે. તેના પાપકર્મોને કારણે જ તેનું આવું દુઃખદ મૃત્યુ થયું છે.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જ્ઞાનદેવતાનાં મંદિર બને

સાચી સલાહ આપનાર નિઃસ્વાર્થી મિત્ર મળવો મુશ્કેલ છે. સારા મિત્રોની ખોજમાં મોટે ભાગે નિરાશ જ થવું પડે છે. પરંતુ જો સારાં પુસ્તકો સાથે મૈત્રી સંબંધ બાંધવામાં આવે તો સાચા મિત્ર, સગાં આપ્તજનો, હિતેચ્છુ પથદર્શક અને માર્ગદર્શકની ખોટ અનુભવવી નહીં પડે. સારાં પુસ્તકો સહાનુભૂતિમાં મિત્ર, શિક્ષણમાં ગુરુ અને સંપૂર્ણ જીવનમાં નેકીના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપનાર પરમાત્મા જેવાં હોય છે. સારાં પુસ્તકોને અમૂલ્ય સંપત્તિ કહી શકાય, પરંતુ મોટાભાગની વ્યક્તિઓનું તે તરફ ધ્યાન જ નથી જતું. જીવનમાં સુખ-સુવિધાઓ વધારનારી વસ્તુઓ માટે તો બધા પૈસા ખર્ચે છે, પરંતુ જીવનમાં પ્રકાશ પાથરનાર પુસ્તકો તરફ કોઈનું ધ્યાન ખેંચાતું નથી. આનું કારણ પુસ્તકપ્રેમનો અભાવ તો છે જ, ગરીબાઈ પણ એક મોટું કારણ છે.

પુસ્તકાલયોની સ્થાપનાને દેવમંદિર બનાવવા જેવો જ પુણ્ય પરમાર્થ માનવાની ભાવના જો પેદા થઈ શકે તો તેના માટે ધન, શ્રમ અને સમય આપવામાં કોઈ ઉદાર વ્યક્તિ ક્યારેય પણ આનાકાની કરશે નહિ. ભગવાનને પ્રસન્ન કરવા માટે મંદિર બનાવવામાં અને પૂજા ઉપચારનાં સાધનો ભેગાં કરવામાં જે રીતે પુણ્ય પરમાર્થ માનવામાં આવે છે, તે જ રીતે સદ્જ્ઞાનના દેવતાનું મંદિર બનાવવામાં સૌનું કલ્યાણ પ્રત્યક્ષ જોઈ શકાય છે. ભગવાનની કૃપાનો સંકેત એ છે કે મનુષ્યમાં સદ્ભાવનાઓ અને સદ્પ્રવૃત્તિઓ જાગે અને સુખશાંતિ અને પ્રગતિનો આધાર ઉપલબ્ધ બને, આ હેતુ પુસ્તકાલયો દ્વારા પૂરો થઈ શકે છે. સત્સાહિત્યથી જે પ્રેરણા મળે છે, તેનો પ્રભાવ વ્યક્તિના ચિંતન અને ચારિત્ર્ય પર પડે છે અને તેની પ્રતિક્રિયા નિશ્ચિત રૂપે દૃષ્ટિકોણની પરિશુદ્ધિ અને સમુન્નત જીવનક્રમના રૂપે સામે આવે છે. ઉદાર દાનવીર લોકો પોતાની સંપન્નતાને સાર્થક બનાવવા માટે કેટલાય પ્રકારના પરમાર્થ કાર્યો કરે છે. આ પ્રકારના કાર્યોમાં પુસ્તકાલયની સ્થાપના અને વિકાસને પ્રથમ કક્ષાનો માનવામાં આવે તો તેની વ્યવસ્થા સહજમાં જ થઈ શકે છે અને સ્થળે સ્થળે જ્ઞાનમંદિર ખૂલતાં, વિકસિત થતાં દૃષ્ટિગોચર થઈ શકે છે. પૂર્વજોની સદ્ગતિ અને તેમની સ્મૃતિ માટે કેટલાય લોકો જાતજાતના લોકોપયોગી ભવનો બંધાવતા જોવા મળે છે. આ સન્માન પુસ્તકાલય સ્થાપના તરફ વાળવું જોઈએ. જો આવા લોકોને સારી સલાહ મળી શકે તો સમજાવનારા અને સમજનારા બન્ને સાચી સલાહના ભાગીદાર બની શકે છે.

આવાં પુસ્તકાલયો ઈશ્વરની ઉપાસનાનાં સાચાં કેન્દ્રો હોય છે. ભગવાનનું સ્મરણ કેવળ તેમના નામ અને રૂપ દ્વારા જ કરવામાં આવતું નથી, પરંતુ ભાવનાઓના માધ્યમથી પણ તેમનું સ્મરણ કરી શકાય છે. સારા વિચારો ભગવાનની ભાવનાત્મક ઉપાસના જ છે. સારાં પુસ્તકો વાંચવા-વંચાવવા એ ભજન અને પાઠના પારાયણથી ઓછું નથી. તેથી જેમ દેવમંદિરોની સ્થાપના લગનથી કરીએ છીએ, તેમ જ્ઞાનમંદિરોની સ્થાપના પણ ઘરેઘરમાં કરવાનો પ્રયાસ થવો જોઈએ. કારણ કે વિચાર સેવા તે સૌથી સારી સેવા છે. તેથી સમાજસેવકોએ પુણ્ય પરમાર્થની દૃષ્ટિએ પુસ્તકાલયો સ્થાપિત કરાવવાં જોઈએ. કૂવા, વાવ, ધર્મશાળા, મંદિર, વૃક્ષ, બાગબગીચા બનાવવા તથા સદાવ્રત વહેંચવા જેવાં ધર્મકૃત્યોથી લોકો મુક્તિની કામના કરે છે, તેનાથી આત્મશાંતિ અને આત્મસંતોષ પણ મળે છે. પરંતુ આ યુગની આવશ્યકતાઓ જોતાં પુસ્તકાલયોની સ્થાપના સૌથી વધુ પુણ્ય ફળદાયી કર્મ છે. કોઈની તાત્કાલિક સમસ્યા હલ કરવી, કોઈકનું દુઃખ દૂર કરી દેવું, તેને સેવાધર્મ સમજવામાં આવે છે. પુસ્તકાલય દ્વારા આ કાર્ય સારી રીતે થતું રહે છે. જીવનની સમસ્યાઓને ઉકેલનારાં પુસ્તકો વાંચીને સમસ્યાપીડિત વ્યક્તિ પોતાનું સમાધાન મેળવી શકે છે. પ્રગતિ અને ઉન્નતિની આકાંક્ષા રાખનાર વ્યક્તિ જીવનનિર્માણ કરનારું સાહિત્ય વાંચીને પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે.

પરંપરાથી ચાલી આવતી જ્ઞાનની ધારાનો જો લાભ આપણે પોતે પણ ઉઠાવીએ છીએ. આ જ્ઞાન પૂર્વજો દ્વારા કરવામાં આવેલ પરિશ્રમ અને સંશોધનથી જ પ્રાપ્ત થઈ શક્યું છે. તેનો લાભ આપણને વિના મૂલ્યે મળે છે, પરંતુ નૈતિકતાની માગ છે કે તેનું મૂલ્ય કોઈ ને કોઈ રૂપે ચૂકવવામાં આવે અને ઋષિના ઋણમાંથી મુક્ત થવામાં આવે. આનો એકમાત્ર ઉપાય આ જ્ઞાન પરંપરાને આગળની પેઢી માટે જાળવી રાખવા અને વર્તમાન પેઢીમાં તેના પ્રચારની વ્યવસ્થા ઊભી કરવા રૂપે જ થઈ શકે. પુસ્તકાલય, આ વ્યવસ્થાની બધી શરતો પૂરી કરે છે.

જ્ઞાનમંદિરોના સંચાલકોએ પોતાના પ્રભાવક્ષેત્રના લોકોને પુસ્તકાલના સભ્યો બનવા માટે તૈયાર કરવા જોઈએ. એ સત્ય પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે કેવળ પુસ્તકો ભેગાં કરવાથી અને જ્ઞાનમંદિરો ખોલવાથી જ સદ્જ્ઞાન અને સદ્વિચારનો પ્રસાર થઈ શકતો નથી. તેની સાથે લોકોમાં સ્વાધ્યાય પ્રત્યે અભિરુચિ જાગૃત કરવાના પ્રયાસો પણ કરવા જોઈએ.

* * *



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સુવર્ણજયંતી વર્ષમાં પરિવારની પુનર્રચના

અત્યાર સુધી જે પ્રયત્નો થઈ રહ્યા છે તેની સરખામણીમાં આપણે પ્રખરતાની દિશામાં અનેકગણા પ્રયાસો સાહસપૂર્વક કરવાના રહેશે. આમાં સર્વપ્રથમ છે - પરિવારના પ્રત્યેક સભ્યને વ્યક્તિગત રૂપમાં શ્રદ્ધા હૃદયંગમ કરાવનાર ક્રિયાવિધિમાં વધુ સરળતાપૂર્વક જોડી દેવામાં આવે. આપણા વ્યક્તિત્વનું સ્તર જેટલું ઊંચું હશે, તે પ્રમાણે પરિવારની શક્તિ વધશે અને તથ્ય પૂરું કરી શકવાની સંભાવના વધશે. આ દૃષ્ટિએ ન્યૂનતમ કાર્યક્રમ રૂપે ચાર આધારો સત્સંકલ્પમાં શરૂઆતથી જ જોડાયેલા છે. હવે તેના પર વધુ ધ્યાન આપવાની અને વધુ સતર્કતા અને કડકાઈથી વર્તવાનો સમય આવી ગયો છે. નાનાં બાળકો દ્વારા શિષ્ટાચારના પાલનમાં વિલંબને હસીને ટાળી શકાય છે, પરંતુ મોટા થતાં તો મર્યાદાઓનું પાલન આવશ્યક બની જાય છે. તેમની ઉદ્ધતાઈને બાળકોની જેમ માફ કરી શકાતી નથી. આપણો પરિવાર હવે ૫૦ વર્ષનો પ્રૌઢ બની ગયો છે. તેના સભ્યોએ સભ્યપદ સાથે જોડાયેલાં મૌલિક કર્તવ્યો અને જવાબદારીઓ નિભાવવામાં અધિક જાગરુકતા અને તત્પરતાનો પરિચય આપવાનો રહેશે.

આત્મવિકાસના ચાર ચરણો માનવામાં આવી રહ્યા છે - (૧) સાધના (૨) સ્વાધ્યાય (૩) સંયમ અને (૪) સેવા. આ ચારેયનું આત્મિક પ્રગતિમાં એવું જ સ્થાન છે, જેવું જીવનનિર્વાહમાં (૧) આહાર (૨) વિશ્રામ (૩) મળ વિસર્જન અને (૪) શ્રમ ઉપાર્જનનું છે. યુગનિર્માણ પરિવારના સભ્યોએ આ ચતુર્મુખી સાધનાક્રમને ચતુર્ભુજ ભગવાનનું સ્વરૂપ માનીને અપનાવતા રહેવું જોઈએ. આ સંદર્ભમાં હજી સુધી ઢીલ કે પોલ વરતાતી હોય ત્યાં તેમાં તત્કાલ સુધારો થવો જોઈએ અને ચિંતનમાં તેમની ઉપયોગિતા અને કર્તૃત્વમાં તેમની આવશ્યકતાને અનિવાર્ય કક્ષાની માનવી જોઈએ. આપણા દૈનિક જીવનમાં આ બધા માટે નિયમિત સ્થાન રહેવું જ જોઈએ, પછી ભલે તે શરૂઆતમાં ન્યૂનતમ કક્ષાનાં જ કેમ ન થઈ પડે ?

પ્રયત્ન ભલે નાનો હોય, આરંભ ભલે નાનો હોય, પરંતુ તેને સિદ્ધાંતના રૂપમાં સ્વીકારીને પ્રતીક પ્રત્યક્ષની જેમ, ટોકન સંકેતની જેમ કોઈ ને કોઈ રીતે કાર્ય રૂપમાં પરિણત કરવા માટે કંઈક તો શરૂ કરી જ દેવું જોઈએ. આપણા પરિવારની એક પણ વ્યક્તિ એવી ના હોય, જેના ઉપર આ ચારેયથી અપરિચિત હોવાનો કે ઉપેક્ષા કરવાનો દોષ ઢોળી શકાય. પરિજનોમાં આ ચારેય પ્રવૃત્તિઓને અપનાવવાની ઉત્કૃષ્ટ આકાંક્ષા જગાડવામાં આવે અને તેમને આત્માના ઉત્કર્ષની દિશામાં આવશ્યક માર્ગદર્શન આપવામાં આવે.

કહેવા-સાંભળવામાં તો આ કાર્ય નાનકડું લાગે અને મહત્ત્વહીન જેવું લાગે છે, પરંતુ આ રીતે દીપથી દીપ પ્રગટાવનારી વ્યવસ્થા બનશે. કરોડો માણસો સુધી નવયુગનો પ્રકાશ પહોંચાડવા માટે જાગૃત આત્માઓમાંથી પ્રત્યેકે પોત-પોતાના નજીકના ક્ષેત્રમાં પોતાની જાતને જ કેન્દ્ર માનીને સમર્થ ધરીની જેમ ગતિચક્ર ઘુમાવવું શરૂ કરી દેવું જોઈએ. આ દિવસોમાં આ જ સૌથી મોટી સેવા છે.

સૂત્ર સંચાલકના માધ્યમથી જો ક્યાંક કશી શ્રદ્ધા પ્રગટી હોય તો હવે તેણે સક્રિયતાના રૂપમાં પરિણત થવું જોઈએ અને એ સક્રિયતાથી પ્રખરતાની માત્રા નિરંતર વધતી રહેવી જોઈએ. સક્રિયતાના આ ચારેય ચરણો આપણે ઉઠાવવા જોઈએ અને સાધના, સ્વાધ્યાય, સંયમ અને સેવાની દૃષ્ટિએ કશુંક ને કશુંક કરતા રહેવા માટે આત્મોત્કર્ષની દિશામાં અવિરત ગતિએ આગળ વધવા માટે, યુગના પડકારને ઝીલવા માટે,

જે ઉપલબ્ધ છે તેની શ્રેષ્ઠતા સમજવામાં ન આવે, તો અભાવો સિવાય બીજું કશું દેખાશે જ નહિ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવંત તત્પરતાનો પરિચય આપવો જોઈએ. પુનર્રચનાની વાત આવા જ લોકોને પ્રાધાન્ય આપવાની દૃષ્ટિએ આપણી સામે આવી છે કે શ્રદ્ધાને નિષ્ક્રિય ન રહેવા દેવામાં આવે. તેને ગતિશીલ તત્પરતા અપનાવવા માટે બળપૂર્વક આગળ ધકેલવામાં આવે.

પુનર્રચનાનાં ઉપર્યુક્ત સોપાન પૂરાં થઈ જતાં આપણા દેવ પરિવારમાં એક અભિનવ ચેતના અને શક્તિ ઉત્પન્ન થશે. એવો વિશ્વાસ છે કે આ શક્તિના આધારે યુગનિર્માણ માટે મહત્ત્વપૂર્ણ કાર્યો પૂરાં કરી શકાશે, જેના માટે આ દેવ પરિવારનું સર્જન અને સંવર્ધન કરવામાં આવ્યું છે.

ગાયત્રી પરિવાર આમ તો ઘણા લાંબા સમયથી ચાલી રહ્યું હતું, પરંતુ તેમાં અનેક મણિ-માણેકો, કમલ-પારિજાત આમ જ છુપાયેલાં-ઢંકાયેલાં પડ્યાં હતાં. હવે આ બધામાંથી પ્રત્યેકને સજાગ, સંગઠિત, સમુન્નત અને સક્રિય બનાવવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે. અત્યાર સુધી જિજ્ઞાસાઓનું સમાધાન જ કરતા રહ્યા, ક્રિયાશીલોને પ્રોત્સાહન આપતા રહ્યા, હવે નિષ્ક્રિયતાને સક્રિયતામાં પરિણત કરવાનો વિચાર છે. જે પ્રતિભાઓ આજ સુધી મિશનના વિચારો પ્રત્યે શ્રદ્ધા રાખવા સુધી સીમિત રહી છે, હવે તેઓને ખભેખભા અને પગલેપગલું મેળવીને ચાલવા કહેવામાં આવશે. પુનર્રચનાનો આ જ મુખ્ય ઉદ્દેશ છે.

હવે અમે ગાયત્રી પરિવારના પ્રારંભિક સભ્ય તેમને ગણીશું, જેઓમાં મિશનની વિચારધારા પ્રત્યે આસ્થા ઉત્પન્ન થઈ ગઈ છે, જેઓ તેનું મૂલ્ય, મહત્ત્વ સમજે છે અને તેના માટે જેઓના મનમાં ઉત્સુકતા અને આતુરતા રહે છે. જેઓ નિયમિતપણે આ વિચારધારાના સંપર્કમાં રહેવા માટે આતુર રહે છે, સમય થતાં આ આહાર ન મળવાથી બેચેની અનુભવે છે અને શોધવા માટે હાથપગ પછાડતા રહે છે, તે બધાને પરિજન-સભ્ય માનીશું. કર્મઠ કાર્યકર્તાઓની શ્રેણી આમાં સૌથી ઊંચી છે. તેમને વ્રતધારી કહી શકીએ. ઓછામાં ઓછો એક કલાકનો સમય અને એક રૂપિયો પ્રતિદિન જ્ઞાનયજ્ઞ માટે જેઓ કાઢે છે તેમની શ્રદ્ધાએ કર્મક્ષેત્રમાં પ્રવેશ મેળવી લીધો છે એમ માની શકાય છે.

સામયિકોના નિયમિત સભ્યો, વાચકો તથા અંશદાન કરનારા વ્રતધારી કર્મનિષ્ઠોને ભેગા કરીને સ્થાનિક સંગઠનના એકમ રચવામાં આવે. પરિવારની પુનર્રચના આના જ આધારે થશે. વિભિન્ન પ્રકારનાં આદાન-પ્રદાનોની શૃંખલા આ જ પરિવારની વચ્ચે ચાલશે. મિશનના ભવિષ્યની જવાબદારી આ જ પ્રાણવાન પરિજનોના ખભે નાંખવામાં આવશે.

પુનર્રચનાની યોજના એ છે કે જ્યાં પણ 'અખંડજ્યોતિ', યુગ શક્તિ ગાયત્રી વગેરે મિશનનાં સામયિકોના ઓછામાં ઓછા ૧૦ સભ્યો છે, ત્યાં તેમની ગાયત્રી પરિવાર શાખા સુગઠિત કરવામાં આવે. સંખ્યાને મહત્ત્વ આપવાને બદલે આપણે સ્તરની ગરિમા સ્વીકારવાની રહેશે. સારો વિચાર એ છે કે જેઓ મિશનના સ્વરૂપને સારી રીતે સમજે છે અને સાચી દિશામાં કદમ આગળ ધપાવવા માટે સહમત છે, તેમને જ સાથે રાખીને આગળ ચાલવામાં આવે.

પુનર્રચનાની સાથોસાથ સભ્યોને કેટલીક નિશ્ચિત જવાબદારીઓ સોંપવામાં આવી છે. સામયિકો મંગાવનારાઓને વિનંતી કરવામાં આવી છે કે તેઓ પોતે ધ્યાનપૂર્વક વાંચે જ, સાથોસાથ દસ નહિ તો ઓછામાં ઓછી પાંચ અન્ય વ્યક્તિઓને પણ વંચાવવાનું કે વાંચી સંભળાવવાનું ભાવભર્યું શ્રમદાન કરતા જ રહે. દરેક સભ્ય જ્ઞાનયજ્ઞમાં આટલું તો યોગદાન આપે જ, જેથી દરેક અંકથી કેટલીય વ્યક્તિઓ તેનો લાભ ઉઠાવે અને મિશનનો સંદેશ વધુ વ્યાપક ક્ષેત્રમાં ફેલાતો રહે. જેઓ અંશદાન કરવાનું વ્રત લઈ ચૂક્યા છે, તેમણે ઓછામાં ઓછો એક રૂપિયો અને દિવસનો એક કલાક નિત્ય બચાવીને જ્ઞાનયજ્ઞમાં લગાવવો જોઈએ. પોતાના સંપર્ક ક્ષેત્રમાં શ્રીરામ ઝોલા પુસ્તકાલય તથા માતા ભગવતી સ્વયં સંચાલિત પુસ્તકાલય ચલાવવું તે તેની સર્વશ્રેષ્ઠ રીત છે. વિચારશીલ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યક્તિઓની યાદી તૈયાર કરવામાં આવે. ક્યા દિવસે કોને ત્યાં જવાનું છે, તેનો ક્રમ નક્કી કરવામાં આવે. જ્ઞાનઘટમાં સંચિત કરેલાં ધનથી મિશનનું સાહિત્ય ખરીદવામાં આવે, જૂનાં સામયિકો પર કવર લગાવીને તેનો પણ ઉપયોગ કરવામાં આવે.

પોતાની શ્રદ્ધા અને તત્પરતાના આધારે અંશદાની-વ્રતધારી પરિજન, વરિષ્ઠ સભ્ય કહેવાશે. તેમનામાંથી જ ઓછામાં ઓછા અને વધુમાં વધુ દસ સભ્યોની એક કાર્યવાહી સમિતિ રચવામાં આવે. તેમનામાંથી જ કોઈ એકને કાર્યપાલક તરીકે નીમવામાં આવે. સૌથી વધુ યોગ્ય વ્યક્તિ જ કાર્યપાલક બને એ જરૂરી નથી. જે પૂરતો સમય ફાળવી શકે તથા સૌ સાથે સંપર્કનો સેતુ બાંધી શકે, એવા જ કોઈક પ્રામાણિક, કર્મઠ સભ્યને કાર્યપાલક માની લેવામાં આવે. અન્ય વરિષ્ઠ સભ્ય તેને સહકાર અને માર્ગદર્શન આપતા રહે. જ્યાં એક જ વ્યક્તિને સંપર્ક-સૂત્ર ગોઠવવામાં મુશ્કેલી પડતી હોય, એવાં મોટા સ્થળોએ એકથી વધારે કાર્યપાલકો પણ નિયુક્ત કરી શકાય છે. જ્યાં ગાયત્રી પરિવાર શાખામાં સભ્યોની સંખ્યા વધારે હોય, ત્યાં તેમને ટોળીઓમાં વિભાજિત કરી દેવા જોઈએ. આવી ટોળી દસથી વીસ વ્યક્તિઓની બની રહે. દરેક ટોળી કોઈ સુનિશ્ચિત ક્ષેત્ર અને સુનિશ્ચિત કાર્યોની જવાબદારી સંભાળે. મહિલા જાગરણ માટે મહિલાઓની ટોળીઓ પણ બનાવવામાં આવે. મહિલા જાગરણ પણ યુગ નિર્માણ પરિવારનાં કાર્યોનું જ એક અંગ છે. તેથી દરેક ગાયત્રી પરિવાર શાખાએ તે માટે કટિબદ્ધ થવું જ જોઈએ. મહિલાઓ વચ્ચે મહિલાઓ જ સારી રીતે કાર્ય કરી શકે છે. તેથી મહિલા મંડળોની રચના તથા મહિલા કાર્યકર્તાની નિમણૂક પણ કરી લેવી જોઈએ.

આપણાં સંગઠનોને ચૂંટણીની ઝંઝટ અને પદલોલુપતાના વિષથી બચાવવાં આવશ્યક છે. બધાં જ કાર્યો પારિવારિક ભાવનાથી ચલાવવાં જોઈએ. 'પરિવાર' શબ્દ અમને ખૂબ પ્રિય છે. આદર્શ પરિવાર એ જ છે, જેના સભ્ય એકબીજાના હિતને જ પોતાનો સર્વોત્તમ સ્વાર્થ સમજતા હોય અને અધિકાર ત્યજવા માટે તથા કર્તવ્યપાલન માટે તત્પર રહેતા હોય. આ દિવ્ય પ્રવૃત્તિઓ પરિવારમાં જ વિકસિત થઈ શકે છે. વંશ પરિવારને વિશ્વ પરિવારના રૂપમાં વિકસિત કરવો પડશે. 'વસુધૈવ કુટુમ્બકમ્'નો આદર્શ જ્યારે વ્યવહારમાં ઊતરશે ત્યારે જ સતયુગનું પુનરાગમન થશે. પારિવારિકતાની ભાવનાનું ઉત્થાન અને અભ્યુદય જ સમાજનિર્માણનો, વિશ્વશાંતિનો ઉજ્જવળ ભવિષ્યનો એકમાત્ર આધાર છે.

❄ ❄ ❄

**અબ્રાહમ લિંકન સવારસવારમાં પોતાના બૂટને પોલિશ કરી રહ્યા હતા. તેમનો એક મિત્ર આવ્યો. રાષ્ટ્રપતિને પોતાના બૂટને પોલિશ કરતાં જોયા તો તેનાથી ન રહેવાયું. તે બોલ્યો, લિંકન ! આ શું કરી રહ્યા છો ? તમારે જાતે તમારા બૂટને પોલિશ કરવી પડે છે ? લિંકન બોલ્યા, તો શું તમે બીજાના બૂટને પોલિશ કરો છો ? મિત્રએ કહ્યું, હું તો બીજા પાસે બૂટ પોલિશ કરાવું છું. લિંકન બોલ્યા - મારી સમજમાં બીજાના બૂટને પોલિશ કરવા કરતાં પણ ખરાબ વાત એ છે કે પોતાના બૂટને કોઈ બીજા માણસ પાસે પોલિશ કરાવવામાં આવે. આવાં નાનાં નાનાં કાર્યો માટે આપણે બીજાના આશ્રિત ન રહેવું જોઈએ. લિંકનની વાત સાંભળીને મિત્ર પાસે જવાબ આપવા જેવું કાંઈ રહ્યું ન હતું. તેમના મિત્રએ પણ પોતાનું કામ પોતે જાતે કરવાનો સંકલ્પ કર્યો.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જ્ઞાનદેવતાની રથયાત્રા

જ્ઞાન સાચે જ સંસારનો સૌથી મહાન દેવતા છે, તેની કૃપા પ્રાપ્ત કરતાં જ મનુષ્ય દરેક દૃષ્ટિએ ધન્ય બની જાય છે. તેને પારસ પણ માની શકાય છે, જેનો સ્પર્શ કરવાથી અને પ્રભાવ ગ્રહણ કરવાથી પોતાનું જીવન ઉત્કૃષ્ટ બનાવી શકાય છે. સદ્જ્ઞાનને કલ્પવૃક્ષ પણ કહી શકાય છે કેમ કે એના સંપર્કમાં આવનાર વ્યક્તિઓની મનોકામનાઓ પરિષ્કૃત થાય છે અને તેની પૂર્તિની વ્યવસ્થા દરેક વખતે થતી રહે છે. જ્ઞાન અમૃત છે. મૃત્યુથી છુટકારો આપનાર અથવા પી લેવાથી અમર બનાવી દેનાર કોઈ પેય છે કે નહીં તેની ખબર નથી, પરંતુ જ્ઞાન એવું અમૃત છે જેને પ્રાપ્ત કરી મૃત્યુના ભયથી મુક્ત થઈ શકાય છે. સદ્જ્ઞાનરૂપી અમૃતને પ્રાપ્ત કરી જીવન અને મૃત્યુની વાસ્તવિકતા સમજી શકાય છે. એના દ્વારા બધા પ્રકારના ભયથી મુક્ત થઈ શકાય છે. સદ્જ્ઞાન દ્વારા મનુષ્ય દેવતાઓની હરોળમાં આવી જાય છે અને દિવ્ય વાતાવરણનું નિર્માણ કરવા લાગે છે. જ્ઞાન એક એવો દેવતા છે, જેની પ્રતિમા સંપર્કમાં આવતાં જ લાભાન્વિત કરવા લાગે છે. જ્ઞાનદેવતાની જીવંત પ્રતિમા પુસ્તકો દ્વારા કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ક્ષણે જ્ઞાનદેવતા સાથે સંપર્ક સ્થાપી શકે છે.

જન-જનને આ જ્ઞાનદેવતાનો સંપર્ક કરાવવા માટે તેમની રથયાત્રા કાઢવી જોઈએ. આ પણ દેવદર્શનનો એક પ્રકાર છે અને મંદિરની વ્યવસ્થા ચલાવવા કરતાં વધુ સરળ છે. કેટલાય લોકો દરરોજ દેવદર્શન કરે છે, પરંતુ જે દિવસે રથયાત્રાનું આયોજન થાય છે તે દિવસોમાં રથયાત્રામાં ભાગ લેવાનું વિશેષ પુણ્ય થાય છે. રથયાત્રાનું ઘણું મહત્ત્વ છે અને જ્ઞાનના દેવતાની રથયાત્રાનું તો કહેવું જ શું ? જો જ્ઞાનને દેવતા માનવામાં આવે તો તેની પ્રતિમાઓ ચલ પુસ્તકાલય, રથયાત્રાના રૂપમાં ફેરવી શકાય છે. આ ચાલતો ફરતો જ્ઞાનરથ ગતિશીલ ગાયત્રી મંદિર જ છે. એના દ્વારા જનતામાં સત્સાહિત્ય પ્રત્યે પ્રેમ અને તેને વાંચવાની સુગમ વ્યવસ્થા સરળતાથી બનાવી શકાય છે. સામાજિક દૃષ્ટિએ આ એક ઉચ્ચ કોટિની સમાજસેવા છે, કારણ કે એના માધ્યમથી સામાન્ય જનતા સુધી સત્સાહિત્ય પહોંચાડીને લોકોની સમસ્યાઓ અને મુશ્કેલીઓનું વ્યાવહારિક સમાધાન રજૂ કરી શકાય છે.

વજનમાં હલકાં રબરનાં પૈડાંઓની ગાડી તૈયાર કરાવીને તેનો ઉપયોગ જ્ઞાનરથના રૂપમાં કરી શકાય છે. પુસ્તકોને તાપ અને વરસાદથી બચાવવા માટે મંદિરના ઘુમ્મટ જેવી વ્યવસ્થા તેની ઉપર કરાવી શકાય છે. ચારે તરફ સદ્વાક્યો લખેલાં હોય. એ માટે વધારે પૈસાની જરૂર પડતી નથી. સાહિત્યના કમિશનથી એની વ્યવસ્થા સરળતાથી થઈ શકે છે. પ્રત્યેક શાખામાં એક જ્ઞાનરથ અવશ્ય રહે, જેને પરિજનો બદલાવતાં રહીને સ્થળે-સ્થળે તેને ફેરવતા રહે. એનાથી જ સાહિત્ય આપવાનો અને પાછાં લેવાનો ક્રમ ચાલતો રહે છે. સાહિત્યના વેચાણથી મળતા કમિશનથી જ્ઞાનરથનું ખર્ચ નીકળતો રહે છે.

✿ ✿ ✿

આંગણામાં ખુલ્લા આકાશમાં માટીના બે ઘડા મૂક્યા હતા, પરંતુ એકનું મુખ ઉપર આકાશ તરફ હતું અને બીજાનું મુખ પૃથ્વી તરફ ઊંધું હતું. વરસાદ આવ્યો તો ઉપર મુખવાળો ઘડો પાણીથી ભરાઈ ગયો અને ઊંધા મુખવાળો ઘડો ખાલી રહી ગયો. તેણે ભરેલા ઘડાને ઘણું સંભળાવ્યું અને વરસાદ તથા ભગવાનને દોષ આપવા લાગ્યો.

તેનો બકવાસ સાંભળીને વાદળાંએ કહ્યું, અભાગિયા, ચિડાઈશ નહિ અને કોઈની ઈર્ષ્યા કરીશ નહિ, પોતાની સ્થિતિ જો, જો તેં પણ પોતાનું મુખ ઉપર ઉઠાવી રાખ્યું હોત તો તને પણ પાણી મળી જાત. ખાલી ઘડાએ પોતાની ભૂલ સ્વીકારી લીધી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગાયત્રી મંત્રલેખન મહાયજ્ઞ

કેન્દ્રીય ગાયત્રી તીર્થ મથુરામાં બનેલું છે. તેની પોતાની કોઈક વિશેષતા છે. લાખો મંદિરોમાં એક વધારાનું મંદિર ઉમેરી દેવાથી કોઈ લાભ ન હતો. આ તીર્થ એવું બનાવવામાં આવ્યું છે, જેમાં ગાયત્રીની વિશેષતાની ઉપસ્થિતિ પ્રત્યક્ષ અનુભવી શકાય. જેમ કોલ્ડ સ્ટોરમાં પ્રવેશતાં જ ઠંડક અને બળતી ભઠ્ઠી પાસે ગરમીનો અનુભવ થાય છે, તે જ રીતે આ તીર્થમાં એવી ચેતના શક્તિનું અવતરણ કરવામાં આવ્યું છે, જેની શાંતિ અને સાત્ત્વિકતાને, શક્તિ અને પ્રેરણાને, પ્રકાશ અને પ્રભાવને પ્રત્યક્ષ અનુભવી શકાય છે. આવા ચૈતન્ય શક્તિકેન્દ્રને વધુ ઊર્જાવાન બનાવવામાં આપના વિશેષ સહકારની અપેક્ષા છે. એ સહકાર આપીને આપ પોતાનું અને સમગ્ર સંસારનું પણ કલ્યાણ કરશો.

પૂર્વયુગમાં જ્યારે અસુરોનો ઉપદ્રવ ખૂબ વધી ગયો હતો અને દેવતાઓથી તેનું નિવારણ થઈ ન શક્યું, ત્યારે બ્રહ્માજીની સલાહથી બધા દેવતાઓએ પોતાની થોડી થોડી શક્તિ એક કેન્દ્ર પર કેન્દ્રિત કરી. એ સામૂહિક શક્તિકેન્દ્રમાંથી પેદા થયેલ પ્રચંડ બળવાન શક્તિએ અસુરોના ચૂરેચૂરા કરી નાખ્યા. એ જ રીતે ઋષિઓએ તપનો અંશ રાજા જનકના ખેતરમાં દાટી દીધો, સીતાનો જન્મ થયો અને રાક્ષસોના કુળનો વિનાશ થયો. ઉચ્ચ આત્માઓનું વધારાનું બળ તથા તપ એક સ્થળે એકત્રિત થાય તો ચોક્કસપણે તેનું સમ્મિલિત કેન્દ્ર અનંત અને પ્રચંડ શક્તિનું ઉદ્‌ગમ બની શકે છે.

આજે પણ અસુરોનો ઓછો ઉપદ્રવ નથી. આપણી અંદર-બહાર ચારે તરફ અસુરતાનું સામ્રાજ્ય છવાયેલું છે. તેના કારણે મનુષ્યજાતિ અનેક પ્રકારનાં કષ્ટોથી પીડા ભોગવી રહી છે. તેનું નિવારણ કરવા માટે પૂર્વકાળના ઋષિઓ અને દેવતાઓની જેમ સમ્મિલિત આધ્યાત્મિક પ્રયાસ કરવાની જરૂર પડશે.

અનેક તત્ત્વવેત્તા અને સૂક્ષ્મદર્શી આત્માઓનો એ અભિમત છે કે ૨૪૦૦-૨૪૦૦ ગાયત્રી મંત્ર શ્રદ્ધાપૂર્વક લખવામાં આવે અને એ બધા એક સ્થળે ભેગા કરવામાં આવે, તો એટલી વિસ્તૃત સાધના, ભાવના, શ્રદ્ધા તથા તપસ્યાનું સમ્મિલિત કેન્દ્ર ગાયત્રી ચેતનાથી એટલું ઓતપ્રોત થઈ શકે છે કે ત્યાં ઉપસ્થિત થનાર મનુષ્ય એ મહાશક્તિની સત્તાનો એ સ્થાન પર પ્રત્યક્ષ અનુભવ કરે. આવા સ્થાને બેસવા માત્રથી લોકોની સદ્‌બુદ્ધિ વધી શકે છે અને એ સ્થળે કરવામાં આવેલી સાધના પણ તેનું વિશિષ્ટ પરિણામ ઉપસ્થિત કરી શકે છે. ગાયત્રી મંદિર, મથુરા શક્તિસંપન્ન બને એ આશાથી એક કરોડ સાધકો ૨૪૦૦-૨૪૦૦ ગાયત્રી મંત્ર લખીને આ તીર્થ માટે પોતાનો આધ્યાત્મિક સહકાર પ્રદાન કરે. પ્રાચીનકાળમાં આત્મકલ્યાણ માટે ઋષિ-મુનિ ત્યાગ અને તપસ્યાથી પાછા હટતા નહોતા અને પરમાર્થ માટે પોતાનું શરીર સુધ્ધાં હોમવા માટે તૈયાર રહેતા હતા. એ માર્ગે આપણે પણ ચાલવાનું છે તો થોડો ઘણો ત્યાગ અને તપ તો આપણે પણ કરવાં જ પડશે.

ન્યૂનતમ ૨૪ મંત્ર રોજ લખવામાં આવે તો સો દિવસમાં ૨૪૦૦ મંત્ર સરળતાથી લખી શકાય છે. જો વધુ લખવાનું શક્ય હોય તો તેટલો જ વધારે લાભ પણ મળે છે. મંત્રજપ કરતાં લખવાનું પુણ્ય દસ ગણું વધારે માનવામાં આવ્યું છે. ૨૪૦૦ મંત્રનાં દસ પુસ્તકો લખવાનું પુણ્ય લગભગ સવા-સવા લાખનાં બે પુરશ્ચરણ પૂર્ણ કર્યા જેટલું થઈ જાય છે. આત્મશુદ્ધિ તથા પુણ્ય-પરમાર્થની દૃષ્ટિએ આટલું કરવું તે એક બહુ મોટું કામ કરવા જેવું છે. આપ સ્વયં ભાગીદાર બનીને પોતાના નિકટના ધાર્મિક પ્રવૃત્તિના લોકોમાં ગાયત્રી મંત્રનો મહિમા, તેના લેખનનું મહત્ત્વ તથા ચૈતન્ય તીર્થની આવશ્યકતાને સમજાવો તો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ કાર્યમાં સહકાર આપવા માટે સત્પુરુષો અવશ્ય તૈયાર થઈ શકે છે. જે રીતે વીમા એજન્ટને કમિશન મળે છે તે જ રીતે આપને પણ લખનારના પુણ્યનો એક અંશ અવશ્ય મળશે.

મંત્રલેખનના નિયમો ખૂબ સરળ છે. કોઈ પણ સ્ત્રી-પુરુષ, બાળક-વૃદ્ધ એમાં પ્રસન્નતાપૂર્વક ભાગ લઈ શકે છે. મંત્રલેખન પુસ્તકો મથુરામાં છપાવી દીધાં છે. એક પ્રતની કિંમત પાંચ રૂપિયા છે. આપ જરૂર મુજબ સામૂહિક રૂપે મંગાવી લેશો. શાહી કે કલમ અંગેનો કોઈ પ્રતિબંધ નથી. સામાન્ય રીતે એક વ્યક્તિ પાસે ૨૪૦૦ મંત્ર લખવાની અપેક્ષા રાખવામાં આવે છે. પુસ્તકના શરૂઆતના પાને પોતાનું નામ, પૂરું સરનામું, શિક્ષણ, ઉંમર, વ્યવસાય પણ લખવાં જોઈએ. દેશભરના ગાયત્રી ઉપાસકોનો એક વિસ્તૃત રેકર્ડ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જે ભાઈ-બહેન ૨૪ બુક, ૨૪ અનુષ્ઠાન સહિત લખીને મોકલશે તેમને વિશિષ્ટ સાધક માનવામાં આવશે. શક્ય હોય તો ૨૪ બુક્સનું બાઈન્ડીંગ કરીને મોકલવું જોઈએ. અહીં ગાયત્રી મંદિરમાં તે સુરક્ષિત રાખીને તેનું નિત્ય પૂજન થતું રહેશે. ગાયત્રી તપોભૂમિમાં ગાયત્રી માતાની પ્રાણપ્રતિષ્ઠા સમયે પૂજ્ય ગુરુદેવે ૨૪૦૦ કરોડ ગાયત્રી મંત્રલેખન કરાવ્યું હતું.

ગાયત્રી તપોભૂમિથી પરિચિત પરિજનો સારી રીતે જાણે છે કે ગાયત્રી તપોભૂમિમાં ગાયત્રી માતાની પ્રતિમાની સાથે ૨૪૦૦ તીર્થોનાં જળ-રજ તથા ૧૧૨૫૦૦૦૦૦૦૦ હસ્તલિખિત ગાયત્રી મંત્રોની પણ સ્થાપના છે. મંદિરમાં ગાયત્રી માતાની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠાની સાથે જ આ ગાયત્રીમંત્રોની પણ સ્થાપના કરવામાં આવી હતી. માતાની પ્રતિમા તથા અખંડ અગ્નિની જેમ જ આ મંત્રોની પણ પૂજા-સમ્માન કરવામાં આવે છે.

પૂજ્ય ગુરુદેવે ગાયત્રી તપોભૂમિને એક જાગૃત તથા ચૈતન્ય તીર્થ બનાવવાની પ્રક્રિયા અંતર્ગત જ આ સ્થાપનાઓ કરી હતી. ગાયત્રી તપોભૂમિ માટેનું સ્થળ પણ એમણે પોતાની માર્ગદર્શક સત્તાના નિર્દેશથી પસંદ કર્યું હતું, પરંતુ સ્થળના પ્રાચીન સંસ્કારોને જાગૃત કરવા માટે પણ કંઈક કરવાનું જરૂરી હતું. તેમની સ્વયંની વિશેષ સાધના, મંદિરના સ્થળે ૧૦૮ કુંડી નરમેધ યજ્ઞ (જેમાં એમણે પોતાનું બધું જ જનકલ્યાણ માટે અર્પણ કરવાની ઘોષણા સ્થૂળ રૂપે ભૌતિક સ્તર પર કરી હતી) અખંડ અગ્નિની સ્થાપના, તીર્થોનાં જળ, રજ તથા સાધકો દ્વારા હસ્તલિખિત મંત્રોની સ્થાપના આ સત્પ્રયાસના જ ભાગ રૂપ હતા.

યુગનિર્માણ યોજના જેવા મહાન મિશનની પ્રવૃત્તિઓના સંચાલન માટે બનાવવામાં આવનાર કેન્દ્રની ભૂમિના સંસ્કારો જાગૃત કરવા માટે તેમની પોતાની પ્રચંડ તપસ્યા અને પ્રબળ આત્મશક્તિની જ મુખ્ય ભૂમિકા રહી, પરંતુ બધા સાધકોના તપના અંશ અને સાધના-કણ પણ સંગ્રહીત કરવામાં આવ્યા. ૧૧૨૫ કરોડ હસ્તલિખિત ગાયત્રી મંત્ર એ જ રૂપે સ્થાપવામાં આવ્યા હતા.

મંદિરના સ્થાપનાકાળથી જ આ મંત્રોની બુકોનું બાઈન્ડીંગ કરીને ગાયત્રી માતાની પ્રતિમાની નજીકમાં જ સ્થાપવામાં આવેલ છે. કાગળ પર સમયનો પ્રભાવ પડે છે અને ધીરે ધીરે જીર્ણ થવા લાગે છે. જે બુકો પર મંત્રલેખન કરવામાં આવ્યું છે, તે પણ આ સાંસારિક નિયમથી પર નથી. સંભાળીને રાખવાના કારણે, હવા અને તડકામાં રાખતા રહેવાના કારણે તે સુરક્ષિત પણ છે, પરંતુ સમયની ગતિનો પ્રભાવ તેના પર પડશે જ. સાધકોની શ્રદ્ધા તથા નિષ્ઠાની મૂર્તિમાન પ્રતિમાનું નવીનીકરણ વર્તમાન બુકો જીર્ણ થાય તે પહેલાં જ નવી બુકો દ્વારા કરી નાખવાનો સંકેત પૂજ્યવર પાસેથી પ્રાપ્ત થયો છે.

ચૈતન્ય તીર્થ ગાયત્રી તપોભૂમિનું સુવર્ણ જયંતી વર્ષ ગાયત્રી જયંતી ૨૦૦૨થી ઉજવવામાં આવી રહ્યું છે. ગાયત્રી જયંતી ૨૦૦૩માં પૂર્ણાહુતિ થશે. તેથી એક વર્ષ સુધી વિશ્વશાંતિ માટે તથા મનુષ્યમાં દેવત્વ અને ધરતી પર સ્વર્ગના અવતરણ માટે આજે પણ તપના અંશની આવશ્યકતા છે. સમય સમય પર આપ સૌ ભાઈ-



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બહેનો, નવયુવકોએ સંસ્થા દ્વારા આહ્વાન થયું ત્યારે ઉત્સાહ, ઉમંગ સાથે કરોડો મંત્રલેખન અનુષ્ઠાન કરાવ્યાં છે. આજે પણ પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી પ્રથમ ચરણે એક કરોડ સાધકો દ્વારા ન્યૂનતમ એક-એક પુસ્તક (૨૪૦૦ મંત્રનું) લખાવવાનો દરેક પ્રાણવાન પરિજને પ્રયાસ કરવો જોઈએ. એક લાખ પ્રાણવાન પ્રચારક આંતર્રાષ્ટ્રીય ગાયત્રી પરિવારમાં છે. તેઓ ૧૦૦-૧૦૦ ગાયત્રી મંત્રલેખન સાધક બનાવશે તો એક કરોડ સાધકો દ્વારા ૨૪૦૦ કરોડ વિશાળ મંત્રલેખન મહાયજ્ઞ સરળતાથી પૂર્ણ થઈ શકે છે.

દેશવિદેશમાં ફેલાયેલી ગાયત્રી શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠો, શાખાઓ, પ્રજ્ઞામંડળો અને મહિલામંડળોના દસ હજાર ભાઈઓ કે શાખાઓ દસ-દસ ગાયત્રી પ્રચારક બનાવવામાં લાગી જાય તો એક લાખ ગાયત્રી પ્રચારક સરળતાથી બનાવી શકે છે. એક પ્રચારક માટે સો વ્યક્તિઓને પ્રેરિત કરવાનું કોઈ કઠિન કાર્ય નથી. પ્રત્યેક પરિવારમાં ચાર-પાંચ ભણેલા સભ્યો, બાળકો હોય છે. વીસ-પચીસ પરિવારોનો સંપર્ક કરવાથી સો સાધક બનાવી શકાય છે. તેમને એનું મહત્ત્વ સમજાવીને તેટલી મંત્રલેખન બુકો આપીને આ અનુષ્ઠાન પૂરું કરાવી શકાય છે. સ્કૂલ-કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને પણ આ કાર્ય માટે સરળતાથી પ્રેરિત કરી શકાય છે. પાંચ રૂપિયા જેવી નાની કિંમત આ પુણ્યકાર્ય માટે સાધક સુગમતાથી ખર્ચી શકે છે. તેમ છતાં જ્યાં સંભવ ન હોય ત્યાં દાનદાતાઓ પાસેથી અનુદાન એકઠું કરીને મંત્રલેખન બુકો વધારે સંખ્યામાં મંગાવી શકાય છે. બુક્સ અડધી કિંમતે પણ આપી શકાય છે, જેવી સ્થિતિ હોય તેમ કરી શકાય છે. ટપાલખર્ચ ખૂબ વધી ગયું છે, તેથી બધા પ્રાણવાન પરિજનો મળીને દસ પ્રચારકો માટે એક-એક હજાર મંત્રલેખન બુક ટ્રાન્સપોર્ટ દ્વારા ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદથી મંગાવી લે તો ખૂબ સસ્તું પડશે.

૨૪૦૦ કરોડ મંત્રલેખન મહાયજ્ઞ માટે ઉદાર દાની ભામાશાહ કે જેઓ પ્રચારક બનાવવામાં સમયની કમીને કારણે અસમર્થ હોય, તેઓ એક હજાર બુકના પાંચ હજાર રૂપિયા કે તેથી વધારે રકમ અથવા સો બુક માટે પાંચસો રૂપિયા જેવી ઈચ્છા હોય તેમ મોકલી શકે છે. આવકવેરા મુક્તિની રસીદ મોકલી આપવામાં આવશે. આપ સૌના દાનથી જ્યાં હજી પ્રચાર થયો નથી, ત્યાં મંત્રલેખન બુક્સ મોકલાવીને સમયદાનીઓના માધ્યમથી કેન્દ્ર દ્વારા સાધક બનાવવાનો પ્રયાસ થઈ શકશે.

માતા ગાયત્રીની કૃપા તથા પરમપૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજીના આશીર્વાદથી, આપ સૌના સમયદાનથી, સાધકોના લેખનથી તેમજ ભામાશાહોના અનુદાનથી આ મંત્રલેખન મહાયજ્ઞ અવશ્ય પૂર્ણ થશે. આપ સૌ મહાકાળની શક્તિ પોતાની સાથે છે એમ માની કાર્ય કરવામાં લાગી જવાના પ્રયાસથી પાછળ રહેશો નહિ.

***

**રાજા શતાયુધ પ્રજાનું નિરીક્ષણ કરવા નીકળ્યા. એક ઝુંપડીમાં વયોવૃદ્ધ જોયો. રાજા રોકાઈ ગયા. કુતૂહલવશ પૂછ્યું, "આપની ઉંમર શું છે ?" દેખાવમાં તેઓ સોની આસપાસ પહોંચી ગયેલા લાગતા હતા. વૃદ્ધએ ગરદન ઉઠાવી અને કહ્યું, "માત્ર પાંચ વર્ષ". રાજાને વિશ્વાસ ન થયો. ફરીથી પૂછયું તો એ જ ઉત્તર મળ્યો. વૃદ્ધએ કહ્યું, "પાછલું જીવન તો પશુપ્રયોજનોમાં નિરર્થક ચાલ્યું ગયું. પાંચ વર્ષ પૂર્વે જ્ઞાન ઉપજ્યું અને ત્યારથી જ હું પરમાર્થ પ્રયોજનમાં લાગી ગયો. સાર્થક ઉંમર તો ત્યારથી જ ગણું છું."**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યજ્ઞ-વિજ્ઞાન

યુગગીતા-૩૨

# જ્ઞાનની નૌકા વડે ભવસાગરને પાર કરીએ

(ગીતાના ચોથા અધ્યાયની યુગાનુકૂળ વ્યાખ્યા-ચૌદમી કડી)

'યજ્ઞોમાં શ્રેષ્ઠતમ જ્ઞાનયજ્ઞ' શીર્ષક હેઠળ અગાઉના અંકમાં અતિ મહત્ત્વપૂર્ણ આ ચોથા અધ્યાયના તેત્રીસમા અને ચોત્રીસમા શ્લોકોના માધ્યમથી જ્ઞાનયજ્ઞના મહિમાનું સમર્થન કરવામાં આવ્યું હતું. યોગેશ્વર - શ્રીકૃષ્ણનો સ્પષ્ટ મત છે કે મનુષ્યના તમામ કર્મ આ જ્ઞાનયજ્ઞમાં સમાપ્ત થઈ જાય છે તથા અજ્ઞાનમાંથી મુક્તિ જ સૌથી મોટો પુરુષાર્થ છે. આના સંદર્ભમાં પરમપૂજ્ય ગુરુદેવના વિચારચક્ર પરિવર્તનની ચર્ચા કરવામાં આવી હતી. તેમણે જ્ઞાનયજ્ઞને પતન નિવારણ માટેની સેવા એવું નામ આપ્યું છે. આ સંદર્ભમાં યુગધર્મના રૂપમાં સમયદાનની વાત કહેવામાં આવી હતી. જ્ઞાનની વિસ્તૃત વ્યાખ્યા અંતર્ગત શ્રી અરવિંદ દ્વારા સમર્થન અને ઉપનિષદોનું ચિંતન પણ પાછલી કડીમાં આપવામાં આવ્યું હતું. જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવામાં આવે, તે માટે ભગવાન અર્જુનને સલાહ આપે છે કે, તે તેના માટે એવાં તત્ત્વદર્શન ધરાવતાં જ્ઞાનીઓ પાસે જાય જેમણે આ સત્યને પ્રત્યક્ષ જોયું છે. (જ્ઞાનિનઃ તત્ત્વદર્શિનઃ). તેઓ કહે છે કે કોઈ પણ પ્રકારના છળ-કપટના ભાવરહિત, સરળતાપૂર્વક જિજ્ઞાસા વ્યક્ત કરવાથી તે બ્રહ્મજ્ઞાન દરેક વ્યક્તિને જ્ઞાની મહાત્માઓ પાસેથી, તેમની સેવા કરવાથી પ્રાપ્ત થઈ શકે છે. પાત્રતા વિકસિત કરવા માટે શિષ્ય પોતાનું બધું જ જો ગુરુને અર્પિત કરી દે, તો તે તેમની પાસેથી બ્રહ્મજ્ઞાન મેળવી શકે છે. આ જ જ્ઞાન વિશે વિસ્તારપૂર્વક ચર્ચા આ અંકમાં -

જે જ્ઞાન માટે ભગવાન પોતાના પ્રિય શિષ્ય અર્જુનને તત્ત્વદર્શીઓ ગુરુજનો પાસે જઈને સમજવાનું કહી રહ્યા છે, તે વિશે આગળ કહે છે -

યજ્જ્ઞાત્વા ન પુનર્મોહમેવં યાસ્યસિ પાંડવ ।
યેન ભૂતાન્યશેષેણ દ્રક્ષ્યસ્યાત્મન્યથો મયિ ॥
- ૪/૩૫

''જે જાણીને પછી તું આ પ્રકારના મોહને નહીં મેળવે તથા હે અર્જુન ! જે જ્ઞાન દ્વારા તું સંપૂર્ણ ભૂતોને (સમસ્ત પ્રાણીઓને) પહેલાં પોતાનામાં અને ત્યાર પછી મારામાં સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જોઈ શકીશ.''

અપિ ચેદસિ પાપેભ્યઃ સર્વેભ્યઃ પાપકૃત્તમઃ ।
સર્વં જ્ઞાનપ્લવેનૈવ વૃજિનં સંતરિષ્યસિ ॥
- ૪/૩૬

''જો બધા જ પાપીઓ કરતાં પણ તું પોતાને વધારે પાપી માનતો હોય તો જ્ઞાનરૂપી નૌકામાં સવાર થઈને શંકા વગર તું આ પાપ સમુદ્રમાંથી પાર થઈ શકીશ.''

## એક મહત્ત્વપૂર્ણ આશ્વાસન

આ બે શ્લોકોમાં પરમસત્તાએ કેટલું મોટું આશ્વાસન આપ્યું છે. તેઓ કહે છે કે આ જ્ઞાનને જાણીને મનુષ્ય ફરીથી મોહના કીચડમાં ફસાતો નથી. બધી જ જગ્યાએ પરમાત્માની ચેતનાને ફેલાયેલી જોઈને તે આસક્તિના બંધનમાં ફસાતો નથી. ઠાકુર શ્રીરામકૃષ્ણ પરમહંસ કહેતા હતા કે એકવાર તમને પરમાત્માની ઝલક મળી જાય તો સ્વર્ગની રંભા, તિલોત્તમા જેવી સુંદર અપ્સરાઓ પણ ચિતાની ભસ્મ જેવી લાગશે, તેઓનું આકર્ષણ કોઈની ઉપર ફેલાશે નહીં. સ્વર્ગીય સૌંદર્ય પણ આકર્ષણહીન લાગવા માંડશે. ઈશ્વરીય બોધ થઈ ગયા પછી ત્રણેય લોકની સંપત્તિ પણ તેની સામે તુચ્છ થઈ જાય છે. જ્યારે મનુષ્ય સમસ્ત સંસારમાં ફેલાયેલા પરમાત્મા પ્રત્યે પોતાના મનમાં પ્રેમભાવ ઉત્પન્ન કરી લે છે, ત્યારે તે સમગ્ર સંસારની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાથે જ પોતાના તાદાત્મ્યનો અનુભવ કરવા લાગે છે, ત્યારે તે આખા જીવનને આત્માના દિવ્યપ્રકાશનો પોશાક પહેરેલું અર્થાત્ બધામાં એક જ અનંત આત્મા અથવા પ્રભુના મનમોહક આહ્લાદક આલિંગનમાં સ્વયંને બંધાયેલ સાક્ષીભાવથી જોવા માંડે છે. (યેન ભૂતાનિ અશેષેણ દ્રક્ષ્યસ્યાત્મન્યથોમયિ)

આ જ્ઞાન-દિવ્ય જ્ઞાન મનુષ્યની અંદર પ્રાણી-પ્રાણી વચ્ચે ભેદબુદ્ધિના કારણે જે મોહાંધતા છવાયેલી પડી છે, તેને જ્ઞાનચક્ષુ ખૂલી ગયા પછી સમાપ્ત કરી દે છે. આ સ્તરનું જ્ઞાન મળતાં જ બધાં પાપ કર્મ બળી જાય છે. જો વ્યક્તિ પાપીઓમાં પણ પાપી છે (અહીંયા ભગવાને અર્જુન માટે ''પાપિષ્ટ'' - સૌથી વધુ પાપ કરનાર - શબ્દ નથી વાપર્યો). તેઓ જાણે છે કે તેઓ સ્વયં ભગવાન છે તથા અર્જુન એમનો જ અંશ છે. નર-નારાયણ છે, તેથી 'પાપકૃત્તમ' (અધિક પાપી) શબ્દ તેમને લાગુ પડતો નથી, છતાં પણ જ્ઞાનરૂપી નૌકામાં બેસીને તે પાર થઈ જાય છે. એટલો બધો જ્ઞાનનો મહિમા છે. પાપસમુદ્રમાંથી જે પાર થઈ જાય છે એટલો બધો જ્ઞાનનો મહિમા છે. પાપસમુદ્રમાંથી જે પાર પાડી દે તે બ્રહ્મજ્ઞાન કેટલું પવિત્ર છે, કેટલો વર્ણવી ન શકાય તેવો મહિમા છે તેનો ! પરાકાષ્ઠા સુધી લઈ જનાર આ શ્લોક છે. અહીં તો જ્ઞાનના મહિમાના સંદર્ભમાં આ શ્લોક આપ્યો છે, પરંતુ ભગવાનની દૃષ્ટિ કેટલી ઉદારતાભરેલી છે - પાપીમાં પાપી વ્યક્તિને પણ તેઓ શરણાગતિ આપવા આતુર છે તેનો આભાસ કરાવવા માટે તેઓ એક બીજા શ્લોક દ્વારા નવમા અધ્યાયમાં કહે છે કે -

''અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સઃ ॥''
૯/૩૦

''જો કોઈ અતિશય દુરાચારી પણ અનન્યભાવથી મારો ભક્ત બનીને મને ભજે છે, તો તે સાધુ તરીકે જ માનવા યોગ્ય છે, કારણ કે તે યોગ્ય નિશ્ચય કરનારો છે અર્થાત્ તેણે સમજદારીપૂર્વક નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરના ભજન સમાન બીજું કાંઈ પણ નથી.''

આ શ્લોક ચોથા અધ્યાયના છત્રીસમા શ્લોકની સમજૂતિનું આગળનું ચરણ છે. ભગવાન કૃપાસિંધુ છે, કરુણાના સાગર છે, વાલ્મીકિ, અંગુલિમાલ, આમ્રપાલી, સદનકસાઈ, અજામિલ પણ તેમના શરણમાં જતાં જ તરી જાય છે. ભગવાનને જાણી લેવા, તેને ભજવા માંડવા, જ્ઞાનના માધ્યમથી તેમની છાયા નીચે આવી જવું તે એ જ રાજમાર્ગ છે જેના પર ચાલીને પાપી વ્યક્તિ પણ તરી જાય છે, બંધનમુક્ત થઈ જાય છે.

## અપરંપાર છે જ્ઞાનનો મહિમા

ગીતાજીની આ જ વિશેષતા છે કે કર્મ-જ્ઞાન-ભક્તિની ત્રિવેણી તેના શ્લોકોમાં ઠાંસીઠાંસીને ભરી છે. જો સમર્પણ ભાવથી ભગવાનને ચારેય તરફ ફેલાયેલા માનીને, દરેક ક્ષણે તેમને શ્વાસમાં અનુભવીને આ જ્ઞાનને આચરણમાં ઉતારીને કર્મ કરવામાં આવશે, તો નિશ્ચિત માનો કે જો ક્યાંક વ્યક્તિના આગલા જીવનની ભૂલોને કારણે જીવન પાપકર્મોથી ભરાયેલું છે તો પણ તે તરી જશે, બંધનોમાંથી મુક્ત થઈને મોક્ષ મેળવશે.

પરમપૂજ્ય ગુરુદેવ લખે છે ''જ્ઞાનને આત્માનું'' નેત્ર કહેવામાં આવે છે. નેત્રવિહિન વ્યક્તિ માટે આખો સંસાર અંધકારમય છે તેવી રીતે જ્ઞાનવિહિન વ્યક્તિ માટે આ સંસારમાં જે કાંઈ પણ ઉત્કૃષ્ટ છે તેને જોઈ શકવું અસંભવ છે. જ્ઞાનના આધાર પર જ ધર્મનો, કર્તવ્યનો, શુભ-અશુભનો, ઉચિત-અનુચિતનો વિવેક હોય છે અને પાપ-પ્રલોભનોની પેલે પાર એ જોવાનું સંભવ થાય છે કે અંતમાં તો દૂરોગામી હિત કોના તરફી છે. જ્ઞાનના દીપકનો પ્રકાશ જ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઇંદ્રિયોની વાસના અને પ્રલોભનોની તૃષ્ણાને કારણે થનારી દુર્દશામાંથી બચાવી શકે છે. (વાઙ્મય ભાગ ૫૮/૧૦૭ પાન)

ભગવાન રામે જ્યારે સદ્‌ગુરુ વશિષ્ઠને સાંસારિક કલેશોનાં ભવબંધનોમાંથી છુટકારો મેળવવાના ઉપાય પૂછયા તો એમણે આ જ કહ્યું -"હે રામ ! જો ભવસાગરમાંથી પાર થવાની ઈચ્છા હોય તો સૌથી પહેલાં જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરો. જ્ઞાન વડે જ દુઃખ દૂર થાય છે. જ્ઞાનથી જ અજ્ઞાનનું નિવારણ થાય છે, જ્ઞાનથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે, બીજા કોઈ ઉપાયોથી નહીં. (યોગવશિષ્ઠ ૫/૮૮/૧૨)"

છાંદોગ્ય ઉપનિષદમાં એક કથા આવે છે. એક વખત ઇંદ્ર અને વિરોચનમાં એક જિજ્ઞાસા પેદા થઈ. "હું કોણ છું ?" તેઓ વારંવાર વિચારતા રહ્યા, પરંતુ તેમને "હું"ની બાબતમાં કોઈ જાણકારી ન મળી. આખરે બંને ભેગા મળીને આદરપૂર્વક શિષ્યભાવથી હાથમાં સમિધાઓ લઈને આચાર્ય પ્રજાપતિ પાસે ગયા અને નમ્રતાપૂર્વક પ્રજાપતિએ તેમની યોગ્યતા, પાત્રતા જાણવા માટે એક યુક્તિ વિચારી. તેમણે કહયું, "એક થાળીમાં પાણી ભરીને પોતપોતાનું મ્હોં જુઓ, તેમાં તમને પોતાને પોતાનું સ્વરૂપ દેખાશે." બંનેએ તરત જ સજીધજીને તૈયાર થઈને પાણીથી ભરેલી થાળીમાં પોતાને જોવાનો પ્રયત્ન કર્યો. વિરોચનને પોતાનું શણગારેલું સ્વરૂપ જોઈને ખૂબ પ્રસન્નતા થઈ અને તેઓ પોતાના સાથીઓ વચ્ચે જઈને અભિમાન સાથે કહેવા લાગ્યા,"ભાઈ, મેં તો "હું" વિશે જાણકારી મેળવી લીધી છે, પરંતુ બીજી બાજુ ઇંદ્રને કોઈ સમાધાન ન મળ્યું. તે થોડાક બુદ્ધિમાન હતા. તે ફરીથી આચાર્ય પાસે પહોંચ્યા અને બોલ્યા હે ભગવાન ! આ અસંસ્કારી શરીરનો પડછાયો જ પ્રતિબિંબમાં દેખાય છે. જો આ શરીર કાણું-લૂલું લંગડું હોત તો પડછાયો પણ એવો જ દેખાયો હોત. વસ્ત્ર, અલંકારો ઉતારી દેવાથી પ્રતિબિંબનું સૌંદર્ય પણ નષ્ટ થઈ જાય છે અને શરીર નષ્ટ થઈ ગયા પછી આ પણ નથી રહેતું. આથી તેને હું કેવી રીતે મારું સ્વરૂપ માનું ? મને આ બાબતમાં શાંતિ મળતી નથી. પ્રજાપતિએ ઈન્દ્રને સાચા જિજ્ઞાસુ માન્યા તથા જ્ઞાનનો ઉપદેશ આપ્યો. વિરોચન દેહાત્મવાદી કહેવાયા અને આસુરી સંસ્કૃતિના પોષક બન્યા." (અધ્યાય ૮, ખંડ સાત થી પંદર)

## વિજ્ઞાન નહીં જ્ઞાન

ઉપર્યુક્ત કથા આજના ઉપભોગવાદી યુગમાં બરાબર બંધબેસતી છે તથા બધાને પ્રેરણા આપે છે કે જે પ્રત્યક્ષ છે, ભોગવા યોગ્ય છે તેને જ સર્વસ્વ ન માનો, જે અગોચર છે, જ્ઞાનનોમર્મ છે, તેને જાણવાનો પ્રયત્ન કરો. વિજ્ઞાને આજે બધાના ચિંતનને બહિર્મુખી બનાવી દીધું છે. ભોગ જ સર્વસ્વ બની ગયો છે. તેથી ચારેય બાજુ આસુરી ચિંતન દેખાય છે. જો કળિયુગની સ્થિતિ સુધારવી હોય, સતયુગી સમાજ પાછો લાવવો હોય, પાપીઓની સંખ્યા ઓછી કરવી હોય તો એક જ રસ્તો છે - જ્ઞાનની આરાધના. એવું જ્ઞાન જે પાપરૂપી સમુદ્રમાંથી સારી રીતે બધાને પાર પાડી દે.

ભગવાન અર્જુનને ઉપદેશ આપતી વખતે વારંવાર જ્ઞાનનો મહિમા અને પરમાત્મસત્તા પ્રત્યે સમર્પણની ચર્ચા કરે છે. અર્જુન આપણાં બધાની અંદર છે અને જો આપણે તે ઉપદેશને પોતાને માટે માની શકીએ તો આપણું કલ્યાણ સુનિશ્ચિત છે. પાપોમાંથી તારવાનું આશ્વાસન ભગવાને અઢારમા અધ્યાયમાં ગીતાના શિક્ષણની પરાકાષ્ઠા પર પહોંચ્યા પછી પણ આપ્યું છે. જ્યારે તેઓ કહે છે, "તું બધાં જ કર્તવ્ય-કર્મોને ત્યાગીને મારા સર્વશક્તિમાન પરમેશ્વરના શરણમાં આવી જા. હું તને સંપૂર્ણ પાપોમાંથી મુક્ત કરી દઈશ, તું શોક ન કર." (અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ) આપણે કલ્પના કરી શકીએ છીએ કે ભગવાન કેટલા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરુણાનિધાન છે ! તેઓ વારંવાર પોતાના શિષ્યને, સાધકને, કોઈ પણ જિજ્ઞાસુ વાચકને પાપોમાંથી મુકત કરવાનું આશ્વાસન આપી રહ્યા છે. શરત એક જ છે કે આપણે પરમાત્માને તેના મૂળભૂત તત્ત્વમાં જાણીએ, તેને ચારેય બાજુ વિદ્યમાન માનીએ અને પછી એકનિષ્ઠ ભાવથી તેના પ્રત્યે સમર્પિત થઈ જઈએ.

એક સામાન્ય વ્યક્તિ, જે ભૌતિકવાદી જીવન જીવી રહી છે અને અધ્યાત્મના માર્ગ તરફ આવવામાં ગમે તે પ્રકારે હિચકિચાટ અનુભવે છે, તેના માટે ભગવાનની સ્પષ્ટ ઘોષણા છે કે તેઓ જ્ઞાનરૂપી નૌકામાં નિશ્ચિતરૂપે તરી જશે. આ વાક્ય દ્વારા ભગવાન એવી દરેક વ્યક્તિઓને ઉત્સાહિત કરે છે કે જો તમે પાપીઓમાં પણ સૌથી મોટા પાપી કેમ ન હો તેમ છતાં પણ તમારા માટે આશા છે. તમે જાગૃતિની સ્થિતિમાં આવી જાઓ, વ્યાપક દિવ્ય-ચૈતન્યનો અનુભવ કરો. જાગો અને અહંકારભાવમાંથી બહાર આવો, જ્ઞાનની નૌકા તમને તારી દેશે.

### આ નૌકા પર બેસી તો જુઓ

હવે મનુષ્યએ એ વાત સમજવી જોઈએ કે તે નિરંતર પાપકર્મ કરતો રહે તથા જ્ઞાનપ્રાપ્તિનાં કર્મકાંડ ગમે તે રીતે કરતો રહે તો તેની મુક્તિ નથી. ''જ્ઞાન'' તો એવો સાબુ છે જે દોષ-દુર્ગુણોને આત્મસત્તા પરથી સાફ કરી દે છે પછી તે મનુષ્યની વૃત્તિ પણ બદલી નાંખે છે. આ તે જ્ઞાન છે જેને પ્રાપ્ત કરીને મનુષ્ય ક્યારેય મોહને વશ થતો નથી તથા તેને એવી દૃષ્ટિ મળી જાય છે કે તે બધા જ પ્રાણીઓ સાથે એકાત્મભૂત થઈ જાય છે. તેને એક પ્રકારની દાર્શનિક સમતા પ્રાપ્ત થઈ જાય છે. આ સર્વવ્યાપી આધ્યાત્મિક એકતામાં સૌનો ''અશેષેણ'' (યેન ભૂતાનિ અશેષેણ-૪/૩૫) કોઈપણ ભેદભાવ વગર સમાવેશ થાય છે. જે કાંઈ સારું છે, સુંદર છે તે જ નહીં, પરંતુ જે નીચ-પતિત, પાપી કે ઘૃણાને યોગ્ય હોય તે બધાં જ તેની અંદર આવી જાય છે. પછી સૌની અંદરથી સાધુ-મહાત્મા જ નહીં, ચોર, વેશ્યા અને ચાંડાલની અંદર પણ એ જ પ્રિયતમ જુએ છે અને પોકારીને કહે છે કે મને જો હું અહીં છું. ''સર્વમાં જે મને પ્રેમ કરે છે'' એવી દિવ્યપ્રેમની શક્તિશાળી ઘોષણા અને પાપોમાંથી વિમુક્તિનું આશ્વાસન ગીતામાં વર્ણવ્યું છે એવું સંસારના કોઈપણ દર્શનશાસ્ત્ર કે ધર્મમાં, કોઈપણ ગ્રંથમાં મળતું નથી.

આમ છતાં પૂર્વકાળમાં મૂર્ખતાવશ આપણે જે કાંઈપણ કરી બેઠાં છીએ તેના પરિણામ તો ભોગવવાં જ પડશે. ઈશ્વરીય ન્યાય તો પોતાનું કાર્ય કરશે જ. સંચિત અને ક્રિયમાણ કર્મ તો નષ્ટ થઈ જશે, પરંતુ પ્રારબ્ધ નષ્ટ નહીં થાય. પ્રારબ્ધ તો એક બાંધેલી ફાઈલની માફક સાથે સાથે ચાલે છે. ક્યારેક ક્યારેક કોઈ સમર્થ ગુરુ આવે છે. તે ગુરુની કૃપા થાય છે, તો તે પ્રારબ્ધ પણ તેની કૃપાથી ઘટતું જાય છે, શુદ્ધ થતું જાય છે. પછી મનુષ્ય સાક્ષી ભાવમાં જીવવા માંડે છે. શરીરનું કષ્ટ, કષ્ટ નથી લાગતું. હંમેશાં આનંદભાવથી જીવવાની મનમાં ઈચ્છા થાય છે. કષ્ટ આવે છે તો સાધક તેને તપ બનાવી લે છે. કર્મ-વિધાનની પણ અવહેલના થતી નથી. આથી જ આગળના શ્લોકમાં કોઈપણ સાધકની શંકાનું પૂર્વાનુમાન કરી ભગવાન કહે છે

**''યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિર્ભસ્મ સાત્કુરુતેઽર્જુન ।**
**જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્કુરુતે તથા ॥''**

૪/૩૬

''હે અર્જુન ! જેવી રીતે પ્રજવલિત અગ્નિ કાષ્ટને સળગાવીને રાખ કરી દે છે, તેવી જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ સંપૂર્ણ કાર્યોને ભસ્મ કરી નાંખે છે.''

### કર્મની વાસનાઓ તથા પાપ-પુણ્ય

અહીં ''કર્મ'' શબ્દનો પ્રયોગ ભગવાને કર્યો છે. ભૂતકાળમાં આપણાં જીવનમાં સ્વાર્થપૂર્ણ જીવન, કામના પ્રેરિત કર્મોના કારણે જે વાસનાઓ જન્મી, તેની તરફ જ આ સંકેત છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કોઈ પણ કર્મ માટે પ્રેરક આ ''વાસનાઓ'' જ હોય છે અને તેના શુભ તથા અશુભ પ્રકારોથી જ વ્યક્તિને સુખ અથવા દુઃખની પ્રાપ્તિ થાય છે. અશુભ વાસનાઓ જ પાપકર્મને જન્મ આપે છે. ભગવાન કહે છે કે જેવી રીતે પ્રજવલિત અગ્નિ કાષ્ઠને બાળીને રાખ બનાવી દે છે એવી જ રીતે જ્ઞાનનો અગ્નિ સંપૂર્ણ કર્મો-વાસનાઓને ભસ્મીભૂત કરી દે છે. સાધક જ્ઞાની છે, તેનો અહંકાર ભસ્મીભૂત થઈ ચૂક્યો છે, તે સમર્પણ ભાવથી કર્મ કરતાં જીવી રહ્યો હોય છે, તેના પાપ બળી જાય છે. એવી જ રીતે જ્યાં સુધી મનુષ્ય જ્ઞાનરૂપી અગ્નિમાં પાપોને બાળે નહીં, પોતાને પરમપિતા સચ્ચિદાનંદઘન પરમાત્માના શરણમાં સોંપે નહીં, ત્યાં સુધી અહંકાર કેન્દ્રિત જીવનમાં એકઠાં થયેલાં પાપોનો શુદ્ધ આત્મા સુધી પ્રભાવ નથી, તે થતાં રહે છે અને ત્રાસ આપતાં રહે છે. જ્ઞાનના માધ્યમથી શ્રીકૃષ્ણએ જે ઉપચાર આપ્યો છે તે ખૂબ અદ્વિતીય છે, કારણ કે અત્યંત પતિતો, પાપીમાં પણ પાપી વ્યક્તિઓ માટે અહીં આશાનું કિરણ નજર આવે છે.

પ્રશ્ન એ ઊભો થાય છે કે મનુષ્ય પાપ કેમ કરે છે, શા માટે તે પાપકર્મમાં ડૂબે છે ? કર્મ ક્યારે પાપ બને છે, ક્યારે પુણ્ય બને છે તે ગૂંચવણ પણ યુગો યુગોથી ચાલતી આવી રહી છે. આખરે વ્યક્તિ ''સુરદુર્લભ માનવ તન'' મેળવીને પાપકર્મમાં લીન શા માટે થાય છે ? એ પણ સમજાતું નથી. પરમપૂજ્ય ગુરુદેવ આનું સમાધાન પોતાના લેખ વડે આપે છે. તેઓ લખે છે કે, ''સામાન્ય માનવમાં કર્મમાં પ્રેરક તત્ત્વ તેની અભિરુચિ, આદતો તથા જન્મજન્માંતરોની પ્રવૃત્તિઓ હોય છે. આ બધાના અનુસાર તે જીવન ઊર્જાને નષ્ટ કરતો, વિખેરતો હોય છે, જ્યારે સાધનામાં મગ્ન દિવ્ય કર્મ કરનારા વિધાતા દ્વારા આપેલી 'કર્મની સ્વતંત્રતા'નો ઠીકઠીક ઉપયોગ કરવામાં સમર્થ હોય છે. તે પોતાની અભિરુચિઓ, આદતો અને પ્રવૃત્તિઓને નવેસરથી ઘડે છે. તેના અંતરમાં નવા સંસ્કાર જન્મ લે છે. આ પછી કર્મનું તત્ત્વ સ્વાર્થોની ગૂંચ જમા કરવાની લાલસા, અહંકારનો ઝંડો ઊંચો કરવાની ઈચ્છા રહી જતી નથી. દરેક કાર્ય લોકો પ્રત્યે કરુણા, આત્મવિકાસનાં સોપાનો સર કરવાનાં ઉદ્દેશ્યથી થાય છે. આ જ કર્મ પુણ્ય બની જાય છે. આ માટે પહેલાં સુસંસ્કૃત સાધક બનવું પડે છે. (અખંડજયોતિ ઓગષ્ટ ૧૯૭૨, પાન ૩૬)'' વાસ્તવિકતા આ જ છે. જેની પાછળ સ્વાર્થ અને અહંકારની પ્રેરણાઓ ન હોય, એવું ગૌરવ બોધથી થનારું કામ પુણ્ય બની જાય છે. અંતર્મનમાં ગ્લાનિ, દુઃખ હીનતાનો આઘાત સહન કરવો પડે એવાં કામ પાપ બની જાય છે.

''પાપ'' શબ્દના આધાર પર ખ્રિસ્તી ધર્મનો પાયો નાંખેલો છે. પાપોનું પ્રાયશ્ચિત્ત (કન્ફેશન) એ જ વિધાન તેમનામાં પ્રભુના દ્વાર સુધી પહોંચવાનો રાજમાર્ગ બનાવે છે. ભારતીય સંસ્કૃતિનું ચિંતન આના કરતાં પણ આગળ સુધારેલો માર્ગ અપનાવે છે અને દરેક શ્વાસમાં યોગ, દરેક શ્વાસમાં જીવનસાધના જીવવાનો મંત્ર શીખવાડે છે. જયારે જીવનસાધના ખીલવા માંડે છે, ત્યારે પાપકર્મ આપોઆપ નથી થતાં. રોજિંદા દોષ-દુર્ગુણો અને પાપકર્મોનાં બીજોને બાળીને રાખ કરી નાંખવા માટે, તેનું સ્વરૂપ બદલી નાંખવા માટે જ પરમપૂજ્ય ગુરુદેવે ગાયત્રીની જ્ઞાનગંગા વહાવી. ક્યારેક જે પ્રતિબંધોથી ઘેરાયેલી હતી, તે સાધનાને જન-જન માટે ઉપલબ્ધ કરાવી દીધી. ગાયત્રીમંત્રનું ભર્ગ તત્ત્વ પાપનાશક સવિતાદેવનું તેજ ધારણ કરવાની પ્રેરણા આપે છે. આ જ્ઞાન જો જીવનનું અંગ બની જાય તો વ્યક્તિ ભવબંધનોમાં ફસાય જ શું કામ ? જ્ઞાનની બીજી વધારાની સમજૂતી આગળના અંકમાં. (ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

श्रीरामलीलामृतम्-४ (શ્રીરામલીલામૃતમ્-૪)

# ચેતનાની શિખર યાત્રા

(પરમપૂજ્ય ગુરુદેવ : એક અસમાપ્ત જીવનગાથા-૪)

## માતૃત્વની વિલક્ષણ અનુભૂતિ

આંબલખેડામાં એક જૂનીપુરાણી હવેલી હતી. ભાઈ-ભત્રીજા, કાકા, પિત્રાઈઓ બધા તેમાં રહેતા હતા. સંયુક્ત પરિવાર હતો. યજમાનો, જીજ્ઞાસુઓ અને સ્વજન-સંબંધીઓની અવરજવર પણ રહેતી હતી. ઘણી બધી ચહલ-પહલ રહેતી હતી. પંડિત રૂપકિશોરજી ત્યારે પંચાવન વર્ષના હતા. પત્ની દાનકુંવરિને ઘરમાં બધા 'તાઈજી' કહેતા હતા. પંડિત રૂપકિશોર બધાં જ ભાઈબહેનોમાં મોટા હતા. ઘરમાં જેટલાં પણ બાળકો હતા, તેઓનું પંડિતજીને 'તાઉજી' અને તેમની જીવન-સંગિનીને 'તાઈજી' કહેવું સ્વાભાવિક જ હતું. તેઓ પરિવારમાં બધાં જ સભ્યોનું ધ્યાન રાખતાં હતાં. દેરાણીઓ અને વહુઓ માટે સંબંધમાં જેઠાણી કે સાસુ નહીં, વાત્સલ્ય અને ક્ષમા ભરેલી મોટી બહેન કે માં કરતાં પણ તેઓ અધિક લાગતાં હતાં. રાતના ચોથા પ્રહરમાં તેઓ ઉઠતાં અને મોડી રાત સુધી જાગીને સ્વજન સંબંધીઓનું અને મહેમાનોનું ધ્યાન રાખવામાં વ્યસ્ત રહ્યા કરતાં હતાં.

સન્ ૧૯૧૧માં તેમને માતૃત્વનો આભાસ થયો. પહેલું સંતાન ગર્ભમાં આવ્યું. તાઈજીને કાંઈક વિલક્ષણ અનુભવ થવા લાગ્યા. ખૂબ જ સહજતાથી તે જણાવતાં હતાં કે આ અનુભવોથી તેમને ડર નહોતો લાગતો, અટપટું પણ અનુભવ ન થયું. આજુબાજુના પાડોશીની મોટી-વૃદ્ધ સ્ત્રીઓ સાથે ચર્ચા કરી તો તેમણે જણાવ્યું કે કુળદેવતા પ્રસન્ન થઈ રહ્યા છે. આવી અનુભૂતિઓ તે જ કરાવી રહ્યા છે. ખૂબ પાછળથી સ્પષ્ટ થયું કે આ અનુભવ પૂર્વજો કે કુળદેવતાઓના અનુગ્રહ-આશીર્વાદ સ્વરૂપ જ નથી. તેઓ જણાવ્યા કરતાં હતાં કે એક સવારે ઘરમાં દૂધ ગરમ કરવામાં આવી રહ્યું હતું, ચૂલા પર વાસણ મૂકેલું હતું. સ્નાન-પૂજામાંથી નિવૃત્ત થઈને તેઓ દિવસમાં આગળ કરવાના કામની બાબતમાં વિચારી રહ્યાં હતાં ત્યારે શરીરમાં એટલી બધી સ્ફૂર્તિ અને સક્રિયતા આવી કે મોડી રાત સુધી કામ કરવું પડ્યું છતાં પણ સુસ્તી ન આવી. કઠોર પરિશ્રમ કરવા છતાં પણ થાકનો અનુભવ ન થયો. તે સવારે કોણ જાણે શું થયું કે ઝોકું આવી ગયું. તેઓ બેઠા હતાં અને આંખો બંધ થઈ ગઈ, જાણે ઊંઘ આવી ગઈ છે અને કોઈ સ્વપ્નું જોઈ રહ્યાં છે.

સ્વપ્નું કોઈ અજાણ્યા પ્રદેશના વનનું હતું. તેઓ નિર્જન પ્રદેશમાં એકલાં હતાં. ચારેય બાજુ સૂર્યની સોનેરી આભા પથરાયેલી હતી. પૂર્વ દિશામાં તપેલા અગ્નિપિંડની માફક સિંદૂરી લાલ રંગનો ગોળો ઉદિત થઈ રહ્યો છે. તે ઉદિત સૂર્યનો પ્રકાશ ચારેય બાજુ ફેલાઈ રહ્યો હતો.

વાતાવરણમાં ફેલાયેલી સુગંધે તાઈજીને ભાવવિભોર કરી મૂક્યા. સ્વપ્નના દશ્યમાં જ તેઓ પોતાનું ભાન ગુમાવી બેઠા. પછી પૂર્વ દિશામાં ઉદયાચલની પાછળથી નીકળતો સૂર્ય પિંડ ધીમે ધીમે પ્રખર થતો રહ્યો છે. પિંડની વચ્ચે એક નારીની આકૃતિની ઝલક દેખાવા માંડી હતી. સોનેરી પ્રકાશ વડે ઘેરાયેલી તે આકૃતિ હંસ પર બેઠેલી હતી. જમણા હાથમાં કમંડળ અને ડાબા હાથમાં પત્રાકાર પોથી. તાઈજી એ સમયે સ્પષ્ટ ન જોઈ શક્યાં કે કયો ગ્રંથ છે. તેઓ સમજ્યાં કે ભાગવત છે, કારણ કે પતિદેવ આ જ શાસ્ત્રનાં પાઠ-કથા અને અનુષ્ઠાન સંપન્ન કરાવતા હતા. તે આકૃતિ થોડીક ક્ષણો સુધી દેખાઈ પછી અદશ્ય થઈ ગઈ. જોયું તો દૂધ ઉભરાઈ ગયું હતું. તપેલીમાંથી ઉભરાઈને થોડુંક ચૂલામાં પણ પડી ગયું. બળી રહેલી લાકડીઓ પર તે પડવાથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છમ-છમ અવાજ આવી રહ્યો હતો. તે અવાજથી જ તંદ્રા તૂટી.

પતિદેવને આ દૃશ્ય સંભળાવ્યું. તાઈજીએ એમ પણ કહ્યું કે તે દેવીના હાથમાં ભાગવતની પોથી હતી. પંડિતજીએ સ્પષ્ટ કર્યું કે તે પોથી શ્રીમદ્ભાગવતની નહીં, વેદની છે. ભાગવતશાસ્ત્ર તે પોથીના એક મંત્રની સમજૂતિ અને વિસ્તાર જ છે. ભાગવત, રામાયણ વગેરે ગ્રંથોનું ગાયત્રી મંત્રની વિવેચનામાં લખવામાં આવેલા અથવા તેની પ્રેરણાઓને સ્પષ્ટ કરનારા શાસ્ત્રો કહેવામાં આવે છે. તાઈજીને આ દૃશ્ય ફરીથી પણ દેખાયું. એક વખત બપોરના સમયે જયારે તેઓ ભોજન વગેરે પતાવી ચૂકેલા સ્વજનોની ખબરઅંતર પૂછ્યા પછી થોડા સમય માટે બેઠા હતા, તે સમયે સાંજે કરવાના કાર્યોની તૈયારી કરીને રસોડામાં જ હતાં.

તાઈજીએ એકવાર ભાવસમાધિની દશામાં જોયું કે તેઓ એક સરોવર કિનારે ઊભા છે. તેમાં કમળ ખીલેલાં છે. એક મોટા કમળ પર એ જ આકૃતિ વિરાજમાન દેખાઈ, જે કયારેક સૂર્યપ્રકાશના વર્તુળમાં વિરાજમાન દેખાઈ હતી. એક સ્વપ્નમાં પૂર્વ દિશામાંથી દેવતાઓના વિમાન ઉડતાં દેખાયાં. તેમાં બેઠેલી દેવસત્તાઓ ફૂલ વરસાવી રહી હતી. પંડિતજીના અનુસાર આ દૃશ્ય અંતર્જગત્માં થઈ રહેલી હલચલોના સંકેત હતા. સંકેતોને ચેતનામાં થનારા પરિવર્તન પણ કહી શકાય. જયારે પણ કોઈ પુણ્ય આત્માને શરીર ધારણ કરવાનું હોય છે અને તે ગર્ભમાં આવી ચૂકયો હોય છે ત્યારે આ પ્રકારના સ્વપ્ન જોવા મળે છે.

ઘર-આંગણામાં પણ એ દિવસોમાં કેટલીક વિચિત્ર ઘટનાઓ થવા માંડી, તાઈજી જણાવ્યા કરતાં હતાં કે અચાનક ઘરમાં સુગંધ ફેલાઈ જતી હતી, જાણે અગરબત્તીઓ પ્રગટાવી હોય કે હવન કરવામાં આવી રહ્યો હોય, સુગંધ મીઠી-મીઠી આવતી હતી. કેટલાક સમય સુધી તે સુગંધ રહેતી હતી અને ધીમે ધીમે ઓછી થતી હતી. હવેલીમાં અચાનક ગાયો ખુબ આવવા લાગી. ગામનું ઘર હતું, પાસે જ ગાયોને બાંધવા માટે ગમાણ પણ હતી. ઘરની ગાયો તો આવતી જ હતી, બહારથી પણ આવતી હતી. કયારેક કયારેક આઠ-દસ ગાયો આખી રાત માટે રોકાઈ જતી હતી. તે આંબલખેડાના બીજા ગ્રામવાસીઓના ગમાણમાંથી જ આવતી હતી. લોકો તેમને શોધવા નીકળી પડતાં અને પંડિતજીને ત્યાં જોઈને આશ્ચર્ય પામતા હતા. સામાન્ય સ્થિતિમાં પારકાં પશુઓને ભગાડી દેવામાં આવતા હોય છે. પરંતુ તાઈજીને તે દિવસોમાં તેમના મનમાં વિલક્ષણ પરિવર્તન આવ્યું કે ગાયોને ભગાડવાને બદલે તેઓ તેમની સેવા કરવા લાગતાં. તેમને ચારા-પાણી આપતાં.

જયારે હવેલીમાં મધમાખીઓ આવીને ગણગણવા લાગી ત્યારે તાઈજી થોડાં અસ્વસ્થ થયાં. જે ઝડપથી તે બધી ઉડીને આવી હતી કે અઠવાડિયામાં તો તેઓએ હવેલીમાં ચાર-પાંચ મધપૂડા બનાવી દીધા. પરિવારમાં બધા જ લોકોને તકલીફ પડી. મધમાખીઓ કોઈને કરડતી નહોતી, તેમ છતાં ઘરનું વાતાવરણ તો તેમના કારણે બગડી રહ્યું હતું. ત્યાંના લોકોએ મધમાખીઓ ભગાડવાનો ઉપાય વિચાર્યો. ગામડાઓમાં એક જ ઉપાય થતો કે આગ સળગાવીને ધુમાડો કરવામાં આવે.

તાઈજીને ખબર પડી કે મધમાખીઓને ભગાડવાનો ઉપાય કરવામાં આવી રહ્યો છે તો તેઓ ગુસ્સે થયાં. જો કે ઘરમાં તેઓ જ સૌથી વધુ હરતાં-ફરતાં હતાં, તેમને તકલીફ પણ પડતી હતી, પરંતુ તેમને સારું ન લાગ્યું કે મધપૂડા દૂર કરવામાં આવે. બધાને ધમકાવતા તેમણે કહ્યું કે મધમાખીઓ કોઈને કરડતી નથી, પોતાના ઘરમાં રહે જ છે, તેમને નુકસાન શા માટે પહોંચાડો છો ? તે આપણું કાંઈ નથી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બગાડતી તો આપણે શું કામ તેમનું ઘર ઉજાડીએ ? તાઈજીએ ધમકાવ્યા પછી બધા શાંત થઈ ગયા.

પંડિત રૂપકિશોરજી તે સમયે કથા કહેવા માટે બહાર ગયા હતા. આઠ-દસ દિવસ પછી પાછાં આવ્યા. ઘટનાક્રમની ખબર પડી તો તેમણે પણ તાઈજીનું સમર્થન કર્યું. મધમાખીઓનું ઘરમાં આવવું અને મધપૂડા બનાવવું એ શિવ સંકેત છે એવું આધ્યાત્મિક તથ્ય તેમણે સમજાવ્યું. પરિવારમાં જ્યારે કોઈ દિવ્ય આત્મા આવવાનો હોય ત્યારે તે શિવનું વરદાન હોય છે. તેમણે મોકલેલાં પ્રાણીઓ ફૂલોની સુવાસ અને મધ એકઠું કરીને લાવી રહ્યાં છે. આ શિવની કૃપા અને આવનાર આત્મા માટે આશ્વાસન પણ છે.

## ગામ - ઘરમાં વધામણી આવી

સંવત્ ૧૯૬૮માં અશ્વિન કૃષ્ણપક્ષની તેરસ તિથિ (૨૦ સપ્ટેમ્બર, સન્ ૧૯૧૧)ના રોજ આગ્રા-જલેસર માર્ગ પર આવેલ એ ગામની હવેલીમાં સવારે નવ વાગ્યે શ્રીરામનો જન્મ થયો. પિતૃપક્ષ (શ્રાદ્ધપક્ષ) ચાલી રહ્યો હતો. સનાતન ધર્મની માન્યતા અનુસાર આ દિવસોમાં શરીર છોડવું અને જન્મ લેવો બંનેય વિલક્ષણ હોય છે. કહેવાય છે કે જે લોકો દેહ છોડે છે, તેમને પરલોકમાં વધારે ભટકવું પડતું નથી. એમની એવી કોઈ ભોગવાસના બાકી નથી રહી જતી જેની તૃપ્તિ માટે શરીરહીન અવસ્થામાં રહેવું પડે. આ પ્રકારના આત્માઓ સીધા જ પિતૃલોકમાં ચાલ્યા જાય છે અથવા નવું શરીર ધારણ કરી લે છે. આ સમયગાળામાં જન્મ લેનાર આત્માઓ પણ મુક્તિની ગતિ તરફ હોય છે. એમની એકાદ બાકી રહી ગયેલી સૂક્ષ્મ વાસનાને પૂરી કરવા માટે તે શરીરમાં આવે છે.

એમ પણ કહેવાય છે કે શ્રાદ્ધપક્ષમાં જન્મ લેનારા લોકો એ જ વંશ પરંપરાના કોઈ મેધાવી પૂર્વજ હોય છે, જેઓ પોતાની પરંપરાને આગળ વધારવા, તેને સમૃદ્ધ કરવા, ગૌરવ વધારવા કે પાછલા જન્મોમાં જે કોઈ લોકોનો તેમના પર ઉપકાર, મહેરબાની રહી ગયાં હોય તે ચૂકવવા માટે આવે છે. પિતૃપક્ષ અને જન્મ પહેલાં થયેલ ઘટનાઓના આધારે આંબલખેડાના પંડિતોએ પણ કહ્યું કે રૂપકિશોરજીને ત્યાં યોગી, યતિ આત્મા પ્રગટ થયેલ છે. પંચાવન વર્ષની ઉંમરે તેમનું સૌભાગ્ય શરૂ થયું છે.

આ બાળકનો જન્મ ઘરમાં જ નહીં, ગામમાં પણ ઉલ્લાસનો વિષય બની ગયો. ત્રીસ-ચાલીસ ઘર હતા. ગાયોનું આવવું, મધમાખીઓનું પૂડો બનાવવું, તાઈજીએ કહેલી વાતો આશ્ચર્યજનક રીતે સાચી પડવી વગેરેની ચર્ચા આસપાસના ઘરોમાં જ નહીં, ગામોમાં પણ ફેલાઈ ગઈ હતી. ધાર્મિક માન્યતાઓ અને લોકોત્તર જ્ઞાનનો સાહજિક બોધ હોવાના આધારે વૃદ્ધ ગ્રામવાસીઓ તે ઘટનાઓના સમયે જ કહી ચૂક્યા હતા કે પંડિતજીના ઘેર યોગિ-યતિ-આત્મા જન્મ લેનાર છે. જન્મ થયો પછી, આજુબાજુના ગામોમાં જે શ્રીમંતો અને કુળવાન કુટુંબોમાં પંડિતજી કથા કહેવા જતા હતા, તેઓ પણ આવ્યા.

એ બધાનું આવવું ગામના લોકોને સાહજિક લાગ્યું. વિશેષ તો એમ લાગ્યું કે ગામમાં સાધુ-સંન્યાસીઓની અવર-જવર વધી ગઈ. પહેલાં તો એકલદોકલ સાધુ જ ભૂલેચૂકે આવતા હતા. બાળકનો જન્મ થયા પછી દરરોજ ચાર-પાંચ સંન્યાસી આવવા માંડ્યા. જે દિવસે જન્મ થયો તે દિવસે દસ વાગ્યે એક ઊંચા, મોટા અને તેજસ્વી સંન્યાસી હવેલીની બહાર આવીને ઊભા રહ્યા. બાળકના રડવાનો અવાજ સાંભળીને તેમણે બાળકને જોવાની ઈચ્છા વ્યક્ત કરી. તાઈજીને સંકોચ થયો, પરંતુ પંડિતજીના સમજાવવાથી માની ગયા. બાળકને જોઈને સંન્યાસીએ બંને હાથ ઊંચા કર્યા અને દીર્ઘાયુ-યશસ્વી થવાના આશીર્વાદ આપીને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પાછા ફરી ગયા.

તાઈજી જણાવ્યા કરતાં હતાં કે શ્રીરામનો જન્મ થયા પછી ઓરડીમાં મધુર સંગીત ગૂંજવા લાગ્યું હતું. બીજા દિવસની સવાર સુધી મંત્રોનો પાઠ અને રામાયણની ધુન સંભળાતી રહી હતી. તાઈજીની આંતરિક સ્થિતિને કારણે પણ આવો અનુભવ થઈ શકે, પરંતુ સંન્યાસીઓની અવરજવરને કારણે તેમને હેરાન થતાં ઘણાં લોકોએ જોયાં. સાધુ મહાત્માઓનું ઘરના દરવાજા સામે આવીને ઊભા રહી જવું અને કાંઈ પણ બોલ્યા વગર ચુપચાપ ઊભા રહેવાને કારણે તેઓ પણ થોડીક મુશ્કેલી અનુભવતાં. તેમને ભેટ-પૂજા આપતાં, તો તેઓ ના પાડી દેતા હતા. પ્રસુતિવાળા ઓરડા તરફ ટીકીટીકીને જોયા કરતા હતા. બાળકનો રડવાનો અવાજ સાંભળીને તેઓ ચાલ્યા જતા હતા. સાધુઓના આવવાથી પંડિતજીને વિચિત્ર તો લાગતું હતું, પરંતુ તેઓ હેરાન નહોતા થતા. તાઈજી હેરાન થતા તો તેમને સમજાવી, મનાવી લેતા હતા.

બાળક સોળ-સત્તર દિવસનું થયું હશે. સૂતક નિવારણ પછી નામકરણ સંસ્કારની વ્યવસ્થા કરવામાં આવી. એ દિવસે એક વિલક્ષણ ઘટના બની જેના કારણે તાઈજીની સાથે પંડિતજી પણ થોડા ડગમગી ગયા. સંસ્કાર માટે વિજયાદસમીનો દિવસ પસંદ કરવામાં આવ્યો. ગામમાં રામલીલા કે રાવણ-દહન જેવા કાર્યક્રમ થતા નહોતા. ઘરોમાં નવાહ્ન પારાયણ બેસાડવામાં આવતું હતું. સપ્તશતી પાઠનો પણ રિવાજ હતો, પરંતુ મોટાભાગના લોકો રામચરિત માનસનો જ પાઠ કરતા હતા. બાળકનો જન્મ થવાથી ઘરમાં સૂતક મનાવવામાં આવ્યું હતું. સંધ્યાવંદન અને પૂજા-પાઠના નિયમિત કર્મ તો યથાવત્ ચાલુ રહ્યા, પરંતુ નવરાત્રિની વિશેષ પૂજા ન થઈ. નવમીના દિવસે સૂતક નિવારણ થયું. તે જ દિવસે રામચરિત માનસનો અખંડ પાઠ રાખવામાં આવ્યો. બીજા દિવસે પૂર્ણાહુતિ, યજ્ઞ અને યજ્ઞ સાથે નામકરણ સંસ્કાર રાખવામાં આવ્યા.

માનસ પૂર્ણાહુતિ, યજ્ઞ અને સંસ્કાર આયોજનમાં ગામના લગભગ બધા જ લોકો આવ્યા. વિજયાદસમીના દિવસે લોકોનું આવવાનું શરૂ થયું. જે કોઈપણ આવ્યા તેઓએ જોયું કે હવેલીના દરવાજા પર એક સંન્યાસી ઉભેલા છે. થોડા સમય પછી ત્યાં એક સાધ્વી પણ આવી ગઈ. બંને વચ્ચે કોઈ વાતચીત ન થઈ, પરંતુ નામકરણ શરૂ થતાં સુધી તેઓ એક જ જગ્યાએ હલનચલન વગર ઊભા રહ્યાં. સંસ્કાર શરૂ થયા તો બંને અંદર આવી ગયાં. તાઈજીના ખોળામાં સૂતેલા બાળકને બંને જણાં સતત જોતાં રહ્યાં. સંસ્કાર શરૂ થયા ત્યારે તાઈજીની નજર એ બંને પર પડી. પહેલી વખત જોયા તો તેઓ પણ ગભરાઈ ગયાં અને બાળકને પાલવ વડે ઢાંકવા લાગ્યાં. સાધુએ કહ્યું, ''રહેવા દો માતા, અમને પણ બાળકને જોઈ લેવા દો. જીવને સંતોષ થાય એટલો જોઈ લઈશું, પછી ખબર નથી અમે જોઈ શકીશું કે નહીં.'' સાધુએ પોતાની તરફ ઈશારો કર્યો હતો કે ખબર નથી પોતે પાછળથી રહેશે કે નહીં, પરંતુ તાઈજીને લાગ્યું કે તેઓ બાળકની બાબતમાં કાંઈક કહી રહ્યાં છે. તેમને ગુસ્સો આવી ગયો. તેઓ વેદી પરથી ઉઠ્યાં અને સાધુને ધમકાવવા લાગ્યાં. સાધ્વીનો પણ ઉધડો લીધો. બંને પોતાની ચોખવટ કરતા રહ્યાં, પરંતુ તાઈજીનો ગુસ્સો ઓછો થતો જ નહોતો. પંડિતજી ઊભા થયા અને એમના મ્હોંમાંથી અનાયાસ જ નીકળી પડ્યું કે, ''રહેવા દો શ્રીરામની માં, તમારા બાળકનું કાંઈ જ અનિષ્ટ નહીં થાય, તે કુશળમંગળ જ રહેશે.''

### સંન્યાસીઓમાં પણ ઈચ્છા જાગી

પંડિતજીનું કહેવું હતું કે સાધુએ કહ્યું છે કે માતા અમે તો જઈએ છીએ, પરંતુ અમારી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થોડાંક વાત માનજો. બાળકનું નામ શ્રીરામ જ રાખજો, જે તેના પિતાના મ્હોંમાંથી પોતાની મેળે જ નીકળ્યું છે. આ પ્રભુની ઈચ્છા છે. પંડિતજીએ પણ સાધુના મત સાથે પોતાનો મત મેળવી દીધો. ત્યાર પછી તાઈજીએ સંન્યાસી અને યોગિનીને કાંઈ ન કહ્યું. તેઓ સંસ્કાર સંપન્ન થતાં સુધી પોતાની જગ્યા પર જ ઊભા રહ્યા. બાળકના નામકરણમાં પિતા અને અજાણ્યા સંન્યાસીની પૂર્વ આયોજન વગરની સહમતિ હતી.

બીજા એક દિવસે એક વૃદ્ધ સંન્યાસીએ દોઢ કલાક સુધી હવેલીની સામે ઊભા રહેવાની ઘટના બની. તાઈજી એ સંન્યાસીથી પણ ખુબ ગભરાઈ ગયાં હતાં અને બડબડતાં ઘરમાંથી બહાર નીકળ્યાં હતાં. સંન્યાસીનું વ્યક્તિત્વ જોઈ તેઓ ખચકાઈ ગયાં હતાં. કતરાતી નજરે તેમણે કહ્યું, મારા બાળક પર શું કામ નજર બગાડો છો ? તેણે તમારું શું બગાડ્યું છે ? સંન્યાસીએ આશ્વાસન આપ્યું કે અમે બાળકનું અમંગળ કરવા નહીં, પરંતુ દર્શન કરવા આવ્યા છીએ. એવી ભાવના અમને થઈ છે કે હિમાલયનો એક સિદ્ધ આત્મા આપની ગોદમાં આવ્યો છે. અમને કોઈ રીતે ખબર પડી તેથી અમે જોવા આવ્યા છીએ. એક ઝલક જોઈને અમે ચાલ્યા જઈશું. માંએ સંન્યાસીનું મન રાખવા માટે ઝલક બતાવીને પાછા વળતાં કહ્યું કે હું કોઈને પણ મારા લાડલાની ઝલક નહીં દેખાડું. સાધુ બાવાઓ અહીં ન આવ્યા કરે.

પોતાના ઓરડામાં જઈને પોતાના ઈષ્ટ દ્વારકાધીશની આગળ બેસી ગઈ અને લાંબો સમય સુધી રડવા લાગી. હિમાલયનો આત્મા, સંન્યાસી, સિદ્ધ પુરુષ, દર્શન અને આ પ્રકારના સંબોધનોએ માંને વ્યથિત કરી દીધા હતા કે આગળ જતાં એમનો દીકરો એમનાથી છૂટો ન પડી જાય. તે પણ કયાંક બાવો-જોગી ન બની જાય. માંએ પોતાના ઈષ્ટ પાસે એ જ માંગ્યું હશે કે તેનું બાળક હંમેશાં તેની પાસે રહે, કયારેય દૂર ન થાય. ભકતએ પોતાના ભગવાન પાસે શું માગ્યું, એ બંને વચ્ચેનો અંગત સંવાદ છે. કોઈક રીતે તે ઘટના પછી પરિવારમાં સાધુ-સંન્યાસીઓનું આવવું અને સુખદ, પરંતુ વિલક્ષણ ઘટનાઓ બનવાનું બંધ થઈ ગયું.

શરૂઆતના ત્રણ-ચાર વર્ષ બાળલીલાઓ અને પોતાના બાળકના હાથ-પગ હલાવવાથી માંડીને તોતડી ભાષામાં બોલતા જોઈને માતા-પિતાના પ્રસન્ન થવામાં વીતી ગયા. શ્રીરામના જન્મ પછી અઢી-ત્રણ વર્ષ પછી પરિવારમાં એક બીજી કન્યા પણ આવી. નામ રાખવામાં આવ્યું કિરણદેવી. કાળક્રમે બીજી બહેન પણ આવી હતી તેનું નામકરણ મોટાભાઈના નામ વડે જ રાખવામાં આવ્યું - રામદેવી. બહેનના જન્મ પછી માતાનું ધ્યાન થોડુંક વહેંચાઈ જવાનું જ હતું. અત્યારસુધી ભોજન બનાવવાથી માંડીને પૂજા-પાઠ કરવામાં અને આવનારાઓની દેખભાળ રાખવામાં પણ માંની નજર દિકરા પર જ રહેતી હતી. માં પોતાના પુત્રને પિતા અને પરિવારના બીજા સભ્યોના ભરોસે ઓછું જ છોડતાં હતાં. જન્મના સમયે સંન્યાસીઓનું આવવું અને એમના દ્વારા કહેવાયેલી ચિત્ર-વિચિત્ર વાતો તાઈજીના મન-મસ્તકમાં ગૂંજયા કરતી હતી. એમને અજાણી રીતે ભય રહેતો હતો કે કોઈ સંન્યાસી પોતાનો પડછાયો શ્રીરામ પર ન નાંખે. કિરણદેવીનો જન્મ થયો તો તાઈજીએ બીજા લોકો પર વિશ્વાસ કરવો પડયો. આ બાબતમાં પણ તેમણે પુત્રને ફકત પિતાના જ હવાલે છોડયો. બેટીની સારસંભાળ સાથે તે શ્રીરામનું પણ પૂરેપૂરું ધ્યાન રાખતાં હતાં. પંડિતજી ઘેર ન હોય તો પુત્રને નવજાત કન્યા સાથે જ સુવાડતાં. પિતા બહારથી આવે ત્યારે એમની છત્રછાયામાં થોડી ઢીલ આપતાં હતાં.

(ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

જીવન નિર્માણ

# ભગવાનની કૃપા કઈ શરતોએ મળે છે

(૧૩-૪-૧૯૭૯ના રોજ આપેલું ઉદ્દબોધન)

(ગતાંકથી ચાલુ)

## આ અધ્યાત્મ સાચું નથી

મિત્રો ! અધ્યાત્મ એ ચીજનું નામ છે જે વ્યક્તિના વ્યક્તિત્વ અને સ્તરને ઊંચું ઉઠાવે છે. જે અધ્યાત્મ વ્યક્તિના વ્યક્તિત્વ અને તેના સ્તરને નીચું પાડતું હોય તેને હું અધ્યાત્મ માનતો નથી. તેની બાબતમાં હું બહુ જ નારાજ છું. આથી દરેક ક્ષેત્રમાં હું બળવો કરું છું, હું જયાં અનૈતિકતાની વિરુદ્ધ બળવો કરું છું, જયાં અનિચ્છનીયતાઓ વિરુદ્ધ બળવો કરું છું, ત્યાં હું આ નકલી અધ્યાત્મની વિરુદ્ધ પણ બળવો કરું છું. તો પછી આપ કોમ્યુનિસ્ટ છો ? કોમ્યુનિસ્ટ તો નથી બેટા, પરંતુ હું કોમ્યુનિસ્ટની વાતને સમર્થન આપતાં કહી શકું છું કે અનિચ્છનીય અધ્યાત્મ જે આજે દરેક જગ્યાએ ફેલાઈ ગયેલ છે, તે જો નાશ પામે તો આપને દુઃખ થશે ? ના, મને પ્રસન્નતા છે. આપનું આ અખંડ કીર્તન બંધ થઈ જાય તો આપને નારાજગી છે ? ના, મને કોઈ નારાજગી નથી, મને ખૂબ પ્રસન્નતા છે. આ ક્યાં મંદિર, જાત-જાતની દેવીઓના મંદિર પડી જાય તો આપને નારાજગી છે? ના, બેટા મને ખૂબ ખુશી છે. મનસા દેવી, જે આપની આશાઓને, આપની ઈચ્છાઓને કોઈ કિંમત ચૂકવ્યા વગર આપવા માંગે છે, ફક્ત પંદર પૈસાનો પ્રસાદ ખાઈ લો અને અમારી આશાઓ પૂરી કરી દો, બેટા, હું આપની આવી મનસાદેવીથી ખૂબ નારાજ છું.

આપ શું કહો છો ? બેટા ! હું એમ કહું છું કે આપ અનૈતિક આચરણ પેદા કરો છો. આપ લોકોને ભિખારી બનાવો છો અને આપ લોકોને ગરીબ બનાવો છો. આપ લોકોને એવાં ખોટાં આશ્વાસન આપો છો, જે આપે ન આપવાં જોઈએ. જે આપને શોભતાં નથી અને લેનારાઓને પણ શોભતાં નથી. બંનેયને શોભતાં નથી કેમ કે માનવતા માટે જે બેઝિક સિદ્ધાંત છે, ફંડામેન્ટલ સિદ્ધાંત છે તેનો આપ નાશ કરી રહ્યાં છો તેથી આપ ભાગી જાઓ.

મિત્રો ! શું કરવું જોઈએ ? હું કહી રહ્યો હતો કે આધ્યાત્મિકતાના મૌલિક આધારોનું સમર્થન થવું જોઈએ, જેથી તેનાથી આપણાં પૂર્વજો જેવો વાસ્તવિક ફાયદો આપણે ઉઠાવી શકીએ. આપણાં પૂર્વજોએ આધ્યાત્મિકતા વડે દરેક ક્ષેત્રમાં શાનદાર ફાયદો ઉઠાવ્યો હતો. તેમનાં વ્યક્તિત્વ ખૂબ શાનદાર રહેતાં હતાં. હું આપને એક વાત જણાવું છું કે આપ જે વસ્તુની ઈચ્છા રાખો છો, જે સુવિધાઓ આપ ઈચ્છો છો, જે સંપત્તિઓ આપ ઈચ્છો છો, તે બધું જ સારા વ્યક્તિત્વની પાછળ-પાછળ ચાલી આવે છે. પ્રકાશની પાછળ પડછાયો સદાય ચાલે છે. આપ પ્રકાશ તરફ મોં રાખીને ચાલો, પડછાયો તમારી પાછળ ચાલશે અને આપ પડછાયા તરફ ચાલશો, પડછાયા બાજુ મોં રાખી ભાગશો તો પ્રકાશ પણ હાથમાંથી ચાલ્યો જશે અને પડછાયો પણ પકડમાં નહીં આવે. આપ પોતાના વ્યક્તિત્વને ઊંચું ઉઠાવો.

## સાચું અધ્યાત્મ શું છે ?

મિત્રો ! આધ્યાત્મિકતાનો ઉદ્દેશ્ય હતો, વ્યક્તિના વ્યક્તિત્વને ઊંચું ઉઠાવવું, ચિંતનને સાચું કરી દેવું, દૃષ્ટિકોણને સુધારી નાંખવો. આ બધું જો કોઈ વ્યક્તિ કરી શકે તો ? ત્યારે હું કહીશ કે જીવનમાં વાસ્તવિક અધ્યાત્મ આવી ગયું. વાસ્તવિક અધ્યાત્મ મેળવ્યા પછી આપ એવી વસ્તુઓ મેળવશો જે આપને મળવી જોઈએ. માંગશો તો પણ મળશે, માંગ્યા વગર પણ મળશે. આપે મહાપુરુષોના નામ નથી સાંભળ્યાં ? આપ એ મહાપુરુષોનો ઈતિહાસ તપાસો જેમને જનતાએ ન્યાલ કરી દીધા છે. માંગવાથી ? ના માંગ્યા વગર જ ન્યાલ કરી દીધા હતા. ગઈકાલે હું ગાંધીજીનું ઉદાહરણ આપી રહ્યો હતો. બુદ્ધનું ઉદાહરણ આપી રહ્યો હતો. જનતાની વાત કરું ? હા, જનતાની વાત કરીશ અને ભગવાનની વાત પણ કરીશ. દરેકની વાત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરાશ. હુ કહાશ ક જા આપનુ વ્યાક્તત્વ અન આપનુ આંતરિક મન સાચ્ચે જ, વાસ્તવિક રૂપે પાત્રતાભર્યું છે તો આપને ત્રણેય બાજુથી મદદ મળશે. કેમ સાહેબ, એક બાજુથી કે ત્રણ બાજુથી ? આપ એક બાજુથી માંગો છો, પરંતુ હું ખાતરી આપું છું કે ત્રણેય બાજુથી આપને સહાયતા મળશે અને આપ ન્યાલ થઈ જાવ એટલી વધારે સહાયતા મળશે.

સાથીઓ ! આપ શું ઈચ્છો છો ? અમે તો એમ ઈચ્છીએ છીએ કે દેવતાઓની સહાય મળે. એમ તો નથી ઈચ્છતા કે પડોશીની મદદ અમને મળે ? ના, એવું તો નથી ઈચ્છતા. તેઓ શું મદદ કરશે ? પાડોશી સાથે તો આપણને ઝગડો છે, તે આપણને સહાયતા નહીં કરે તો બીજે ક્યાં માંગીશું ? પિતાજી પાસે ? ના, પિતાજી પણ અમારાથી નાખુશ છે, તે નહીં આપે. તો ભાઈ પાસે માંગી લો. ના, ભાઇએ પણ ના પાડી દીધી છે. તો પછી પોતાના સાળા પાસે માંગી લો, કહો કે અમે તો તમારા બનેવી છીએ. એકવાર અમે પણ સાળાને કહ્યું હતું કે અમને પૈસાની તંગી છે, અમને બે હજાર રૂપિયા મોકલી આપો. સાળાએ કહ્યું કે, અમે આપી શકીએ તેમ નથી, અમે તમારા કરતાં પણ વધારે તંગીમાં છીએ. અમારી પાસે નથી. કોઈએ ન આપ્યા. બીજું કોઈ બાકી રહી ગયું છે? ના, બીજું કોઈ નથી. બધાએ અમને ના પાડી દીધી. એક પણ વ્યક્તિ અમને મદદ કરવા તૈયાર નથી. હવે તો એક જ બાકી રહી ગયા છે. જેનું નામ છે 'દેવતા'. આપણે તેમની પાસે પ્રયત્ન કરવો જોઈએ.

પ્રયત્ન કેવી રીતે કરીશું ? અનુષ્ઠાન કરીશું. ઓહ... તેઓ અનુષ્ઠાન વડે પકડમાં આવશે. સાચેસાચું કહેજો, દેવતાઓ પાસે પ્રયત્ન કરવો એનું નામ જ અનુષ્ઠાન છે ? શું પ્રયત્ન કરીશું ? અમારી બદલી કરાવી દો. અમે ત્યાં સુપ્રિન્ટેન્ડન્ટને વાત કરી તો એમણે કહ્યું કે ૫૦૦ રૂ. આપી દો, તો અમે તમારી ટ્રાન્સફર કરાવી દઈશું. આપે પછી કમિશ્નર પાસે પણ પ્રયત્ન કર્યો હશે, પરંતુ ટ્રાન્સફર ન થઈ. હવે કોણ બાકી રહી ગયું છે ? એક જ વ્યક્તિ બાકી રહી ગઈ છે - દેવતા. દેવતા બદલી કરાવે છે ? હા સાહેબ ! દેવતાના હાથમાં બધું જ છે. તો શું દેવતાજી આપની પાસે શું બદલી કરાવવાનો વિભાગ છે ? ના, સાહેબ ! અમારા હાથમાં બદલી નથી. આપ શું કામ કરો છો ? અમે કામ પાર પડાવવામાં નથી જતા, બદલીમાં અમારું કોઈ કામ નથી.

## આ દેવી-દેવતા આપણને શું આપશે ?

મિત્રો ! આપ દેવતાઓ પાસે પણ એવું કામ કરાવવા માંગો છો, જે બિચારા દેવતાઓ કરી શકતા નથી. આવું કામ કરવું તેમના કાબૂમાં નથી અને તેમના કાર્યક્ષેત્રમાં પણ નથી હોતું, શું કાબૂમાં નથી હોતું ? હનુમાનજી પાસે આપ આશા રાખો છો કે અમારું લગ્ન થઈ જાય અને અમારાં છોકરાઓને પણ બાળકો થઈ જાય. એકવાર અમે હનુમાનજીને પૂછ્યું, કેમ સાહેબ ! આ આપનું ખાતું છે કે જ્યારે કોઈનું લગ્ન ન થાય તો આપ જઈને લગ્ન કરાવો છો. પછી અમે પૂછ્યું કે કોઈને બાળકો ન હોય તો તેને બાળક પેદા કરાવવાનો ઈજારો પણ તમારી પાસે છે. હનુમાનજીએ જવાબ આપ્યો કે આચાર્યજી! આપમાં તો સમજદારી છે, આપ તો ભણેલાં છો અને સારી રીતે જાણો છો કે જે કામોમાં અમારી કોઈ દખલ નથી, કોઈ કાબૂ નથી તેને ભલા કેવી રીતે કરી શકીએ. જો લગ્ન કરાવવા લાયક બળ અમારામાં હોત તો અમારું લગ્ન પણ થઈ ગયું હોત. અમારું લગ્ન કોઈએ ન કરાવ્યું. નાઈ પણ આવ્યા, પંડિત પણ આવ્યા. તેમણે કહ્યું, શું સાહેબ આપ મારી દીકરી સાથે લગ્ન કરી લેશો ? ના, હું લગ્ન નથી કરતો.

હનુમાનજીએ કહ્યું, ''રામ કાજ કિન્હે બિના મોહિ કહાં વિશ્રામ'' રામકાજમાં રચ્યોપચ્યો રહું છું. ન કોઈ ખેતી છે, ન નોકરી, ન ધંધો, ન ઘર, ન સ્કૂટર, કાંઈ જ મારી પાસે નથી. આથી સૌ ચાલ્યા ગયા. એક પણ લગ્ન માટે તૈયાર ન થયા, ગુરુજી ! આપને તો ખબર છે અમારું લગ્ન કોઈની સાથે નથી થયું. હા, મને ખબર છે - આપનું લગ્ન નથી થયું. તો પછી આપ જ બતાવો કે કુંવારાઓને હું કેવી રીતે મદદ કરી શકું ?


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પછી મેં પૂછ્યું કે લગ્ન નથી થયું તો બાળબચ્ચાંવાળાઓને મદદ કરો, કારણ કે તેઓ કહે છે કે તેમને ત્રણ છોકરીઓ છે, એક-બે છોકરાં થઈ જાય તો સારી વાત છે. આપ એમને મદદ કરો. હનુમાનજીએ કહ્યું એ અમારું કામ નથી, આપ મને નકામા હેરાન કરો છો. જ્યારે મારે જ બાળકો નથી તો આપને હું બાળક કેવી રીતે મોકલી શકું ? જો મને બાળકો હોત, તો તે હું તમને આપી દેત. ભગવાન શિવજી પાસે પ્રયત્ન કરીએ છીએ. મહાદેવજી ! અમને પાકું મકાન બનાવી આપો. મહાદેવજી તો સ્મશાનમાં રહે છે. તેઓની પાસે મકાન બનાવવા લાયક મૂડી હોત, તો પોતાના માટે જ બનાવી લીધું હોત. પહેરવા માટે કપડાં જ નથી, તો મકાન કેવી રીતે બનાવે ?

## પોતાની યોગ્યતા વધારો

મિત્રો ! મોં માથા વગરની વાતો, આધાર વગરની વાતો આપ કરતા રહેશો અને પાછળથી ફરિયાદો કરતા રહેશો કે અમારી મનોકામના પૂરી ન થઈ. ગઈકાલે હું આ જ વાત પર નારાજ હતો. આપને નિરાશા તો થશે, પરંતુ તેમ કરવાથી પાછળથી અધ્યાત્મ વિજ્ઞાન પર ખૂબ ખરાબ અસર પડશે. લોકો અધ્યાત્મવિજ્ઞાન પ્રત્યે નફરત કરતા થઈ જશે અને તેના પ્રત્યે આમ જનતામાં *જે શ્રદ્ધા હતી તે ખતમ થઈ જશે. શા માટે ? કારણ કે* આપની મનોકામના પૂરી નથી થઈ શકતી ? આપની મનોકામના પૂરી કરવા માટે બે શરતો છે. કઈ બે શરતો છે ? સાથીઓ, ભગવાને, દેવતાઓએ, ઋષિઓએ એકથી એક મોટી મનોકામના પૂરી કરી છે, પરંતુ તેની બે શરતો પૂરી કરવી પડી છે. એક તો વ્યક્તિની યોગ્યતા વિશેષ પ્રમાણમાં હોવી જોઈએ. આપને શું મળે છે ? હું તો સાહેબ પ્રાયમરી સ્કુલમાં માસ્તર છું. તો આપ ક્યાં સુધી ભણેલા છો ? મેં સાહેબ મેટ્રિક પાસ કર્યું છે અને પી.ટી.સી. પાસ કર્યું છે, તેથી મને ૨૫૦ રૂા. મળે છે. તો હવે આપ શું ઈચ્છો છો ? મને મોટી નોકરી મળી જાય. સારું તો આપ એક કામ કરો - આપ બી.એ. કરી લો, બી.એડ. કરી લો. વધારાની ડિગ્રીઓ લઈ પછી આપ મારી પાસે આવજો. હું પ્રયત્ન કરીશ. કોઈકને ભલામણ કરીશ અને આપને નોકરી અપાવી દઈશ. ના સાહેબ, બી.એ., બી.એડ. તો હું નહીં કરી શકું. આપ મને ૭૫૦ રૂા. પગાર આપી દો. બેટા, હું કેવી રીતે અપાવી દઉં, જેનો કાયદો-કાનૂન નથી, નિયમ નથી, તે કેવી રીતે કરાવી દઉં ?

મિત્રો ! વ્યક્તિએ પોતાની મનોકામના પૂરી કરાવવી હોય તો તેણે તેની યોગ્યતા વધારવી પડશે. આપ આપની યોગ્યતા વધારો. વ્યક્તિની જેટલી યોગ્યતા હોય છે, તેટલી જ તેની પ્રગતિ થાય છે, પૈસા મળે છે અને માન-સન્માન મળે છે. આપ યોગ્યતા નહીં વધારો તો કેવી રીતે આપને મદદ કરી શકાય. બીજી શરત છે -આપ આપનામાં પરિશ્રમની ટેવ વધારો. આપમાં પરિશ્રમની ટેવ ઓછી છે. આપે જેટલો પરિશ્રમ કરવો જોઈએ, જે સ્તરનો પુરુષાર્થ કરવો જોઈએ, તેટલો નથી કરતા. મનોયોગ અને શ્રમ બંને ભેગા કરવાથી પરિશ્રમની ગુણવત્તા વધે છે. આપ તેની ક્વોલિટી કેમ નથી બનાવતા ? ના સાહેબ, હું તો આઠ કલાક કામ કરું છું. આપના આઠ કલાક અઢી કલાક બરાબર હોય છે. આપ આઠ કલાક મનોયોગ સાથે કામ કરો તો તે દસ કલાક બરાબર થઈ જશે, અઠ્ઠાવીસ કલાક બરાબર થશે.

*મિત્રો ! 'એફિસિયન્સી' અર્થાત્ દક્ષતાનો પણ* ખ્યાલ રાખો. ના સાહેબ, અમે તો તેને 'સિનિયોરીટી' કહીએ છીએ. બેટા, સિનિયોરીટી જ કામ નથી કરતી, 'એફિસિયન્સી' પણ કામ કરે છે. આપ એફિસિયન્સી વધારો, થોડો પુરુષાર્થ વધારો, પછી અમે જોઈએ છીએ કે કોણ તમારો રસ્તો રોકે છે ? તમારી પ્રગતિ કોઈ રોકતું હોય, તો આપ રાજીનામું આપી દઈને અમારી પાસે આવી જજો. અમારી પાસે જે લોકો કામ કરે છે તે પૂરા શ્રમ અને મનોયોગ વડે કરે છે. તેઓ જે કામ કરે છે, પૂરા મનથી કરે છે. અમને ક્યાંક લગાવી દો. શું મળે છે આપને ? ૬૫૦ રૂા. મળે છે. સારું તો અમે તમને ૭૫૦ રૂા. અપાવીશું અને જગ્યા અપાવીશું, પરંતુ આપ તો પરિશ્રમની ક્વોલીટી નથી વધારતા, પોતાની યોગ્યતા નથી વધારતા અને મનોકામનાઓ લઈને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ફરો છો.

મિત્રો ! આ મનોકામનાઓ અવૈજ્ઞાનિક છે. અવૈજ્ઞાનિક વાતો ક્યારેય ટકશે ખરી ? અવૈજ્ઞાનિક વાતો ક્યારેય ટકી નથી અને ટકવાની પણ નથી. હું એ કહી રહ્યો હતો કે આપને જે શ્રેષ્ઠ ધંધો, વ્યવસાય જણાવ્યો છે, તે છે અધ્યાત્મ. અધ્યાત્મનો વ્યવસાય આના કરતાં વધારે ગૌરવશાળી, આના કરતાં વધારે ફાયદાકારક અને વધારે કીર્તિ અપાવનારો અર્થાત્ ત્રણ પ્રકારના ફાયદા કરાવનારો ધંધો બીજો એક પણ નથી. બીજા ધંધાઓમાં ફક્ત એક તરફનો જ ફાયદો થાય છે. ક્યો ફાયદો થાય છે. પૈસા મળી જાય છે, બીજો કોઈ ફાયદો કે ધંધો ? બીજો કોઈ ધંધો નથી. જેને આપ વ્યવસાય કહો છો તે ફક્ત એક જ ફાયદો કરાવે છે. અમે શું કરાવીએ છીએ ? બેટા, અમે આ પૈસાવાળા ધંધા, જે ગૌણ છે, બહારના વ્યવહાર સાથે સંબંધિત છે તેના સિવાય અમે ત્રણ ફાયદા કરાવી શકીએ છીએ. જે શિખવાડવા માટે તમને અહીં બોલાવ્યા છે તે અધ્યાત્મની બાબતમાં અમે જણાવી રહ્યા છીએ. તેના માટે અમે આપને અનુષ્ઠાન કરાવી રહ્યા છીએ. અમારા અધ્યાત્મને આપ સમજી લો પછી હું આપની ગાડી આગળ ચલાવું. આપ શું શિખવાડવા માંગો છો ? આપ સમજો તો ખરા. આપ તો રહેતા જ નથી. ક્યાં અમારી મનોકામના અને ક્યાં આ ભજન અને માળા. બેટા, એ વાત તો ખોટી છે.

## પહેલાં સાધના તો થાય

માળા અને મનોકામનાનો પણ સિદ્ધાંત છે અને તે સાચો હોય તો તેમાં હું એક બાબત ઉમેરવા માંગું છું. શું જોઈશે ? એક માળા. માળા વડે વ્યક્તિત્વનો વિકાસ. બીજું વ્યક્તિત્વના વિકાસના ફળસ્વરૂપ સાધના. આ તેનું ચક્ર છે. આપ સમજી ગયા હશો, આ એક ચક્ર છે. કેવું ચક્ર છે ? એમાં ત્રણ બાબતો સામેલ છે, સાધના પહેલી. સાધના સફળ છે, સાચી છે કે ખોટી છે. તેની સાથે વ્યક્તિત્વનો વિકાસ જોડાયેલો છે. વ્યક્તિત્વના વિકાસ પછી તે કરજો જેને અમે રિદ્ધિઓ, સિદ્ધિઓ કહીએ છીએ, સફળતા કહીએ છીએ. ના સાહેબ, ભજન કરવાથી સિદ્ધિઓ મળવી જોઈએ. ના બેટા, આપ ખોટી વાત કરી રહ્યા છો, ભજન કરવાથી સિદ્ધિઓ નથી મળી જતી. ના સાહેબ, અમારી તો આ જ ગણતરી છે. આપ ખોટું વિચારી રહ્યા છો. હું આપને પ્રાર્થના કરું છું કે આપ આ ખોટા વિચારને કાઢી નાંખો. ના સાહેબ, અમે તો કાઢી નહીં શકીએ. જપ કરવાથી પૈસા મળે છે. ના બેટા, જપ કરવાથી પૈસા મળતા હોત તો હિન્દુસ્તાનમાં જે એક લાખ કરતાં વધારે મંદિરો એવાં છે જયાં પૂજારી-નોકર રહે છે. તેઓ માલામાલ થઈ ગયા હોત. આપ એક લાખ પૂજારીઓનું મંડળ બેસાડી દો. સર્વે કરો અને તેનો રિપોર્ટ મંગાવો, પછી જુઓ શું હાલ છે ? આ પૂજારીઓમાંથી બધી જ વ્યક્તિ સામાન્ય મજૂર કરતાં , એલ.ડી.સી. ક્લાર્ક કરતાં, પ્રાયમરી સ્કુલ માસ્તર કરતાં ખરાબ હાલતમાં છે.

મિત્રો ! જે વ્યક્તિ આખો દિવસ વજન ઊંચકે છે અને રિક્ષા ચલાવે છે તેઓને એક ત્રાજવામાં રાખો અને પૂજારીજીને એક ત્રાજવામાં રાખો. જુઓ સાહેબ, શું વાત છે ? આપ સિનેમા પણ જુઓ છો, સિગરેટ પણ પીઓ છો, દિવસમાં છ કપ ચા પણ પીઓ છો. આપ કોણ છો ? આપ રિક્ષાવાળા છો અને આપ ? પૂજારીજી છો. અરે ! સિનેમા જુઓ છો? ના સાહેબ, સિનેમા અમારા ભાગ્યમાં ક્યાંથી આવે? શું સિનેમા જોવા જવાની ઈચ્છા થાય છે ? મન તો થાય છે, પરંતુ અમે કેવી રીતે જઈ શકીએ. આપની આ વાત અને તે વાત બધી જ ત્રાજવામાં તોલીએ તો ખબર પડે છે કે ન રિક્ષાવાળા ફાયદામાં છે, ન આ પૂજારીજી. શું વાત છે ? શું આપ સમજયાં નહીં ? ગેરસમજને શું કામ દબાવી રાખી છે ? ગેરસમજને હટાવી દો. હું આપને પ્રાર્થના કરીશ કે, જો આપના મનમાં આ ગેરસમજ છે કે ભજન અને માળાના ફળસ્વરૂપે સિદ્ધિ મળી જશે તો તેને કાઢી નાંખો.

તો શું કરીએ ? એમાં એક બાબત આપ વધારાની ઉમેરી લો તો વાત ઠીક થઈ જશે. શું ઉમેરી લઈએ ? સ્કુલમાં અભ્યાસ કરો અને અભ્યાસ પછી નોકરી કરો. ના સાહેબ, અભ્યાસની સાથે જ નોકરી મળી જાય તો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સારું છે. સારું બેટા તું સ્કુલે જઈશ ? હા સાહેબ, સ્કુલમાં અભ્યાસ કરવો પડશે. ગુરુજી એ તો મને ખબર જ નહોતી. સારું તો હવે અમે તમને જણાવી દઈએ છીએ, કલમ પકડો અને પી.એચ.ડી. થઈ જાવ. એક ખામી છે. શું ? કલમ પકડવાની સાથે સાથે ભણવું પણ પડશે. ગુરુજી ! અમે તો એમ જાણતા હતા કે જેના હાથમાં કલમ હોય છે, તે પી.એચ.ડી. થઈ જ જાય છે. બેટા, કલમ વડે પી.એચ.ડી. થાય છે એ તારી વાત સાચી છે, પરંતુ અમારી પણ એક વાત શું કામ સામેલ નથી કરતો કે, કલમની સાથે સાથે અભ્યાસ પણ કરવાનો અને તેના વડે લખવું પણ જોઈએ. શોધપત્ર લખવાની કિંમત હોય છે અને હોવી પણ જોઈએ.

## માત્ર ક્રિયા વડે પરિણામ નથી મળતું

ગુરુજી ! આ તો મોટી ગૂંચવણ ઊભી થઈ ગઈ. હા બેટા ! ઝગડો તો હતો જ. તું શું સમજતો હતો ? હું તો એમ સમજતો હતો કે આ બધી પ્રારંભિક બાબતો છે અને તેના વડે જ સફળતા મળી જાય છે. મૂર્તિકાર આપના હાથમાં છીણી અને હથોડી મૂકી દે અને કહે કે આ પથ્થરનો ટુકડો લઈ જાવ અને એમાંથી એક મૂર્તિ બનાવી દો. મૂર્તિ કેટલા રૂપિયાની હોય છે? બહુ જ કીમતી હોય છે. અમે જયપુરથી એક મૂર્તિ મંગાવી છે, તે ત્રણ હજાર રૂપિયામાં આવી છે. તે બનાવવામાં કેટલા રૂપિયાનો પથ્થર વપરાયો હશે ? હું માનું છું લગભગ પચાસ રૂપિયાનો પથ્થર હશે. આપ પચાસ રૂપિયાનો પથ્થર લઈ લો અને છીણી, હથોડી લઈ જાઓ. ઘસવા માટેની રેતી લઈ જાઓ અને મૂર્તિ બનાવી લાવો. આપને તો પથ્થર જ ન દેખાયો અને ઉપરથી છીણી અને હથોડી પણ તોડી નાંખ્યા અને પોતાની આંગળી પર પટ્ટી પણ બાંધી રહ્યા છો. આપે તો કહ્યું હતું કે અમે મૂર્તિ બનાવીશું, તો શું મૂર્તિ બની ગઈ ? ક્યાં બની ગુરુજી ! છીણી તૂટી ગઈ, હથોડી તૂટી ગઈ અને જુઓ અમારી આંગળીમાં વાગ્યું પણ છે. બેટા, મૂર્તિ ક્યાં ગઈ ? તેનું શું થયું ? ત્રણ હજારની મૂર્તિ તો મળી નહીં ? કેવી રીતે મળે ? મૂર્તિકળાનો અભ્યાસ એ એક અલગ બાબત છે.

મિત્રો ! આ શું છે ? આ એક ટેકનિક છે. મૂર્તિકળા છીણી હથોડીની મદદથી વિકસિત તો કરી શકાય છે, પરંતુ તેની પાછળ અભ્યાસ હોય છે ત્યારે મૂર્તિ બનાવવાનું આવડે છે. નિપુણ થયા પછી વ્યક્તિ દર મહિને હજાર રૂપિયા કમાઈ શકે છે. શું આના કરતાં ઓછું કમાય ? ના, આનાથી ઓછું ન કમાઈ શકે. ચિત્રકાર ચિત્ર બનાવે છે. કેટલામાં વેચાયું આ ચિત્ર ? ખૂબ ઊંચી કિંમતે વેચાયું. અમે અખંડજ્યોતિના કવરપેજની ડિઝાઈન બનાવડાવીએ છીએ. તેના માટે અમારે પાંચસો રૂપિયા આપવા પડે છે. ચિત્રકાર બે દિવસમાં બનાવી દે છે. ગુરુજી! આ તો સારો ધંધો છે. એક દિવસમાં ચિત્ર બનાવવાના અઢી સો રૂપિયા રોજ કમાઈ શકાય છે. આ ભાવમાં મહિનામાં તથા વર્ષમાં કેટલું કમાઈ લેવાય ? ગુરુજી ! હું તો એ જ કામ કરીશ. બેટા, કરી લે. તેના માટે કઈ કઈ વસ્તુઓ ભેગી કરવી પડે? કાગળ, બ્રશ, રંગ, લો બનાવો ચિત્ર. શેના માટે બનાવશો. અખંડજ્યોતિ માટે બનાવો. ગુરુજી ! આપ તો પાંચસો રૂપિયા આમ જ આપી દેશો, જુઓ ચિત્ર બનાવીને લાવ્યો છું. બેટા ! આ તેં શું બનાવ્યું? અમારો કાગળ પણ બગાડ્યો, રંગ પણ બગાડ્યા અને ગમે તેવી રેખાઓ જ દોરી લાવ્યો. ના બેટા, રેખાઓ નથી દોરવાની.

મિત્રો ! કાગળ કામમાં તો આવે છે, 'પરંતુ' એ પણ ધ્યાન રાખો કે કઈ ચીજ જોઈશે. અહીં એક બીજો શબ્દ વાપર્યો છે - 'પરંતુ'. એ શબ્દ એટલા માટે વાપર્યો છે કે ચિત્રકળાનો અભ્યાસ હોવો જોઈએ, જે લાંબા સમય પછી અને ઘણાં શ્રમ પછી સિદ્ધ થાય છે. ના સાહેબ! અમે તો આ ઝગડામાં નહીં પડીએ. તો શું કરશો ? અમે ક્રિયાના માધ્યમથી પરિણામ મેળવવાની ઈચ્છા રાખીશું. બેટા, તે તો સંભવ નથી, અસંભવ વાત છે, જેની સાથે માત્ર કલ્પના કરી રાખી છે. આપ આ અસંભવની પાછળ દોડશો તો આપને પરેશાની સિવાય, ચીડિયાપણા સિવાય, નિરાશા સિવાય કાંઈ જ હાથમાં નહીં આવે. અત્યાર સુધી આપ નિરાશ છો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને ભવિષ્યમાં પણ આપનો આ જ સિદ્ધાંત રહેશે, તો હું આપને શાપ આપું છું કે ભવિષ્યમાં આપને હંમેશાં નિરાશા જ મળશે. સફળતા ક્યારેય મળશે નહ્ર.

## સાધના કોઈ શોર્ટકટ નથી

સાહેબ ! આપ શાપ શું કામ આપો છો ? એટલા માટે આપું છું કે આપ જે સિદ્ધાંત પર ચાલીને ત્યાં સુધી પહોંચી શકો છો, તે સિદ્ધાંતને આપ સમજતા નથી. તે સિદ્ધાંતને સ્વીકારતા પણ નથી. બેટા, આ 'નેશનલ હાઈવે' છે, રાજમાર્ગ છે. સાધના કોઈ શોર્ટકટ નથી. કોઈપણ ક્ષેત્રમાં કોઈ શોર્ટકટ રસ્તો નથી. આપ એમ.એ. પાસ થવાનો શોર્ટકટ બતાવો. બેટા, મને તો ખબર નથી. અમે તો જેઓને જોયા છે તેઓ ભણે છે અને ક્રમમાં દરેક વર્ષે ફી આપે છે, સારું મુંબઈ જવાનો શોર્ટકટ બતાવો. મુંબઈ જવાનો શોર્ટકટ એ જ છે બેટા, કે પેલી તરફથી કોટા થઈને જાવ અથવા ભોપાલ થઈને નીકળી જાવ. કેટલું ભાડું લાગે છે ? એ જ આશરે સો-દોઢસો રૂપિયા ટિકિટના થતા હશે. ના સાહેબ ! કોઈ શોર્ટકટ રસ્તો બતાવો, જેથી આટલી મુસાફરી પણ ન કરવી પડે, પૈસાનો ખર્ચ પણ ન કરવો પડે અને હું મુંબઈ પણ પહોંચી જાઉં. ના બેટા, એવો કોઈ શોર્ટકટ રસ્તો નથી.

મિત્રો ! આપે અધ્યાત્મ એટલે શોર્ટકટ એમ માની લીધું છે. બેટા, તું શું ઈચ્છે છે કે મુંબઈ પહોંચી જાઉં. હા, ગુરુજી, એવો ચમત્કાર બતાવો, જાદુ બતાવો કે અમે પાંચ મિનિટમાં મુંબઈ પહોંચી જઈએ અને પૈસાનું ખર્ચ પણ ન કરવું પડે. આંખો બંધ કરતાં જ મુંબઈ આવી જાય. બતાવો, આપને એવો ચમત્કાર આવડે છે. હા,મને આવડે છે. સારું, તો આપ કેટલા સમયમાં પહોંચાડી દેશો ? તું કેટલા સમયમાં પહોંચવા માંગે છે. હું તો તને પાંચ મિનિટમાં મુંબઈ પહોંચાડી દઈશ. સારું, પાંચ મિનિટમાં, તો આપ એટલા મોટા યોગી છો ? તું પહેલાં ઊભો તો થા, પછી જો પાંચ મિનિટમાં પહોંચાડું છું કે નહીં ? સારું, એક કામ કર. આંખ પર એક પટ્ટી બાંધી લે. જો પટ્ટી ન બાંધવી હોય, તો આંખો પર હાથ મૂકી દે, જેથી રસ્તાની મુસાફરી તને દેખાય નહીં. હું જ્યારે કહું ત્યારે એક પગ ઉઠાવવાનો, પછી બીજો પગ ઉઠાવવાનો. જ્યારે હું કહું એક, બે, ત્રણ - આંખ ખોલ, આવી ગયું મુંબઈ. ગુરુજી ! હું તો અહીંયા જ ઊભો છું. અરે ! જો આ લખેલું છે મુંબઈ. ગુરુજી આપ તો અમારી સાથે મજાક કરો છો.

મિત્રો ! આપ પણ અધ્યાત્મ સાથે શું કરો છો ? મજાક અને મશ્કરી અને તે પણ કેવી કરો છો ? આપ પ્રચાર કરો છો કે અમુક મંત્રના જપ કરશો તો પૈસા કમાશો. આપ ભગવાન સાથે મશ્કરી કરો છો. સિદ્ધાંતો, આદર્શો સાથે મશ્કરી કરો છો અને પ્રાચીનકાળની ઋષિ પરંપરા સાથે મજાક કરો છો. આ બધું આપને કોણે કહ્યું હતું ? સાહેબ, એક બાબાજીએ કહ્યું હતું. એ બાબાજીને માર્યો નહીં ? ના સાહેબ. સારું હવે પછી આવે તો તેનો કાન પકડી લેજો અને કહેજો કે ખોટી વાતો જણાવી રહ્યો છે. મિત્રો ! શું જણાવવું જોઈતું હતું ? એવી બાબતો જણાવવી જોઈતી હતી, જે ગૌરવશાળી અધ્યાત્મની વાતો માટે મેં આપને બોલાવ્યા છે. જેના માટે હું આપને અનુષ્ઠાન કરાવવા માંગું છું. જેના માટે હું ઈચ્છુ છું કે આપ એ સિદ્ધાંતોના જાણકાર બની જાઓ. આપ સિદ્ધાંતોના જાણકાર થઈ જશો તો પછી વિધિ બતાવવામાં મને વાર નહીં લાગે. વિધિ તો ખૂબ જ સરળ છે, જેવી રીતે ઓપરેશન કરવું ખૂબ સરળ હોય છે. મોતિયાબિંદુનું ઓપરેશન કેટલી મિનિટ લે છે, વધુમાં વધુ એક મિનિટ લાગે છે. એક મિનિટમાં ડોક્ટર ચીરો મૂકીને ખટ્ કરતાંક ગાંઠ કાપીને અલગ કરી નાંખે છે. શું સાહેબ ! આપ એક મિનિટમાં ઓપરેશન શિખવાડી દેશો ? હા, બેટા અમે શિખવાડી દઈશું, પરંતુ પહેલાં સાત વર્ષ સુધીનો મેડીકલનો અભ્યાસ કરવાની સાથે સાથે તારે પ્રેક્ટીસ પણ કરવી પડશે. ત્યાર પછી અમે તને જણાવશું.

(વધુ આવતા અંકમાં)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# આ પાર કે પેલે પાર

પરમ પૂજ્ય ગુરૂદેવે લખ્યું છે-"યુગ નિર્માણ પરિવારમાં અસાધારણ ઉચ્ચ સંસ્કારોથી સંસ્કારિત આત્માઓ છે. તેમને પ્રયત્નપૂર્વક શોધી અને પરિશ્રમપૂર્વક એક ટોપલીમાં સંગ્રહ કર્યો છે. તે જ અમારું પરિવાર છે એનાથી નવ નિર્માણની ભૂમિકા સંપાદન કરવાની, આગળનો મોરચો સંભાળવાની અમારી આશા ખોટી નથી. તેની પાછળનું એક તથ્ય એ છે કે ઉચ્ચ આત્માઓ ગમે તેવા મલિન આવરણમાં કેમ ન છૂપાઈ જાય, સમય વખતે પોતાનું સ્વરૂપ અને કર્ત્તવ્ય સમજી લે છે અને દૈવી પ્રેરણા તથા સંદેશને ઓળખી સામયિક કર્ત્તવ્યોની પૂર્તિમાં વિલંબ નથી કરતા.

આ એક સ્પષ્ટ સચ્ચાઈ છે કે આપણા વ્યાપક પરિવારમાં અમે વીણી-વીણીને, ગણી-ગણીને, પારખી-પારખીને મણિ-મોતી શોધ્યા છે અને તેમને એક શૃંખલામાં ગોઠવ્યા છે. જેમની પૂર્વ તપશ્ચર્યાઓ ઉચ્ચ અને ભાવનાઓ પવિત્ર હતી, તે અમારી સાથે હતા, તેમને અમે ઓળખીએ છીએ, તે ભલે ભૂલી ગયા હોય. આમ તો તેઓ પણ ભૂલ્યા નથી, અચાનક જ આત્મીયતા ઉભરાતી જોઈ વિચારતા તો તે પણ એ છે કે સામાન્ય પરિચયથી કોઈ વિદ્વાન સાધક તથા સુધારક સાથે તેમની ઘનિષ્ઠ આત્મીયતા એકાએક નથી ઉભરાતી જેમકે તેમના મનમાં અમને જોતાં જ ઉમંગતી-ઉભરાતી. આશ્ચર્ય તો તેમને પણ થાય છે કે આ સસાધારણ ભાવ પ્રવાહ અને લાંબી ઓળખાણવાળી ભાગતી આત્મીયતા તથા વિશ્વસનીયતાનું કારણ કંઈક તો હોવું જોઈએ. નિશ્ચિત આ બધું ફોગટનું નથી.

અમે એકાંકી પ્રેમ કરવાનું શીખ્યા છે. પ્યાર કર્યો તો સદા માટે નીભાવ્યો. વાત-વાતમાં મૈત્રી વાત-વાતમાં ઉપેક્ષા અને વાત-વાતમાં લડાઈ કરવી અમને આવડતી નથી. કોઈએ અમારું અહિત કર્યું હોય કે ઠેસ પહોંચાડી હોય, તો તેની ખરાબ પ્રતિક્રિયા લેશ માત્ર પણ નથી. અમિટ રેખાઓની માફક સ્વજનોની સદ્‌ભાવનાઓ, સહકારિતા, શ્રધ્ધા અને આત્મીયતા જ સ્મૃતિ પટલ પર જામેલી છે, જે રહી-રહીને, ઉઠતી-ઉમંગતી રહે છે.

આપણા વિશાળ પરિવારમાં સાચી આત્મીયતાનો કેટલો અંશ હાજર છે, એ જાણવાની ઈચ્છા થાય છે. અમારી આત્મીયતાની એક જ કસોટી છે કે અમારું દર્દ કોની-કોની નસોમાં કેટલી માત્રામાં ભરાયું અને અમારી આગની કેટલી ચિનગારીઓ કેટલા અંશોમાં કોના કલેજામાં કેટલી સળગવા લાગી. કોણે અમારા પ્રાણોથી સીંચેલ સંગઠનને મજબૂત બનાવવાનો સંકલ્પ લીધો. કોણ સ્વાર્થ અને અહંકારનું બલિદાન કરી આ સંગઠન માટે સમર્પિત થયા. આ સવાલ આપણા પ્રત્યેક પરિજન માટે છે. અમે આપણા આ સ્વજન સહચરોને તેમના સામયિક તથા અનિવાર્ય કર્ત્તવ્યોમાં સંલગ્ન કરવા માટે ખાસ પ્રેરણાને ફળીભૂત થતી જોવા માંગીએ છીએ."

ગાયત્રી તપોભૂમિની સુવર્ણ જયંતી પર આ ગાયત્રી જયંતી આપણા માટે પૂજ્ય ગુરુદેવના ઉપરોક્ત વિચારોને ગંભીરતાપૂર્વક આત્મચિંતન કરી આચરણમાં લાવી તેની આકાંક્ષાઓની પૂર્તિમાં પૂજ્ય ગુરુદેવના પ્રેમ સંબંધોને નિભાવવાની અને તેમના બનાવેલ સંગઠન પ્રત્યે સતત નિષ્ઠાનો સંકલ્પ લઈ તેને પ્રાણપણથી નિભાવવા માટે આવી છે. શ્રધ્ધેય પૂજ્ય પંડિતજીના 'અંતઃકરણમાં પૂજ્ય ગુરુદેવની બેચેનીઓ નિરંતર એક પીડા પેદા કરતી રહે છે. તે પણ પૂજ્ય ગુરુદેવે છોડેલ કાર્યોને મજબૂત ખભા પર સુપ્રત કરી પૂર્ણ કરવા માંગે છે. મહાકાળની પ્રેરણાથી સુવર્ણ જયંતી વર્ષ મનાવવા માટે ગાયત્રી જયંતીથી એક વર્ષનું અભિયાન શરૂ કરવામાં આવી રહ્યું છે. તેની પૂર્ણાહુતિ ૧૦ જૂન ૨૦૦૩ ના થશે.

હાલના દિવસોમાં પતન અને પરાભવની વિપન્નતાને વધારવામાં નિરંતર શ્રેષ્ઠ લોકોની બહુતા, પ્રબળતા થવાનું આંકલન ખોટું નથી. તો પણ એ નથી સમજાવી શકાતું કે માનવીય ગરિમાને કેળવવા, સુરક્ષિત રાખી શકનાર દેવ માનવોનો બધે જ અભાવ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થઇ ગયો છે, રહે છે અને રહેશે નહીંતર આ ધરતી રસાતળ થઈ જશે. ભાવિ નવસૃજન માટે આવા જ ઉચ્ચ આદર્શવાદિઓની જરૂર પડશે. તેમના પ્રયત્ન-પુરુષાર્થથી, પુણ્ય-પુરુષાર્થથી સમયને બદલી અને વાતાવરણને શ્રેષ્ઠતા યુક્ત બનાવી શકાય છે. તેને શોધવા, સંગઠિત તથા સુશિક્ષિત કરવા, પોતાના સમયની સૌથી મહત્ત્વની જરૂર છે. જેના માટે પડેલાને ઉઠાવવા અને ઉઠેલાને આગળ વધારવા સ્વાભાવિક વિષય બની ગયો છે, તેમને નવયુગના અગ્રદૂત, નવ સૃજનના કર્ણધાર કહેવામાં આવ્યા છે. આજે આવા જ કર્ણધારોને શોધી સંગઠિત કરી સાધના તથા સંગઠન સશક્તીકરણ વર્ષને સફળ બનાવવા માટે બનતો પ્રયાસ આપણે કરવાનો છે. સુવર્ણ જયંતી વર્ષમાં પ્રત્યેક સક્રિય ભાઈ-બહેને આ પુનીત કાર્યમાં પૂર્ણ મનોયોગ સાથે લાગી જવાનું છે.

પરિસ્થિતિઓએ દરેક વિચારશીલને પોકાર્યા છે કે તે આગળ આવે, સૂતેલાને જગાડે અને વિપત્તિઓથી બચવા માટે પરિવર્તનનો ઉપાય સૂઝાડે. જે લાંબી ચાદર તાણીને સૂઈ રહ્યા છે, ખુમારીની તળેટીમાં જેમને દુનિયાદારીનું ભાન જ નથી તેમને તો કોઈ શું કહી શકે ? તકલીફો તો સમજદારોની છે.

તે પણ સમય રહેતા ચેતવામાં ઉપેક્ષા બતાવે તો સમજી જવું જોઈએ કે આશાનો ટમટમતો દીપક પણ બૂઝાઈ ગયો. ભલે આખું ગામ, મહોલ્લો સૂતા રહે પણ પ્રહરીએ તો જાગવું જ જોઈએ. છૂપી નજરે જોનારા કરતાંય વધુ ટીકા તેમની થાય છે જે જાગવા છતાંય સંકટની ઘંટડી વગાડી ન શકે. સમયની સમસ્યાઓ સદાય આવા જ ધર્મ સંકટ ઉભા કરે છે. દૂરદર્શિતા અને સદ્ભાવના એ બંને વરદાન એવા છે, જે મળવાથી સહેજ જવાબદારી આવે કે તે વિપન્નતાને સહન કરે. તેને અણદેખી ન કરે. આગળ એવું સાહસ બતાવે, જેનાથી સંકટ ટળે અને સમાધાન થઈ જાય. વરિષ્ઠતાનું સૌભાગ્ય એનાથી ઓછામાં સાર્થક નથી થતું. સંકટમાં કર્ત્તવ્ય નિષ્ઠાથી પીઠ બતાવનારા સૈનિકોને કોર્ટ માર્શલનો ત્રાસ સહેવો પડે છે.

વરિષ્ઠો માટે માનવીય ગરિમા જ સર્વસ્વ છે. તેને જ્યારે જેણે અપનાવી છે, તેને ન યુગ ધર્મ નિર્વાહમાં મુશ્કેલી પડી કે ન પરિવાર નિર્વાહની સહેજ સમસ્યા ઉકેલવામાં કોઈ મુસીબતનો સામનો કરવો પડયો છે. હવે વરિષ્ઠોએ એ ફેંસલો કરી જ લેવાનો છે કે આ પાર કે પેલે પાર. વચ્ચેનો કોઈ માર્ગ જ નહીં. આનાથી ઓછામાં પોતાના માર્ગદર્શકથી કંઈક અપેક્ષા રાખે તો પણ તેને નિરાશ જ થવું પડશે. આપણે સૌએ આળસ પ્રમાદ છોડી સંગઠનને સુદઢ બનાવવામાં વધુમાં વધુ સમય આપી તન-મન-ધનથી લાગી જવું જ શ્રેષ્ઠ છે.

આપણા હાથો અને ઓજારોની અપ્રામાણિકતા આપણા માટે અસહ્ય છે. જે સાથીઓની સહાયતાથી આપણે નવયુગનું સર્જન કરવા ચાલ્યા છીએ જો તે જ ખોટા સિક્કા સિધ્ધ થશે, તો પછી તે કલાત્મક શિલ્પની સુઘડતા કેવી રીતે સંભવીત થશે. જેના માટે અમારું આખું જીવન ખપી ગયું.

પ્રત્યેક બુધ્ધિશાળી વ્યક્તિની વિશેષ કરીને યુગ નિર્માણ પરિવારના સદસ્યોની દૃષ્ટિ અયોગ્ય બાબત પ્રત્યે અત્યંત કડક રહેવી જોઈએ. જ્યાં પણ તે ઉછરી રહી હોય, જોર કરે ત્યાં તેના અસહયોગ તથા વિરોધ પ્રદર્શનથી લઈ દબાવ આપવા સુધીની પ્રતિક્રિયા ઊભી થવી જોઈએ. અયોગ્ય બાબત પ્રત્યે આપણામાંથી પ્રત્યેકમાં પ્રચંડ રોષ તથા આક્રોશ ભરેલો રહેવો જોઈએ. આટલી જાગરૂકતા વગર દુષ્પ્રવૃત્તિઓ રોકાશે નહિ. છૂપાવવા, સમાધાન કરવાથી સામયિક નિંદાથી બચી શકાય છે, પણ તેનાથી બગાડનું બીજ અંદરને અંદર ફળતું રહેશે અને આખા અંગને ઓગાળી નષ્ટ કરી દેશે. પાપને સહન કરતા રહેવાની નીતિએ જ સંસારમાં અધર્મને વધાર્યો છે.

ગાયત્રી તપોભૂમિના સુવર્ણ જયંતી વર્ષમાં કરવામાં આવી રહેલ કાર્યોનું માર્ગ દર્શન આપણે પાછલા લેખોમાં વાંચ્યું છે. બધા પરિજન આ અંક બે વાર ધ્યાનથી વાંચે. જે ભાઈ જે કાર્યક્રમમાં રૂચિ તથા સામર્થ્ય ધરાવતા હોય, તેમની કાર્યક્રમ વાર સૂચી બનાવો. ક્યા-ક્યા પરિજનોએ ગાયત્રી જયંતી પર કયું-કયું કાર્ય કરવાનો સંકલ્પ લીધો, તેની જાણકારી અમને મોકલે. આગળના અંકોમાં જે પરિજન આ કાર્યક્રમોને સારી રીતે ચલાવશે, તેમના સમાચાર પ્રેરણા-પ્રોત્સાહન માટે પ્રકાશિત થતા રહેશે. તેથી કરેલા કાર્યોની જાણકારી આપતા રહેશો.' ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**સુરત**–શ્રી રોકડીયા હનુમાનજી મંદિર સેવા સમીતી દ્વારા પાંડેસરા સુરત મુકામે સર્વ જ્ઞાની સમૂહ લગ્ન આયોજન તા. ૨૩-૪-ના રોજ કર્યું હતું જેમાં ૨૧ કન્યાઓ હતી જે લગ્ન પ્રસંગમાં સુરતના ગાયત્રી પરિવાર સંગઠનના પ્રમુખ શ્રી મોહનભાઈ શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ લગ્ન વિધિ સંપન્ન થઈ.

**નડીયાદ**–યોગીનગરમાં પંચાયત ભુવન પાસે સાંપ્રત પરિસ્થિતિમાં ગુજરાતમાં કોમી એકતા જળવાય અને સર્વત્ર શાંતિ સ્થપાય તે માટે વિશ્વ કલ્યાણની ભાવના સાથે શાંતિ ગાયત્રી યજ્ઞનું આયોજન યોગીનગરના પરિજન ભગુભાઈ રાવળ અને ગાયત્રી પરિજનો દ્વારા રાખેલ. સરપંચ સાહેબ તથા અન્ય અગ્રગણ્ય તેમજ ૫૦૦ ભાઈ-બહેનોએ સર્વત્ર ગુજરાતમાં શાંતિ સ્થપાય તેમજ વિશ્વ કલ્યાણની ભાવનાથી આવનાર વર્ષોમાં સૌને સદ્‌બુધ્ધિની પ્રાપ્તિ માટે દરરોજ ગાયત્રી મંત્રની ત્રણ માળાના નિયમિત રૂપે મંત્ર-જાપ કરવા માટે તેમજ વ્યસનોથી દૂર રહેવા માટે સંકલ્પિત કરવામાં આવ્યા.

વ્યાસપીઠ પરથી શ્રી રમેશભાઈ શર્માએ સરળ, સાત્વિક વાણીમાં સર્વત્ર શાંતિ માટે દરેક જ્ઞાતિ, કોમ, ધર્મના સમુદાયને ગાયત્રી માતા તથા પ. પૂ. મહાકાળ સદ્‌બુધ્ધિ આપે અને કોમી એકતા તેમજ ભાઈચારાની ભાવના જળવાય તે માટે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી.

**ભુજ**–ભુજ શહેરની ભાગોળે આવેલ અરિહંતનગરમાં (કેશવનગર) તાજેતરમાં વિવિધ ધાર્મિક ભક્તિસભર કાર્યક્રમ સાથે પંચકુંડી ગાયત્રી હવનનું વિશાળ જનમેદની હાજરીમાં આયોજન કરવામાં આવ્યું હતું, વિશાળ શમિયાળામાં અરિહંતનગર, મહાવીર નગર, જયનગર, શિવકૃપાનગર, સંસ્કારનગર તેમજ આજુબાજુની સોસાઈટીઓના ભાવિક ભાઈ બહેનોએ "સ્વાહા" ના નાદથી એકતા ભાઈચારા અને સમભાવના ભક્તિભાવ સભર દશ્યો ખડા કર્યા હતાં.

**ધોળકા**–પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન ધોળકા તાલુકામાં પહેલી વખત જ રાખવામાં આવેલ હોવાથી ગાયત્રી પરિવારના તમામ સભ્યોએ પ્રચાર ટોળી બનાવી તાલુકાના ગામડાઓમાં રૂબરૂ સંપર્ક કરી જનતાને પ્રજ્ઞા પુરાણ વિષેની જાણકારી આપી. કથામાં પધારવા હાર્દિક આમંત્રણ આપ્યું. જેના પરિણામ સ્વરૂપે શોભાયાત્રામાં ટ્રેક્ટરો તથા ખાનગી વાહનો સાથે જોડાઈ ગયા. શોભાયાત્રા એક કિલોમીટર લાંબી થઈ, જેમાં ૨૫૧ કળશધારી જવારા સાથે કુવારિકાઓએ ભાગ લીધો. પરણેલી બેનોએ ૧૫૧ પોથી માથે લઈ શોભાયાત્રાની શોભા વધારી. ભજન મંડળી, શહનાઈવાદકો તથા ઢોલ-નગારાના ગગનભેદી નાદથી ધોળકા શહેરનું વાતાવરણ ગુંજી ઊઠયું.

શોભાયાત્રામાં વ્યસનમુક્તિ આંદોલન અભિયાનનું સંચાલન પરિવાર સભ્ય શ્રી પ્રફુલ્લકુમારે કર્યું. જેમાં વ્યસન રૂપી રાક્ષસને દોરડાથી બાંધી શોભાયાત્રામાં મુખ્ય આકર્ષણ બનાવવામાં આવ્યો. વ્યસનોથી થતા નુકશાનના પોસ્ટરોથી પ્રભાવિત થઈ ઘણા લોકોએ વ્યસન છોડવાના સંકલ્પ લીધા. સાંજે પાંચ વાગે શોભાયાત્રા કથા મંડળમાં આવતાં કળશધારી બેનો તથા પોથી યજમાનોનું અક્ષત, પુષ્પથી સ્વાગત-અભિવાદન કરવામાં આવ્યું. પ્રજ્ઞા પુરાણ કથાનું રસપાન ડભોઈના કર્મનિષ્ઠ બહેન શ્રીમતી રશ્મીબેન પટેલ દ્વારા ભાવવાહી સુંદર સંગીતમય શૈલીમાં કરાવવામાં આવ્યું.

**ગામડી**–શ્રી ગાયત્રી શક્તિપીઠના સહયોગથી આણંદ તાલુકાના કરમસદ મુકામે ચાલીસ જૂથ વાળંદ કેળવણી મંડળ આયોજિત કડી સમૂહ લગ્ન સમારંભ શ્રી સંતરામ મંદિર કરમસદની પાવન ભૂમિ પર સંપન્ન થયો. જેમાં ૧૦ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડયાં. પ્રાતઃ સ્મરણીય શ્રી રામદાસજી મહારાજે યુગલોને આશીર્વાદ પાઠવ્યા હતા.

સમૂહ લગ્નોમાં ભાગ લીધેલ કન્યાઓને ગાયત્રી શક્તિપીઠ ગામડી તરફથી પ્રસાદી રૂપે સાડી ભેટ આપવામાં આવી હતી. પૂ. ગુરૂદેવની સૂક્ષ્મ હાજરી સન્મુખ રાખી પરિવ્રાજક રાજુભાઈ વ્યાસે પૂ. ગુરૂદેવનો ગૃહસ્થી ધર્મનો સંદેશ સમજાવી આશીર્વચન પાઠવ્યા હતા. દરેક યુગલને યુગ શક્તિ ગાયત્રી માસિકના સભ્ય બનાવવામાં આવ્યા હતા.

**જામનગર**–ગુજરાત રાજ્યના ગોધરા સહિતના અનેક શહેરોમાં આગજની, નરસંહાર તેમજ તોફાનોમાં અકાળે મૃત્યુ પામેલ કંઈક આશા ભરી વ્યક્તિઓના દિવંગત આત્માઓને શાંતિ આપવા માટે પરમ કૃપાળુ પરમાત્માની પ્રાર્થના સાથેના શાંતિપાઠનું આયોજન ગાયત્રી શક્તિપીઠ, જામનગરના ધ્યાન ખંડમાં તા. ૨-૩-૨૦૦૨ની સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમ્યાન ગાયત્રી પરિવારના તમામ પરિજનોની તેમજ ધર્મ પ્રેમી પ્રજાની હાજરીમાં કરવામાં આવ્યું હતું. જે વખતે સર્વ ધર્મ પ્રાર્થના સાથે ગાયત્રી મંત્ર અને મહામૃત્યુંજય મંત્રના સતત ઉચ્ચારણ કરવામાં આવેલ હતા તેમજ "મંગલ મંદિર ખોલો" વિગેરે પ્રાર્થનામય કાવ્યોના ગાન દ્વારા દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રાર્થનાઓ કરવામાં આવેલ.

**કાગવડ**–ગાયત્રી ગુરુકૂળ નિર્માણ હેતુ કાગવડ ગામે ૨૪ કુંડી 'ગાયત્રી યજ્ઞ' સંપન્ન થયો. જેમાં શોડષ સંસ્કાર અંતર્ગત લગ્ન સંસ્કાર, મંત્રદીક્ષા, નામકરણ સંસ્કારો સંપન્ન કરવામાં આવ્યા. હરિદ્વાર-'શાંતિકુંજ'ના પરિવ્રાજકો શ્રી જયંતીભાઈ અને શ્રી કિરણભાઈની ટીમ, ઉપરાંત કાગવડની દેવકન્યાઓ દ્વારા યજ્ઞ સંપન્ન થયો. ગોંડલના શ્રી ભરતસિંહે લગ્ન સંસ્કાર કરાવ્યા. આ પ્રસંગે ગામ ધૂમાડો બંધ રાખી, ભોજન-પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી હતી. 'રક્તદાન કેમ્પ'માં પરિજનોએ પોતાનું લોહી આપ્યું હતું. જેતપુરની બ્લડ બેન્કનું 'મોબાઈલ યુનિટ' સેવા આપતું હતું. સમગ્ર સૌરાષ્ટ્રમાંથી પાંચ હજાર પરિજનો ઉમટી પડયા હતાં. ગુજરાત રાજ્યના પ્રધાન શ્રીમતી જશુમતી બહેન કોરાટે પણ ઉપસ્થિત નોંધાવી હતી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દુનિયા જાણતી નથી

ઊંચા કે નીચે મૂલ્યોને જ્યારે કોઈ વટાવે ત્યારે નંધાય છે રેકર્ડ,
દુનિયામાં પ્રખ્યાત છે એવું એક ગીનીઝ બુક ઑફ વર્લ્ડ રેકર્ડ,
સખત પરિશ્રમથી સ્થાપ્યા આપે નવા મૂલ્યો કર્યા અનેક કામો,
દુનિયા જાણતી નથી અરે ! આપે કેટકેટલા વટાવ્યા છે વિક્રમો !
દુનિયા જાણતી નથી.......

વ્યાસ અને ગણેશજીએ ભેગા મળી લખ્યા અનેક પૃષ્ઠો,
પરંતુ આપે એકલા હાથે લખ્યા છે લાખો કિંમતી પૃષ્ઠો,
ન કોઈએ રચ્યા ન કોઈ રચશે ચાર હજાર જેટલાં શ્રેષ્ઠ પુસ્તકો,
વણનોંધ્યા આપના રેકર્ડને તોડવા વીતી જશે યુગોના યુગો.
દુનિયા જાણતી નથી.......

આપનાં ચોવીસ લાખના ચોવીસ ચોવીસ મહાપુરશ્ચરણો,
દુનિયાને બચાવવા જપતપ અને વળી કરાવ્યા લાખો યજ્ઞો,
ત્રણ વર્ષના ટૂંકાગાળામાં રચાવ્યાં ત્રણ હજાર ગાયત્રી મંદિરો,
તોડવા કોઈ સમર્થ નથી આપની વણનોંધી આ સિદ્ધિઓ.
દુનિયા જાણતી નથી.......

ડઝનેક ચમત્કારોથી કંઈ કેટલા થઈ બેઠા છે ભગવાનો,
ગુરૂદેવ ! દુનિયા જાણતી નથી આપના મૌન કરોડો ચમત્કારો,
આપની સૂક્ષ્મીકરણની સાધનાઓ અને ગૂઢ ક્રિયાકલાપો,
સૃષ્ટિને બચાવવા આપે સ્થાપ્યા અનેક અજ્ઞાત વિક્રમો.
દુનિયા જાણતી નથી.......

આવ નારો યુગ જ્યારે જાણશે આ બધી આવનવી વાતો,
ઈન્સાનરૂપે ભગવાનની જ્યારે જાણશે અનેક લીલાઓ,
માથું કુટીકુટીને રડશે આજના આ જડ કટ્ટરવાદીઓ,
પોતે જ કહેશે કે ગીનીઝ બુક ઑફ વર્લ્ડ રેકર્ડ ફરીથી લખો.
દુનિયા જાણતી નથી.......

–ડૉ. રણછોડભાઈ બી. પટેલ
ખેતીવાડી, આણંદ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.